આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક



આકાશચારી ગાંધર્વયુગલ

પશ્ચાદ્ભૂમાં વાદળની લયમધુર રેખા, ઊડતું વસ્ત્ર અને ગતિની તરલતા
સૂચવતા દેહવળાંકના ચિત્રસમ સુંદર સંયોજન વડે ગાંધર્વના ગગનોડ્ડયનને
જીવંત કરતું એક પ્રાચીન ભારતીય શૈલશિલ્પ

કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી

બચુભાઈ રાવત

સળંગ ૫૯૮મો અંક

સુવર્ણજયંતી-વર્ષ · અંક ૧૦ · ઑક્ટોબર ૧૯૭૩

કોઈ પણ દેશની કલા-
સંસ્કૃતિ ચરમ શિખરે
પહોંચતાં પૂર્વે એનાં અનેક
પાસાં પ્રકટાવતી નાની-
મોટી વ્યક્તિઓની
પૂર્વ-સાધના એનાં
પ્રેરણા અને નિર્વાહનનું
વાતાવરણ સરજે છે.
ગુજરાતની કલાના એવા
સાધક સમુદાયમાં
કલાકાર

રસિકલાલ પરીખની

ચિત્ર-સાધના

પણ
ગુજરાતના કલાવિકાસમાં
આવું જ એક
પ્રેરક બળ બની છે.
લયમધુર રેખાવટ અને
રંગાવટના આ લબ્ધ-
પ્રતિષ્ઠ કલાકારની
જીવનરેખા સાથે
એમનાં આઠ રંગીન
અને સોળ સાદાં ચિત્રો
સાથેનો સંપુટ કલાના
સાધકોને અનેક રીતે
પ્રેરણાદાયી છે.

કિં. ૬/- રૂપિયા

પ્રકાશક

કુમાર કાર્યાલય લિમિ.
૧૪૫૪ · રાયપુર · અમદાવાદ

કુમાર

ઑક્ટોબર ૧૯૭૩ · અંક ૫૯૮

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ.
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦; પરદેશ: રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ.૪ છૂટક નકલ: રૂ. ૧-૭૫





ફેનિલ કંઠાર] ફોટો · અશ્વિન મહેતા [કાશ્મીરી વિલો

એક તરફ પાછાં સરી ગએલાં દરિયામોજાંના ફીણથી આચ્છાદિત ભીનીભીની રેતી પરનો ઝળહળાટ, તો બીજી તરફ કાશ્મીરનાં વિલો વૃક્ષની ઘટા તળે ઊગી નીકળેલાં અસંખ્ય છોડને મળતી હૂંફ. બંનેમાં સૂર્યપ્રકાશની લીલા છે. એકમાં એ ખુલ્લા પટ પર છવાયો છે, બીજામાં સંતાયો છે. એકમાં તેજની તો બીજામાં છાયાની મઝા છે. બંનેનું આગવું આકર્ષણ છે. ફોટોગ્રાફરે એ જોયું છે—બતાવ્યું છે.



કેશ-સંમાર્જન (કૃ. કલ્યાણી મહેતા)
આકારની સપ્રમાણ સંયોજના અને રંગના સમાનભારથી પૂર્ણ ચિત્રાત્મકતા ભરેલું રંગચાકથી કરેલું એક સદ્યાલેખન.
(જુઓ આ અંકની કલાવાર્તા)



બીજું ઈનામ
બી. કે. પંચાલ (દાહોદ)



ત્રીજું ઈનામ
જગદીશ બિનિવાલે (અમદાવાદ)



પ્રથમ ઈનામ: મોહનકુમાર (મુંબાઇ)

ફોટોગ્રાફી-હરીફાઇનું પરિણામ

ભર્યાભાદર્યા પરિવારનો સંતોષ કે અસહાય એકલતા ભરેલાં વર્ષોના અનુભવોથી અંકિત મુખભાવ, ખખડી ગએલા કે ખુમારી ભરેલા વયસ્ક દેહની કરચલીઓ પરની તેજછાયાની વિવિધતા વગેરેથી વૃદ્ધાવસ્થાની ફોટોગ્રાફી માટે ઘણી તક છે. આ વિષયનાં સારી સંખ્યામાં ચિત્રો મળ્યાં, પણ એમાં વૃદ્ધ ચહેરાઓ જ વધુ છે. દૃષ્ટિ કેળવાય તો આ અવસ્થાનાં વિવિધ પાસાંને અનેક રીતે રજૂ કરી શકાય. ભાઈ મોહનકુમારના ચિત્રમાં એવો પ્રયત્ન છે. સ્ટેશનના બાંકડે પડેલા વૃદ્ધની પાછળથી આવતા પ્રકાશને પડછે છાયા-વિસ્તારમાં ઢળેલી દેહાકૃતિથી યોજાતું સંયોજન ચિત્રવિષયને વધુ ચોટદાર બનાવે છે. ભાઈ બી. કે. પંચાલના ચિત્રમાં (મથાળે) બાજુએથી આવતા પ્રકાશમાં તેજછાયાના સમતોલનથી વ્યક્ત થતી ચહેરાની બારીકી ચિત્રવિષયને ચિત્રાત્મક ઓપ આપે છે. ભાઈ જગદીશ બિનિવાલેના ચિત્રમાં વાર્ધક્યની સંતોષભરી લાક્ષણિકતા વ્યક્ત થઈ શકી છે.

—લેફ. કર્નલ બલવન્ત ભટ્ટ

આગામી હરીફાઇનો વિષય:
પશુ-પક્ષી
ફોટો મોકલવાની છેલ્લી તારીખ ૩૦મી નવેમ્બર

હવે તો આવવામાં જ / ઉશનસ્

-પૃથ્વી-

ઊઠો હરખી; વાયરો કશુંક કહે ગયો સાનમાં,
દીઠું ન હમણાં? હતા પવનના ચઢો તાનમાં.
કળાયું નહિ એટલું ય? ફૂંકી અર્ધું બેભાનમાં
કશુંક લવી એ ગયો પરણુપર્ણના કાનમાં!
સવારી અહીં આવવા નીકળી ચૂકી છે એમની,
પડી ખબર કે નહિ? ન સમજાયું કે એટલું?

વીતેલ મધરાતની અરવતા વિષે પાછલા
પહોરમહીં છાપરા પરથી કોણ ચાલી ગયું
હળુ પદથી દડ્બડી દદડી ફોરું ફોરા રૂપે
અચાનક જ? આંખ તો ઊઘડી'તી ય તે કે નહિ?

વળાઇં સડકો ગઇ'તી, ઝીણી ઝારી છંટાઈ'તી.
મળ્યા ખબર? સૌ કહે: ત્યહીં ઇશાનમાં સાંઢની
ખરીથી ખણી આંધીઓ ઊઠી છ, ઊઠી છે તાકૂકો;
જુઓ, કશીક સાન ચે ય, ઉતકંઠ સૌ ચાતકો.

નારા / ધીરુ પરીખ

·આવર્તિત સવૈયા·

અધરાતે ચૂએ છે કેવું
શતશત ધારે આભ!

પલળીપલળી વૃક્ષ થયાં સૌ પાણી;
ગગન આંબવા થનગનતા આ
નગર તણી લો
જલની જાદુઈ ચાદર નીચે
મળે નહિ એંધાણી.

નરી નીરવતા પાણી થૈને ખખડે,
અધગાંડો આ પવન થઈને પાણી
અહીંતહીં રખડે.

પથના દીવે ટપક ટપક ટપકે આ
ઝાંખું તેજ બનીને પાણી;
નોધારી કો પશુ-મુજારી
પાણી થઈ તણાણી.

અંધકાર પણ પાણી થૈ છવરાયો,
રસ્તે રસ્તો પાણી થૈ પથરાયો.

બારી અંદર ફોરું આવી અડકે
ખંડ તણી દીવાલો મધ્યે
ફ્રેવેફ્રેવું રક્ષિત તેના મહાભૂત તે
ગળી, અકેલા પાણી થઈને થડકે.

વિચારવાનો કયાં છે વારો?
તણાઈ ગ્યો હું ખુદ જે તારો!

ના ધરતી, ના આભ,
હવે તો નારા કેરી કહાણી,
ચોગરદમ બસ વિલસે છે એક પાણી!

અને... / ભગવતીકુમાર શર્મા

·ગઝલ·

સતત રણની વચ્ચે જ વસવું અને...
નદીની લહરને તરસવું અને...
સભર કંઈ પ્રતિબિમ્બની છાલકો,
છતાં કોરા દર્પણનું હસવું અને...
તમે વાડ પર ફૂલ થઈને ખીલ્યાં,
કો' શેઢાનું આઘે કણસવું અને...
ક્ષિતિજ તારી શેરીમાં ઊતરી પછી,
નરી રિક્તતાનું ઊપસવું અને...
લીલાં ટેરવાંઓ બરડ થઈ તૂટયાં,
પછી સ્પર્શજલનું વરસવું અને...
હવે ઝેર કયાંથી ચડે લોહીમાં?
ફકત કાંચળીઓનું ડસવું અને...
હું અક્ષાંશ-રેખાંશમાં કેદ છું,
ચરણ હેઠ પૃથ્વીનું ખસવું અને...

¶ 'હવે તો આવવામાં જ'—વર્ષાના આગમનનાં એંધાણ આપતી કુદરતનું ગતિશીલ આલેખન કરતું કાવ્ય, જેમાં 'ઊઠો હરખી' એવા શબ્દોના ઉપાડ વડે વાચકને એ આગમનના આનંદનું ઇજન આપીને કાવ્યમાં નાટયાત્મક પ્રવેશ કરાવ્યો છે, અને પછી વાતચીતની બાનીમાં વર્ષાના આગમનનાં જે એંધાણ દર્શાવ્યાં છે તેનાં મધુર ચિત્રો ઊપસાવ્યાં છે; જેમ કે 'ઝાડપરથી સરતો પવન જાણે પાંદડેપાંદડાના કાનમાં વર્ષાગમનની વાત કરી ગયો; સવારે સડકો પવનથી વળાઈ ગઈ અને થોડી ફરફરની ઝારી છંટાઈ ગઈ' વગેરે. વળી ઈશાનમાંથી ઊઠતી આંધીને સાંઢની ખરીથી ખણાએલી કહેવામાં તો નવી જ કલ્પના કરી છે અને આંધીના વેગ માટે એ કલ્પના આનંદ આપી રહે છે. અંતમાં ચાતકની ઉત્કંઠા આપણામાં પણ જગાડીને કાવ્ય પૂરું કર્યું છે. ¶ 'નારા' એટલે પાણી: મૂશળધાર વરસતા વરસાદમાં પ્રકૃતિની જે રમણા રચાઈ છે તેનું મધુર પ્રાસાદિક દર્શન કરાવતી આ રચનામાં સુંદર કલ્પનામઢયાં ચિત્રો દ્વારા, આખી સૃષ્ટિ કેવી જળમય બની ગઈ છે તેનું પ્રતીતિકર આલેખન કવિએ કર્યું છે. પલળીપલળીને પાણી થઈ ગએલાં ઝાડ, જળની જાદુઈ ચાદર નીચે ઢંકાઈ ગએલું ગગનચુંબી મહેલાતોવાળું નગર, પાણી થઇને અધગાંડો થઇને રખડતો પવન, વીજળીના દીવાથી નીતરતું પાણી તે જાણે ખુદ ટપકતું તેજ,—એમ બધાં પાંચેય મહાભૂતો જાણે એક જળતત્ત્વમય બની ગયાં છે, ચોતરફ બસ એક નારાની જ સૃષ્ટિ વિલસી રહી છે! ¶ 'અને...'—દૂર રહેલી શકયતાઓ કેવી ઠગારી છે તેને જુદાંજુદાં ભાવચિત્રો દ્વારા આ ગઝલમાં કલાત્મકરીતે નિરૂપવામાં આવી છે, જેને છેલ્લા બે શે'રમાં તો ટોચે પહોંચાડવામાં આવી છે. તોપણ એકેએક શે'રની આસ્વાદ્યતા માણવા જેવી છે. □

જેમની દીર્ઘદૃષ્ટિયુક્ત વ્યવહારદક્ષતા અને નાની વયે આરંભેલા પુરુષાર્થથી દેશના વ્યાપારિક તથા ઔદ્યોગિક વિકાસમાં બળ પુરાયું, મુંબાઇના નાગરિક જીવનમાં વધુ સવલતો ઉમેરાઈ, ઓખામંડળમાં નવી રેલવે લાઈન નખાઈ, દેશનું સૌથી મોટું સિમેન્ટનું કારખાનું સ્થપાયું ને જેમની ઉદાર સખાવતોથી અશક્ત વૃદ્ધો, વિધવાઓ અને વિદ્યાર્થીઓ અનેકવિધ સહાય-સહારો પામ્યાં તથા દેશની પ્રથમ મહિલા વિદ્યાપીઠનો વિકાસ થયો એ વિદ્યાવ્યાસંગી, દાનવીર ઉદ્યોગપતિ

સર વિઠ્ઠલદાસ ઠાકરસી

લેખક
પ્રા. નરોત્તમ વાળંદ



સર વિઠ્ઠલદાસ ઠાકરસી

સૌરાષ્ટ્રમાં શ્રી કૃષ્ણની દ્વારિકા નગરીની પાસે વરવાળા નામે એક નાનકડું ગામ છે. એમાં આડત દયાળ નામના એક ભાટિયા ગૃહસ્થ નાની હાટડી ચલાવે. ગામ નાનું એમ વેપારી પણ નાનો. પણ સાહસે શ્રી પ્રતિવસતિનું રટણ એના હૈયામાં સતત ચાલ્યા કરે. અંતે કુશળ વેપારીને સહજ એવી સાહસવૃત્તિથી પ્રેરાઇને એણે આજથી લગભગ ૧૯૦ વર્ષ પૂર્વે, એટલે કે ઈ. સ. ૧૭૮૪માં દરિયોખેડીને છેક મસ્કતની ખેપ કરી. પોતાના બે મોટા દીકરાને પણ સાથે લીધેલા ને નાના મૂળજીને ઘરનો વેપાર જાળવવા રાખેલો. એ મૂળજીના ત્રણ દીકરામાંના એક ઠાકરસીએ ઈ.સ. ૧૮૨૫માં રૂ. ૮૦૦નો માલ વહાણમાં ભરીને,મુંબાઈ આવીને વસવાટ કર્યો. ઈ. સ. ૧૮૫૩માં તેમણે મેસર્સ પીટર ક્બાલી નામની યુરોપિયન પેઢીમાં માણેકજી નસરવાનજી પીટીટ સાથે દલાલીનું કામ હાથ ધર્યું અને આગળ જતાં લક્ષ્મીદેવી રીઝતાં ઈ. સ. ૧૮૭૧માં પોતાના ચાર દીકરા સાથે 'મેસર્સ ઠાકરસી મૂળજી ઍન્ડ કંપની'ની સ્થાપના કરી જે આજે પણ મુંબાઈમાં પ્રતિષ્ઠિત છે. મુંબાઈમાં શેખ મેમણ સ્ટ્રીટમાં આવેલા જાણીતા 'મૂળજી જેઠા માર્કેટ' નામે કાપડનું ગંજાવર બજાર ઊભું કરવામાં પણ તેમનો ફાળો હતો.

સમય જતાં શેઠ ઠાકરસીના પુત્રો સ્વતંત્ર થયા અને તેમાંથી શેઠ દામોદર ઠાકરસીએ મિલઉદ્યોગમાં ઝંપલાવ્યું. અમેરિકન વિગ્રહ અને રૂના વેપારીની છિન્નભિન્નતાને કારણે કેટલીક સ્પિનિંગ ને વીવિંગ ફેક્ટરીઓના ઉદ્યોગને ઉત્તેજન મળ્યું અને દામોદર શેઠે આ તક ઝડપી લીધી. તેમણે ઈ. ૧૮૭૪માં 'હિંદુસ્તાન સ્પિનિંગ ઍન્ડ વીવિંગ મિલ્સ' સ્થાપી. જેમાં ત્રણેક વર્ષ પછીથી સ્થપાયેલી 'ઠાકરસી મૂળજી મિલ્સ'ને ભેળવી દેવામાં આવી. અને ત્યાર બાદ તો તેમણે બીજી ત્રણેક મિલો ઊભી કરી અને મિલ-ઉદ્યોગના અગ્રણી તરીકે પંકાયા. જનકલ્યાણની ભાવના, કેળવણી-પ્રચારની લગની અને ગરીબો પ્રત્યેની સહાનુભૂતિથી પ્રેરાઈ એમણે અનેક સખાવતો આપી હતી. ઈ. ૧૮૭૬માં ૩૦ વર્ષની વયે તેમને સરકાર તરફથી 'જસ્ટિસ ઑવ પીસ'ની સનદ મળી હતી. પછી તો આ કુટુંબના વંશજો, 'ઠાકરસી' અટકથી જ ઓળખાવા લાગ્યા.

આવા વિખ્યાત ઉદ્યોગપતિને ત્યાં માતા નાથીબાઈની કૂખે તા. ૩૦મી નવેમ્બર, ૧૮૭૩ના દિને, સંવત ૧૯૩૦ની માગશર સુદ એકાદશી ને રવિવારે, મુંબાઈના કોટ વિસ્તારમાં આવેલી જૂની હનુમાન ગલીમાં વિઠ્ઠલદાસનો જન્મ થયો. શ્રીમંત અને વિશાળ કુટુંબમાં આ બાળકનો ઉછેર લાડકોડથી થવા લાગ્યો. કુટુંબના ધાર્મિક સંસ્કારની ગાઢ અસર એટલી બધી કે બાળ વિઠ્ઠલ નિયમિત રીતે સવારે ઊઠીને અને રાત્રે સૂતાં પહેલાં માતાપિતાને નમસ્કાર કરતા અને નાહીને દેવવંદના કર્યા બાદ વૈષ્ણવ ધર્મનું લાલ તિલક કર્યા પછી રોજિંદાં કાર્યોનો આરંભ કરતા.

વિઠ્ઠલદાસે પ્રાથમિક શિક્ષણ મુંબાઈમાં શરૂ કર્યું. થોડાક વખત પછી માતાપિતાને જામનગર પાસે ખંભાળિયા ગામે બેએક વર્ષ માટે રહેવાનું થયું. બન્યું એવું કે વિઠ્ઠલદાસના માતામહ ધરમસી શેઠનું અવસાન થયું. તેમની મિલ્કતનાં વારસ બનેલાં નાથીબાઈએ પિતાના સ્મરણાર્થે એક 'ધર્મવાડો' (ધર્મશાળા) બંધાવવાનું નક્કી કર્યું હતું. એ નિમિત્તે અંગત દેખરેખ રાખવા માટે બાળ વિઠ્ઠલદાસને લઈ માતાપિતા ત્યાં જઇને રહ્યાં. એ દરમિયાન વિઠ્ઠલદાસને શાળાએ જવા-આવવા માટે પિતાએ ટટ્ટુ લાવી આપેલું. જેના પર બેસીને તેઓ ભણવા જતા.

અભ્યાસકાળ દરમિયાન જ તેમની ૧૪ વર્ષની વયે, ઈ. ૧૮૮૭માં ૧૧ વર્ષનાં લીલાબાઈ સાથે તેમનું લગ્ન થયું. લગ્ન અભ્યાસમાં બાધક નીવડ્યું નહિ અને અભ્યાસ ચાલુ રહ્યો. અંગ્રેજી ચોથા ધોરણનો અભ્યાસ કરવા 'ફોર્ટ હાઈસ્કૂલ'માં દાખલ થયા અને ત્યાં છઠ્ઠું ધોરણ પૂરું કરીને, 'ભરડા ન્યૂ હાઈસ્કૂલ'માં દાખલ થઇને ઈ. ૧૮૯૧માં તેઓ મૅટ્રિક થયા. એ પછી આગળ અભ્યાસ માટે એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ તો થયા, પરંતુ પિતાની તબિયત અસ્વસ્થ રહેવાથી તેમના ધીકતા વેપારમાં મદદરૂપ થવા માટે તેમણે એક જ સત્રનો અભ્યાસ કરીને કૉલેજ છોડી અને બીજે વર્ષે પિતાનું અવસાન થતાં વેપારની બધી જવાબદારી ૨૦ વર્ષના નવયુવાન વિઠ્ઠલદાસના શિરે આવી પડી.

પિતાએ સ્થાપેલી ચાર મિલો ઉપરાંત પોતે શરૂ કરેલી એક મિલ સાથે પાંચેયનો વહીવટ તેમણે એવી તો દક્ષતાથી કરવા માંડ્યો કે ૨૩ વર્ષની વયે તો વિઠ્ઠલદાસ 'મિલ ઉદ્યોગના રાજા' તરીકે ઓળખાવા લાગ્યા ને ત્યારના બ્રિટિશ અમલદારો પણ એમની સલાહ લેતા થયા. વેપાર-ઉદ્યોગ પરત્વેની એમની નિપુણતાને કારણે તેઓ 'ઇન્ડિયન મરચન્ટ્સ






'મેસર્સ ઠાકરસી મૂળજી ઍન્ડ કંપની' દ્વારા જેમણે મુંબાઈના મિલઉદ્યોગને આગળ વધારી એ વિશાળ ઔદ્યોગિક-સંકુલનો પ્રારંભ કર્યો તે, 'હાઉસ ઑવ ઠાકરસી'ના આદિ શેઠ ઠાકરસી મૂળજી. (વચ્ચે) તેમના પુત્ર અને સર વિઠ્ઠલદાસના પિતા શેઠ દામોદર ઠાકરસી તથા માતા નાથીબાઈ. (જમણી બાજુ છેડે) સર વિઠ્ઠલદાસ બાળ વયે.

ચૅમ્બર'ના, ઈ. ૧૯૦૭માં 'મિલ ઓનર્સ એસોસીએશન'ના તથા ઈ. સ. ૧૯૦૬માં કલકત્તામાં ભરાએલી બીજી ઔદ્યોગિક પરિષદના પ્રમુખપદની જવાબદારી પણ ઉપાડી.

પરંતુ વેપાર અને તેના દ્વારા દ્રવ્યસંચય એ જ એમના જીવનનું ધ્યેય નહોતું. વેપારની સાંકડી દુનિયામાં પુરાઈ રહેવાના બદલે તેમણે જાહેર કાર્યોમાં પણ સક્રિય રસ લેવા માંડયો. અને તેમની એ સેવાઓની નોંધ લઈને સરકારે તેમને ઈ. ૧૮૯૭માં જે. પી.નો હોદ્દો આપ્યો. એ વખતે એમની વય માત્ર ૨૪ વર્ષની હતી! ઈ. ૧૮૯૮માં તેઓ ભૂલેશ્વર વિસ્તારમાંથી મુંબાઈ કૉર્પોરેશનના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. કૉર્પોરેટર તરીકે, એમણે બૅંકો પાસેથી વ્યાજના ભારે દરથી મ્યુનિસિપલ લોન ન લેતાં ખુલ્લા બજારમાંથી લેવાનો ઠરાવ પસાર કરાવ્યો. વળી, મુંબાઈમાં એ વખતે ચાલતી ખાનગી ટ્રામોને બદલે કૉર્પોરેશનની પોતાની માલિકીની ટ્રામો ચલાવવાનો આગ્રહ રાખી તેનો અમલ કરાવ્યો, જેના પરિણામે કૉર્પોરેશનને લાખો રૂપિયાની કમાણી થઈ. ઈ. ૧૯૦૪માં તેઓ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમૅન બન્યા અને બે વર્ષ બાદ તા. ૨૫-૪-૧૯૦૭ના રોજ, તેમની ૩૩ વર્ષની વયે, મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના મેયર તરીકે ચૂંટાઈ આવ્યા. કદાચ મુંબાઈના ઇતિહાસમાં તેઓ સૌથી નાના મેયર હશે!

એ સમયે આપણા દેશમાં મોટરગાડીનો પ્રચાર નહિવત્ હતો. મુંબાઈમાં કાલબાદેવી માર્ગ પર મોટરની દુકાન ધરાવનાર એફ. બી. થાણાવાળા એન્જિનીઅરે સૌપ્રથમ મોટર આયાત કરેલી ને વિઠ્ઠલદાસે તેમની પાસેથી તા. ૩૦-૪-૧૯૦૨ના રોજ એની ખરીદી કરી. આમ, મુંબાઈમાં ખાનગી મોટરગાડીનો પ્રથમ વપરાશ એમનાથી શરૂ થએલો. ઈ. ૧૯૦૫માં તેમણે પૂના-મહાબળેશ્વરની મોટરસર્વિસ પણ ચાલુ કરી હતી. મેયર હતા તે દરમિયાન, મુંબાઈમાં ઘોડાથી ચાલતી ટ્રામોને સ્થાને તેમણે ઇલેક્ટ્રિકથી ચાલતી ટ્રામો દોડાવી. વળી, મુંબાઈની વિશાળ વસ્તી માટે આરોગ્યદાયક રહેઠાણ અંગે તેમણે 'બૉમ્બે સિટી ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ'ની યોજના ઘડેલી. જેના તેઓ ઈ. ૧૯૦૯માં સરકાર નિયુક્ત ટ્રસ્ટી બનેલા ને એ યોજના અનુસાર ગામદેવી વિસ્તારમાં મધ્યમવર્ગના લોકો માટે નાના બંગલા બાંધવા માટે એક સહકારી મંડળી સ્થપાઈ હતી.

ઈ. સ. ૧૯૦૪માં મુંબાઈમાં હિંદી મહાસભાની ૨૦મી બેઠક ભરાઈ. એ પ્રસંગે યોજાએલા ઔદ્યોગિક અને ખેતીવાડી પ્રદર્શનની કાર્યવાહક સમિતિના પ્રમુખ તરીકે પણ વિઠ્ઠલદાસે યશસ્વી કામગીરી બજાવી હતી. એમના પ્રયત્નોથી એ પ્રદર્શન તો સફળ થયું જ, તદુપરાંત આર્થિક રીતે તેમાં રૂ. ૪૦૦૦ની બચત પણ થઈ અને એ માટે ખુદ ગવર્નરે તેમને અભિનંદન પાઠવ્યાં હતાં. એટલું જ નહિ, મ્યુનિસિપલ કૉર્પોરેશન, મિલ ઓનર્સ એસોસીએશન, ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ અને હિંદી મહાસભામાં એમણે કરેલાં જાહેર કાર્યોની કદર રૂપે સરકારે તેમને ઈ. ૧૯૦૩માં મુંબાઈ ધારાસભાના સભાસદ તરીકે નિયુક્ત કર્યા. એ પદે રહીને એક ઉદ્યોગપતિની દૃષ્ટિએ આર્થિક પ્રશ્નો ઉકેલવા અને સરકારની ઔદ્યોગિક તેમજ વેપાર અંગેની નીતિ ઘડવામાં સરકારને કેટલાંક મહત્ત્વનાં સૂચનો કર્યાં હતાં. તેમની કાર્યશક્તિ ને જાહેર હિત માટેની ઉત્કંઠા જોઈને સરકારે તેમને ફરી ફરીને ૧૯૦૫માં, ૧૯૦૭માં અને ૧૯૦૮માં ધારાસભ્ય તરીકે નિયુક્ત કરેલા. આમ, ૧૯૦૩ થી ૧૯૧૦ સુધીનાં વર્ષો દરમિયાન એમણે મુંબાઈ શહેરની ઉન્નતિ અને દેશની નાણાકીય બાબતોને લગતાં સુધારાનાં અનેક કાર્યો કર્યાં. જેમાં દાખવેલા કૌશલથી ઈ. ૧૯૨૧માં હિંદી ધારાસભામાં પણ એમને સભ્ય બનાવવામાં આવ્યા.

વિકસતા જતા મિલઉદ્યોગના એ જમાનામાં મિલ-કારખાનાંના માલિકો મજૂરો પાસેથી વધારે કામ લેતા હતા. આ અંગે 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'માં 'Sweating of Bombay Slaves' એ મથાળા સાથે એક આકરો પણ વિચારણીય તંત્રીલેખ પ્રગટ થયો. આથી સરકારે દેશભરનાં મિલ-કારખાનાંની તપાસ કરવા ઈ. ૧૯૦૭માં 'ઇન્ડિયન ફૅક્ટરી લેબર કમિશન' નીમેલું. તેમાં મુંબાઈના 'મિલ ઓનર્સ એસોસીએશન' અને 'ચૅમ્બર ઑવ કૉમર્સ'ના સંયુક્ત પ્રતિનિધિ તરીકે વિઠ્ઠલદાસને પણ નિયુક્ત કરેલા. એ કમિશને આખા હિંદુસ્તાનનો પ્રવાસ કરીને વિવિધ ઉદ્યોગોનાં ૨૦૯ કારખાનાંની મુલાકાતો લઈ, મજૂરોના કામના કલાક, તેમને અપાતી સગવડો, તેમના આરોગ્ય પર થતી અસર વગેરેનો અભ્યાસ કરીને મજૂરોના હિતાર્થે 'ફૅક્ટરી ઍક્ટ'માં સુધારા સૂચવ્યા હતા. એમાં પણ, કામદારોના કલ્યાણ માટે ઉદ્યોગપતિઓની કશી જવાબદારી નથી એવી માન્યતાવાળા એ યુગમાં વિઠ્ઠલદાસે કામદારોની તરફેણમાં રહીને ઊંચી કર્તવ્યભાવનાથી પોતાના કાર્યને દીપાવ્યું હતું.

વ્યાવહારિક કુશળતા અને લોકહિતની ભાવનાભરી એમની આ કામગીરીઓની સરકાર પર સારી અસર પડી હતી. એ માટે ઈ. ૧૯૦૮ના જૂનની ૨૫મીએ શાહેનશાહના જન્મદિનની ઉજવણી વખતે 'નાઈટહૂડ'નો ખિતાબ આપી એમની કદર કરેલી. એ વેળા મુંબાઈના ગવર્નર સર જ્યૉર્જ સિડનહામ ક્લાર્કે જાતે પત્ર લખીને તેમને અભિનંદન આપેલાં. આમ, પાંત્રીસ વર્ષની વયે તો સર વિઠ્ઠલદાસની કીર્તિ દેશભરમાં જ નહિ, છેક ઇંગ્લૅન્ડ સુધી વિસ્તરી ગઈ હતી.

પોતે એક દીર્ઘદ્રષ્ટા ઉદ્યોગવીર હોઈ એમણે જોયું કે અંગ્રેજો આપણા દેશમાં ઉદ્યોગો સ્થાપી મોટો નફો પોતાને દેશ ખેંચી જાય છે.



સર વિઠ્ઠલદાસ તથા લેડી પ્રેમલીલા ઠાકરસી

એથી, સ્વદેશી થાપણથી દેશમાં ઉદ્યોગો સ્થપાવાની એમને જરૂરત સમજાઈ હતી. ઉદ્યોગોની આંટીઘૂંટીને સમજવાની પૂરી સજ્જતા તો તેમનામાં હતી જ, એટલે ઈ. ૧૯૦૫માં બનારસમાં ગોપાળકૃષ્ણ ગોખલેના પ્રમુખપદે યોજાએલી હિંદી મહાસભાની બેઠકમાં, ઔદ્યોગિક પરિષદમાં વિઠ્ઠલદાસે રૂના ઉદ્યોગ પર એક નિબંધ લખીને પોતાના જે વિચારો રજૂ કર્યા એ તો ઉપયોગી હતા કે ગોખલેજીએ પોતાના પ્રવચનમાં એ નિબંધનો મોટો ઉતારો કરેલો. મિલોમાં ઇજિપ્તનું લાંબા તારનું રૂ વાપરવાનો પ્રયોગ વિઠ્ઠલદાસે જ પ્રથમ વાર હિંદુસ્તાનમાં કર્યો હતો. આ ઉપરાંત ઇજિપ્તના કપાસનું હિંદમાં વાવેતર કરવાના પ્રયોગ વિષે પણ તેમણે સરકારને સૂચના કરી હતી. ખનિજઉદ્યોગ તરફ પણ તેમની દૃષ્ટિ વળી હતી. ભૂસ્તરશાસ્ત્રનું જ્ઞાન બહુ વિકસ્યું નહોતું એવા સંયોગોમાં પણ તેઓ સર્વે રિપોર્ટ ને ચાર્ટસ મંગાવીને તેનો અભ્યાસ કરતા. ઔદ્યોગિક વિકાસ માટે રેલવેનો વિસ્તાર વધારવા પણ તેઓ આગ્રહી હતા.

વિઠ્ઠલદાસને એમની જન્મભૂમિ ઓખામંડળ પ્રત્યે વિશેષ મમતા હતી. એ વેળા દ્વારકા ગંદવાડથી ઘેરાયેલું કંગાળ ગામ હતું. પગરસ્તે ત્યાં આવનાર યાત્રાળુઓને માર્ગમાં વાઘેરો લૂંટી પણ લેતા. ત્રણ બાજુએ પાણીથી ઘેરાએલું ઓખા જમીનની એક સાંકડી પટ્ટીથી તળભૂમિ સાથે સંધાયેલું હોઈ, ચોમાસામાં તો કાળા પાણીના ટાપુ જેવી તેની સ્થિતિ થઈ પડતી. અનાવૃષ્ટિને લીધે દર ત્રીજે વર્ષે ત્યાં દુકાળ પડતો. એથી 'ઓખા, સો સો વસ્તુના વખા' એ કહેવત પ્રચલિત બની હતી. આવા પ્રદેશમાં વિઠ્ઠલદાસે ગાયકવાડ સરકારની સહાયથી ઈ. ૧૯૧૫માં જામનગર–દ્વારકા રેલ્વે લાઈન નખાવી. તે પછી ઈ. ૧૯૧૯માં દ્વારકામાં સિમેન્ટનું કારખાનું નાખવા માટે પણ તેમણે પિતરાઈ ભાઈ પુરુષોત્તમદાસ સાથે મળીને પ્રયત્નો આદર્યા, અને મુંબાઇના ઉદ્યોગપતિઓ તથા વડોદરા રાજ્યના સહકારથી લગભગ પોણો કરોડ રૂપિયાની જાહેર મૂડીના રોકાણથી હિંદનું સૌથી મોટું સિમેન્ટનું કારખાનું શરૂ કર્યું. આ સાહસ પાછળ દ્રવ્યોપાર્જનની આકાંક્ષા કરતાં દેશબાંધવોને સુખી કરવાની ભાવના મુખ્ય હતી. કામધંધા વિના લૂંટફાટ કરતી વાઘેર કોમને ઠેકાણે પાડવાનો અને અલ્પવિકસિત વિસ્તારને સમૃદ્ધ બનાવવાનો તેમનો મુખ્ય આશય હતો. તૈયાર માલને હિંદના બજારમાં પહોંચતો કરવા ગાયકવાડ સરકારને ઓખા બંદર પર ડક્કો બાંધવા પણ તેમણે પ્રેરી હતી. વિઠ્ઠલદાસના આકસ્મિક અવસાનથી આ કારખાનું બંધ પડ્યું, પણ પાછળથી 'એસોસીએટેડ સિમેન્ટ કંપની' (A. C. C.) એ એને ચાલુ કર્યું ને આજે તો તે ભારે વેગથી ધમધમી રહીને વિઠ્ઠલદાસની દક્ષતા ને દીર્ઘદૃષ્ટિની ગવાહી પૂરી રહ્યું છે.

દેશના આર્થિક વિકાસ માટે બૅંકિંગ, ઇન્સ્યુરન્સ અને ઉદ્યોગો એ ત્રણેયનો વિકાસ જરૂરી છે. એવું તે સમયે દેશના અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગપતિઓનું મંતવ્ય હતું. એથી સ્વદેશીની ચળવળના ભાગ રૂપે નાના મોટા ઉદ્યોગો હાથ ધરવાનો ત્યારે એક જુવાળ આવ્યો હતો. ઈ. ૧૯૦૫ના માર્ચમાં કલકત્તામાં 'ઇન્ડિયન ફાઇનેન્શીઅલ સિન્ડિકેટ લિ.'ની સ્થાપના થઈ. તેમાં વિઠ્ઠલદાસે પણ સહકાર આપેલો. ઈ. ૧૯૦૬-ના નવેમ્બરમાં તેમના પ્રમુખપદે 'ઇન્ડિયને સ્પીશી બૅંક' નામે એક જોઈન્ટ સ્ટૉક કંપની સ્થપાઈ. તેની ૧૯ જેટલી શાખાઓ ભારતભરનાં મુખ્ય શહેરોમાં અને એક શાખા લંડનમાં ખોલવામાં આવી. વડોદરા રાજ્યના ઉદ્યોગોના વિકાસ અર્થે સયાજીરાવ ગાયકવાડની રાહબરી નીચે 'બૅંક ઑફ બરોડા' સ્થપાઈ, તેના ડિરેક્ટર-બૉર્ડના પ્રમુખ પણ વિઠ્ઠલદાસ હતા. મદ્રાસની 'ઇન્ડીઅન બૅંક' તેમ જ મૈસુર રાજ્યની બૅંકની સ્થાપનામાં પણ વિઠ્ઠલદાસ મદદરૂપ થયા હતા. તેઓ ઈ. ૧૯૧૭માં 'ઇન્ડીઅન ચૅમ્બર ઑવ કૉમર્સ'ના પ્રમુખ તરીકે ચૂંટાયા.

શાહુકારના દેવામાં ડૂબી જતા ખેડૂતોની સ્થિતિ સુધારવાને વાઈસરૉય લૉર્ડ કર્ઝનની હકૂમત દરમિયાન સરકારે એક 'સરકારી કાયદો' પસાર કર્યો હતો. આ પ્રવૃત્તિમાં સૌપ્રથમ રસ લેનારા સર લલ્લુભાઈ શામળદાસનો વિઠ્ઠલદાસને પરિચય થયો. બેઉના સહકારથી ઈ. ૧૯૧૧-૧૨ના અરસામાં 'ધી સેન્ટ્રલ કો–ઑપરેટિવ બૅંક'ની સ્થાપના થઈ. પાછળથી તે 'ધી બૉમ્બે પ્રોવિન્શિયલ કો–ઑપરેટિવ બૅંક' તરીકે કામ કરતી થઈ. વિઠ્ઠલદાસ તેના પ્રમુખ અને લલ્લુભાઈના જ્યેષ્ઠ પુત્ર વૈકુંઠભાઈ તેના મૅનેજિંગ ડિરેક્ટર હતા. પછી તો, મુંબાઈ ઈલાકાના દરેક જિલ્લામાં સહકારી મંડળીઓ સ્થાપવાની ઝુંબેશ ચાલી. વડોદરા રાજ્યમાં આ મિત્ર બેલડીએ સરકારી બૅંકો સ્થાપી હતી. પ્રાથમિક સહકારી મંડળીઓને સહાયભૂત થવા માટે વિઠ્ઠલદાસે રૂપિયા ૨૦,૦૦૦ની થાપણની 'કો-ઑપરેટિવ અર્બન બૅંક' ખોલી. ૧૯૦૯માં 'એગ્રિકલ્ચરલ કૉન્ફરન્સ'માં તેમણે મધ્યસ્થ સરકારી બૅંકની યોજના રજૂ કરી. અને ઈ. ૧૯૧૧માં સરકારી મંડળીઓને મદદ કરવા માટે 'ધી બૉમ્બે સેન્ટ્રલ કો-ઑપરેટિવ બૅંક'ની સ્થાપના કરવામાં આવી. તેના પ્રથમ ડિરેક્ટર બોર્ડના તેઓ પ્રમુખ બન્યા.

પણ વેપાર-ઉદ્યોગમાં અઢળક દ્રવ્ય પ્રાપ્ત કરનાર વિઠ્ઠલદાસ સમાજ-કલ્યાણનાં કાર્યોમાં યે પોતાની સંપત્તિનું મોકળે મને દાન કરતા રહેલા. સદ્‌ગત પિતાશ્રીની સ્મૃતિમાં તેમણે અનેક સખાવતો કરી હતી. નર્મદાકાંઠે આવેલા ચાંદોદ તીર્થમાં 'શ્રી દામોદર ઠાકરસી સંસ્કૃત પાઠશાળા,' પ્રવાસીઓની સુવિધા માટે વાઇક્ષેત્રમાં 'દામોદર આશ્રમ' ને મુંબાઈના મજૂરવિસ્તાર પરેલમાં 'શ્રી દામોદર ઠાકરસી હૉલ' તેમણે બંધાવ્યા. ઈ. ૧૮૯૫–'૯૬માં મુંબાઈમાં પ્લેગ ફાટી નીકળતાં, ભાટિયા જ્ઞાતિના દર્દીઓ માટે કાકા ગોવિંદજીની સાથે, કામચલાઉ ઑસ્પિટલો ઊભી કરી અને લોકોને દવાઓ પણ પહોંચતી કરી. વળી, પોતાની ઑફિસનાં માણસોને 'પ્લેગ એલાઉન્સ' પણ આપ્યું. ઈ. ૧૮૯૯માં છપ્પનિયો દુકાળ પડ્યો ત્યારે તેમણે જ્ઞાતિજનો માટે સસ્તા અનાજની દુકાન ઉઘાડી અને પશુઓ માટે ઘાસની મદદ મોકલી. પોતાનાં મોટાં બહેન ગંગાબાઈના સ્મરણાર્થે તેમણે પૂનામાં નર્સિંગ હોમ તૈયાર કરીને પૂનાની 'સેવાસદન' સંસ્થાને એ અર્પણ કર્યું. મુંબાઇ ઈલાકામાં વાણિજ્યની એક પણ કૉલેજ નહોતી. ત્યારે તેમણે પોતાના મિત્રો સર લલ્લુભાઈ અને વિશ્વેશ્વરય્યાની સહાયથી ગવર્નર જ્યૉર્જ સિડનહામની સાથે વાટાઘાટ કરીને ઈ. ૧૯૧૩માં 'સિડનહામ કૉલેજ ઑવ કૉમર્સ'ની પણ સ્થાપના કરી. એક પ્રથમ પત્ની લીલાબાઈની સ્મૃતિમાં પૂનાના 'સેવાસદન'ની એક શાખા બારામતી ગામે અને બીજાં પત્ની પ્રેમકુંવરની સ્મૃતિમાં સતારા ગામે સ્થાપી હતી. ઈ. ૧૯૧૬માં બનારસ હિંદુ યુનિવર્સિટી સ્થાપવામાં પણ તેમણે માલવિયજીને મદદ કરી હતી. માતુશ્રી નાથીબાઈના સ્મરણાર્થે તેમણે 'સેવાસદન'ને રૂ. ૬૫,૦૦૦ની ઉદાર સખાવત કરીને ઈ. ૧૯૨૧માં 'શ્રીમતી નાથીબાઈ આશ્રમ' સ્થાપ્યો હતો. આ ઉપરાંત મુંબાઈના 'વનિતાવિશ્રામ'માં અભ્યાસ કરતી મહિલાઓના

આવાસ માટે તેમણે એક લાખ રૂપિયાનું દાન કર્યું હતું. વળી, મુંબાઈની 'સેન્ટ્રલ કો-ઑ. ઇન્સ્ટિટ્યૂટ'ને લોકકલ્યાણનાં કાર્યો માટે તેમણે હજારો રૂપિયાની સખાવત કરી હતી. ચાંદોદમાં પુસ્તકાલય અર્થે તેમણે રૂ. ૨૦,૦૦૦ આપ્યા હતા. આમ, જનહિતાર્થે શાળાઓ, દવાખાનાં, સેવાસંસ્થાઓ અને આશ્રમો ઊભાં કરવામાં તેમણે પોતાની સંપત્તિ સારા પ્રમાણમાં વાપરી હતી.

આ સર્વ કરતાં ય સૌથી અદકું દાન તો મહિલા વિદ્યાપીઠ અંગેનું છે. સ્ત્રીઓના ઉચ્ચ અભ્યાસઅર્થે ક્યાંય કોઈ સગવડ નહોતી ત્યારે પૂનાના સમાજસુધારક શ્રી ધોંડો કેશવ કર્વેએ પૂના પાસેના હિંગણેમાં ઈ. ૧૯૧૬-માં 'ઇન્ડિયન વીમેન્સ યુનિવર્સિટી'ની સ્થાપના કરી હતી. તેની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થએલા વિઠ્ઠલદાસ રૂપિયા એક હજારનું દાન કરીને ઈ. ૧૯૧૯માં તેના પૅટ્રન બનેલા અને પછી ટૂંક સમયમાં તેઓ જગતના પ્રવાસે ગયા ત્યારે તેમણે જાપાનના તોકિયોની સ્ત્રીઓ માટેની ટૅકનિકલ શાળા અને મહિલા વિદ્યાપીઠની ખાસ મુલાકાત લઇને તેનું કાર્ય જોએલું. આ વિદ્યાસંસ્થાઓએ તેમના મન પર જે છાપ પાડી તેનાથી પ્રેરાઇને પ્રવાસેથી પાછા ફર્યા બાદ ઈ. ૧૯૨૦માં તેમણે કર્વેની મહિલા વિદ્યાપીઠને પોતાનાં માતુશ્રી નાથીબાઈનું નામ જોડવાની શરતે રૂપિયા પંદર લાખની બાદશાહી સખાવત આપી. આમ, 'શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ' માતૃભાષાના માધ્યમ દ્વારા શિક્ષણ આપતી સ્ત્રીઓ માટેની ભારતમાં સૌથી પહેલી વિદ્યાપીઠ બની. ઈ. ૧૯૩૯માં ગાંધીજીએ દીક્ષાન્ત પ્રવચન આપીને આ વિદ્યાપીઠને આશીર્વાદ આપ્યા. ઈ. ૧૯૪૯માં મુંબાઈ સરકારે આ વિદ્યાસંસ્થાને કાયદેસરની માન્યતા આપી. આજે મુંબઈ અને પૂનામાં પોતાનાં વિદ્યાધામો ચલાવતી આ વિદ્યાપીઠની કુલ આઠ કૉલેજો અને ભારતભરની ૨૧ જેટલી શિક્ષણસંસ્થાઓ દ્વારા બાર હજારથી વધુ વિદ્યાર્થિનીઓને શિક્ષણ આપી રહી છે, એટલું જ નહિ, આ સંસ્થાની પદવીધર બહેનોએ અનેક ક્ષેત્રમાં નામના કાઢી છે.

વિઠ્ઠલદાસનું સ્નેહીમંડળ પણ ઘણું વિશાળ હતું. જામનગરના રાજા વિભાજી, વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ તેમ જ વાંકાનેર, લીમડી, પાલનપુર અને રાજપીપળાના રાજવીઓ સાથે તેમને સંબંધ હતા. ભાવનગરના દીવાન ગૌરીશંકર ઓઝા, પ્રભાશંકર પટ્ટણી અને વિઠ્ઠલદાસ શામળદાસ સાથે તેમને નિકટનો સંપર્ક હતો. સર ફિરોજશાહ મહેતા અને સર ચિમનલાલ સેતલવડ જેવા ધારાસભાના મિત્રો હતા. સર વિશ્વેશ્વરય્યા, સર લલ્લુભાઈ શામળદાસ અને સર મનુભાઈ નંદશંકર મહેતા તેમના અંગત મિત્રો ગણાતા. આ ઉપરાંત, સર રતન તાતા, સર ફાજલભાઈ કરીમભાઈ, સર શાપુરજી ભરૂચા, ગોપાલકૃષ્ણ ગોખલે ને પંડિત મદનમોહન માલવિયજી સાથે પણ તેમને ઘણો સારો પરિચય હતો.

કૉલેજનો અભ્યાસ ભલે તેમને સંયોગવશાત્ છોડવો પડેલો પણ શિક્ષણ પ્રત્યેનો અનુરાગ તો તેમને જીવનભર રહેલો. જેમ્સ મૅકડોનાલ્ડ અને પ્રિન્સિપાલ પાધ્યેની મદદથી એમણે પોતાનો વિદ્યાભ્યાસંગ જારી રાખેલો. ભૂલેશ્વરના પુસ્તકાલયના ને અમદાવાદની 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' (હાલની 'ગુજરાત વિદ્યાસભા')ના તેઓ પણ આજીવન સભાસદ હતા. મુંબાઈની 'રૉયલ એશિયાટિક સોસાએટી' ને 'બૉમ્બે નેચરલ હિસ્ટૉરિકલ સોસાએટી'ના પણ સભ્ય હતા. મુંબાઈની 'સાક્ષર સહાયક પ્રજાબોધક મંડળી'નું પ્રમુખપદ પણ તેમણે સ્વીકાર્યું હતું. અંગ્રેજી-સંસ્કૃત સાહિત્યનું પણ તેઓ પરિશીલન કરતા. ખગોળશાસ્ત્રમાં તેમને અખૂટ રસ હતો. તેમના મહાલક્ષ્મી ખાતે આવેલા બંગલાની અગાસી પર એક મોટું દૂરબીન રહેતું, તે દ્વારા આકાશનાં નક્ષત્રોનો તેઓ અભ્યાસ કરતા. સંગીત અને ફોટોગ્રાફીનો પણ તેમને શૉખ હતો.

પ્રવાસ-પર્યટનોનો પણ શૉખ ધરાવતા હોઈ માતા તથા કુટુંબીઓ સાથે ભારતનાં ચારે ધામોની યાત્રાઓ કરેલી. ઈ. ૧૯૧૯ના માર્ચમાં તેઓ તેમનાં પત્ની, મિત્ર વિશ્વેશ્વરય્યા ને અન્ય કુટુંબીજનો સાથે વિશ્વના દેશો જોવા નીકળ્યા અને સીલોન, સિંગાપોર, જાપાન, ચીન, યુનાઇટેડ સ્ટેટ્સ તથા યુરોપના દેશોનો સવા આઠ મહિના લગીનો દીર્ઘ પ્રવાસ ખેડેલો.

ઘોડેસવારી એ તેમનો પ્રિય વ્યાયામ હતો. મુંબાઈથી સિમલા થોડાક દિવસ માટે પણ જતા ત્યારે પોતાના ઘોડાને અગાઉથી ત્યાં મોકલી આપતા અને ત્યાં રોજ ઘોડા પર બેસી દસેક માઈલ ફરી આવતા. કુદરતી સૌન્દર્ય પ્રત્યે ખાસ પક્ષપાત હતો. એટલે પૂનાના બંડગાર્ડન પાસેની યરવડા ટેકરી પર ઈટાલિયન આરસ, બ્રહ્મદેશી સાગ, મિન્ટન ટાઈલ્સ અને શાહબાદી લાદી વાપરીને 'પર્ણકુટી' નામે બેઠા ઘાટનો એક સુંદર આવાસ બનાવરાવેલો. સ્વાતંત્ર્ય-ચેતનાના સમયમાં ગાંધીજી, પં. નેહરુ વગેરે દેશનેતાઓએ આ 'પર્ણકુટી'નું આતિથ્ય માણ્યું હતું.

સ્વભાવે મુલાયમ, નિખાલસ, આસ્થાળુ અને કલાપ્રેમી વિઠ્ઠલદાસમાં લોકસેવાની લગની, ઊંચું ચારિત્ર્યબળ અને ઈશ્વર પ્રત્યે ઊંડી શ્રદ્ધા હતી. પોતે ધાર્યું હોત તો લક્ષાધિપતિમાંથી કરોડાધિપતિ બનીને જીવનની ધન્યતા માણી શકત; પરંતુ માત્ર દ્રવ્યસંચય એ જ એમનું જીવનકર્તવ્ય નહોતું. સ્વજનો અને કુટુંબીઓ પ્રત્યે અપાર પ્રેમ ધરાવતા. તેઓ જેટલા માતૃભક્ત હતા એટલા જ પ્રેમાળ પતિ પણ હતા. પ્રથમ પત્ની લીલાબાઈનું ઈ. ૧૮૯૯માં અવસાન થતાં તેમણે પ્રેમકુંવરબાઈ સાથે લગ્ન કર્યું. બીજાં પત્નીનું પણ ઈ. ૧૯૧૨માં અવસાન થતાં તેમણે ઈ. ૧૯૧૩માં શેઠ ધારસી પુરુષોત્તમનાં પુત્રી બચુબહેન સાથે લગ્ન કર્યું. આ લગ્ન અગાઉ તેમણે ભાવિ પત્ની સાથે પત્રવ્યવહાર દ્વારા કુટુંબ, સમાજ અને દેશની પ્રગતિમાં મહિલાઓનું સ્થાન જણાવીને, પોતાની જીવનદૃષ્ટિનો ખયાલ આપ્યો હતો. આનું શુભ પરિણામ એ આવ્યું કે બચુબહેનના મનમાં ભાવિ જીવનનો નકશો તૈયાર થઈ ચૂક્યો. મુંબાઈમાં પગ મૂકતાં જ એમનું જીવન પરિવર્તન પામ્યું. એનાં પ્રથમ પગરણ એમના નામપરિવર્તનથી થયાં. પોતાની ગત પત્નીઓનું મધુર સ્મરણ જાળવવા વિઠ્ઠલદાસે બચુબહેનનું નવું નામ આગલી પત્નીઓનાં નામ 'પ્રેમલીલા' રાખ્યું. જીવનનાં સર્વ કાર્યક્ષેત્રોમાં પત્ની અર્ધાંગના બની રહે એવી ઝંખના સેવનાર પતિએ કાબેલ શિક્ષકો રોકીને અલ્પ શિક્ષિત પત્નીને સર્વાંગી શિક્ષણ આપવાનો પ્રબંધ કર્યો. તીવ્ર યાદશક્તિ, હિંમત, જિજ્ઞાસા, દૃઢ નિશ્ચય અને પતિ પ્રત્યેની ભક્તિને લીધે પ્રેમલીલાબહેન ઝડપથી પોતાના વ્યક્તિત્વને વિકસાવતાં જઇને છેવટ 'ઠાકરસી વિદ્યાપીઠ'ની સૅનેટના સભ્યપદથી શરૂ કરીને આગળ જતાં એ જ વિદ્યાપીઠના કુલપતિપદની કાર્યવાહી કેટલાંય વર્ષો સુધી પોતાની બુદ્ધિપ્રતિભાથી જે રીતે દીપાવી તથા અનેક સ્ત્રી સંસ્થાઓનું જે સફળ સંચાલન કર્યું એનો યે એક આગવો ગૌરવભર્યો ઇતિહાસ છે. ૧૯૬૯ના સપ્ટેમ્બરમાં તેમને ૭૫ વર્ષ પૂરાં થયાં ત્યારે મુંબાઈમાં ભારે દબદબાપૂર્વક તેની ઉજવણી થઈ હતી.

સ્વચ્છ, ફૂમાશદાર બંગાળી ધોતિયું, પગમાં લાંબાં મોજાં ને રબ્બરની પટ્ટીવાળા ચકચકતા બૂટ, શરીર પર બદન, ખમીસ, તે તેના ઉપર લાંબો ઘૂંટણ સુધીનો પસમાઈદાર કોટ તથા માથે ભાતીગળ ભાટિયાશાઈ કચ્છી પાઘડી એ વિઠ્ઠલદાસનો હમેશનો પોશાક હતો. કોઈ વાર પાઘડીને બદલે તેઓ મખમલની ટોપી પણ પહેરતા. તેમને સ્વદેશી પોશાક માટે ખાસ ગૌરવ હતું. ઈ. ૧૯૦૦માં ગવર્નરસાહેબના દરબારમાં તેમને આમંત્રણ મળ્યું ત્યારે તેમણે ધોતિયા-પાઘડીના સ્વદેશી પોશાકમાં ત્યાં જવાનો એમણે આગ્રહ રાખેલો અને એ રીતે જ ગએલા.

હજી તો તેઓ એમની કારકિર્દીનાં શિખરો એક પછી એક સર કરતા જતા હતા ત્યાં જ વિધિએ વક્ર દૃષ્ટિ કરી. ઈ. ૧૯૧૯ના વિશ્વપ્રવાસ દરમિયાન લંડનમાં એમને હોજરીના અલ્સરની પીડા શરૂ થઈ અને રક્તસ્રાવ થવા માંડ્યો. તેમની તબિયત કથળી ને પંદરેક દિવસ પથારીમાં જ રહેવું પડ્યું. આ તેમની માંદગીનો પહેલો (અનુ૦ પૃષ્ઠ ૩૫૬)

☆—માનવ પ્રેમ—☆

બાબુભાઈ વૈદ્ય

હું ચિત્રકાર હોઉં તો બાજુબાજુમાં મૂકવા બે ચિત્રો દોરું. સ્વચ્છ, સુંદર, સુસજ્જ ઓરડો હોય. સગડી સળગતી હોય. આરામ-ખુરશીમાં પડયો એક આધેડ આદમી કોઈ ચોપડી વાંચતો હોય. પહેલું ચિત્ર હું આવું દોરું. તેનું નામ આપું—'નિરાંત'.

બીજા ચિત્રની પાર્શ્વભૂમાં ગંદી, સાંકડી, અંધારી ઓરડી હોય. એમાં રાચરચીલું નહિવત્ હોય. તૂટેલા ટેબલ પાસે ખુરશીની ગરજ સારતાં સાબુનાં બે'ક ખાલી ખોખાં પડયાં હોય. ખૂણામાં જૂનો કોટ ઓઢીને એક કંગાલ છોકરી ટૂંટિયું વળીને પડી હોય. અસહ્ય વેદનાથી તેનો ચહેરો અમળાતો હોય. મેલોઘેલો એક પુરુષ એ છોકરી સામે હતાશ દૃષ્ટિએ તાકી રહ્યો હોય. આ ચિત્રને નામ આપું—'કરુણતા'.

ના. આ બે વિસંવાદી ચિત્રો કલ્પના માત્ર નથી. એ વાસ્તવિક જીવન પર મંડિત છે. હું તેની વિગતો આપું.

પોસ્ટ ઑફિસની ગણતરીએ હાર્લે સ્ટ્રીટ 'વેસ્ટ-૧' ગણાય છે. કૅનિંગ ટાઉનનું ટપાલનું ઠેકાણું 'ઇસ્ટ-૧૬' છે. ફેશન, રહેણીકરણી અને રીતરિવાજો જોતાં આ બે વિસ્તારો ઉત્તર-દક્ષિણધ્રુવ જેટલા અલગ છે. પણ માનવ-જીવનનો પ્રશ્ન હોય ત્યારે બંને ધ્રુવના રેખાંશ-અક્ષાંસ પળ માત્રમાં સંધાઈ જાય છે.

મારા પ્રથમ ચિત્રનું કેન્દ્રવર્તી પાત્ર છે વૈદકીય ક્ષેત્રમાં મહાન એવા એક જાણીતા સર્જન. આખો દિવસ ઑસ્પિટલમાં સતત શ્રમ કર્યા પછી સાંજે તેઓ પોતાના બંગલાની શાંતિમાં આરામથી વાંચવા બેઠા છે. વહેલી સવારના આઠ વાગ્યાથી તેમણે ઑપરેશન શરૂ કર્યાં હતાં. વચમાં ઉતાવળે થોડું ખાવા પૂરતો જ આરામ તેમણે લીધો હતો. અત્યારે તેમનું કામ પૂરું થયું છે. અને, તેઓ કોઈ રસિક પુસ્તક લઈ સગડીની હૂંફમાં આરામથી બેઠા છે.

એટલામાં તેમના ટેલિફોનની ઘંટડી રણકી. થોડી મિનિટમાં તૈયાર થઈ, સૂમસામ રાતે થાકનો વિચાર સરખો કર્યા વિના તેઓ પાછા ઑસ્પિટલે જઈ રહ્યા છે. કોઈ ગંભીર દર્દીના તાબડતોબ ઑપરેશન માટે તેમને ફોન કરીને બોલાવવામાં આવ્યા છે.

બીજા ચિત્રનું વસ્તુ કૅનિંગ ટાઉનમાં કોઈ મકાનની સાંકડી ઓરડીમાં છે. ચિત્રમાં જે આદમી ઊભો છે, તે આ વિસ્તારનું નામચીન પાત્ર છે. પોતાની જાતને એ સામ્યવાદી કહેવડાવે છે. બોલ્શેવિસ્ટ હોવાની તેને લવલેશ શરમ નથી. બે વર્ષ પહેલાં એ બેકાર બન્યો. કામ મેળવવા તેણે આમતેમ વ્યર્થ ફાંફાં માર્યાં, પણ ક્યાંય પાટો બાઝયો નહિ. છેવટ, તેણે કામ મેળવવાની આશા છોડી દીધી. ત્યારથી તે શેરીનો વક્તા બન્યો છે.

મૂડીવાદનો ખાત્મો, બુર્ઝવા સંસ્કૃતિનો વિનાશ, એ તેનાં પ્રવચનોના કાયમી મુદ્દા છે. પોતે શું ઇચ્છે છે, એની કોઈ સ્પષ્ટ રૂપરેખા તેના મનમાં ન હતી; પણ આજના શોષણ-આધારિત સમાજનો નાશ કર્યા પછી જે નવો સમાજ રચાશે, તે આજના જેટલો ખરાબ નહિ હોય, એની તેને ખાતરી હતી. ક્રાંતિની વાત તે ઝનૂનપૂર્વક કરતો.

ક્રાંતિ આવી ચડી, પણ તેણે કલ્પી હતી તેથી તદ્દન જુદા સ્વરૂપે. એક રાતે એ શેરીનાં પ્રવચન પતાવી પોતાના ઘોલકામાં આવ્યો ત્યારે તેણે પોતાની વહાલસોયી દીકરીને અસહ્ય વેદનાથી પિડાતી જોઈ. વર્ગવિગ્રહ અને ધિક્કાર ફેલાવવાના આગ્રહી એ ક્રાંતિકાર માટે પ્રેમ કરી શકાય તેવું એક માત્ર પાત્ર આ છોકરી હતી.

વિનાશનો વંટોળ ચડાવવા નીકળેલો ક્રાંતિકારી પોતાની દીકરી સંસાર છોડી જાય, તેની કલ્પના માત્રથી થથરી ઊઠયો. તેના પેટમાં ચૂંથાવા લાગ્યું. એક કલાક પછી એ છોકરીને સ્ટ્રેચર પર નાખીને ઑસ્પિટલના વૉર્ડમાં લઈ જતા હતા ત્યારે એ સામ્યવાદી પિતા ભગ્નાશ ને ભાંગી પડેલાની જેમ તેની પાછળપાછળ નીચી મૂંડીએ ચાલતો હતો.

મોડી રાતે પોતાના આલીશાન ઘરની હૂંફ છોડીને, ફી કે બદલાની કશી અપેક્ષા વિના હાર્લે સ્ટ્રીટના સર્જન ઘરની બહાર નીકળ્યા, તે આ સામ્યવાદીની છોકરી માટે.

ઑપરેશન થીએટરમાં સર્જને ત્રણ કલાક સુધી મૃત્યુ સામે કારમો જંગ ખેલ્યો. આ છોકરી સીધાંસાદાં ઑપરેશનનો કેસ ન હતો. બંધિયાર ઓરડી અને પોષક ખોરાકના અભાવે તેના શરીરનું હીર ચૂસી લીધું હતું. શરીરે સાવ નંખાઈ ગએલી. આ છોકરીના કેસમાં સર્જન સફળ થવાના સંજોગો નહિવત્ હતા, છતાં ઑપરેશન પતાવી બહાર આવ્યા ત્યારે મૃત્યુ સામેનો જંગ જીત્યાની તેમને ખાતરી થઈ ગઈ હતી.

સર્જન ઑસ્પિટલ છોડી ઘેર પાછા જવાની તૈયારી કરતા હતા, ત્યાં મૅટ્રને તેમને બાજુ પર લઈ જઇને કહ્યું, 'આ છોકરીનો બાપ બાપડો ભાંગી પડયો છે. આપ એને હિંમતનાં બે વેણ કહો તો સારું!'

સર્જન સામ્યવાદીને પોતાની અંગત ઑફિસમાં લઈ ગયા. ત્યાં બંનેએ અરધોક કલાક વાતચીત કરી. બહાર નીકળ્યા ત્યારે એ બંનેએ જે ઉષ્માથી હસ્તધૂનન કર્યું, તેના પરથી તેમની વચ્ચે કેવો મીઠો સંબંધ બંધાયો છે, તેનો સ્પષ્ટ ખયાલ આવતો હતો. 'એ સામ્યવાદી હશે, પણ જબરો છે. મને એ ગમે છે.' સર્જને મોટરમાં બેસતાં કહ્યું.

'હું જેમની સામે મોરચો માંડીને બેઠો છું, એ બુર્ઝવા વર્ગમાંના સર્જન એક છે. પણ છે પૂરા ખાનદાન. બીજા બુર્ઝવા આવા હશે ખરા?' સામ્યવાદી ગણગણ્યો.

સામા માણસનું દૃષ્ટિબિંદુ સમજવાનો પ્રયાસ કરીએ તો જગત કેવું સરસ બની જાય!* □

* ડૉ. ફિલિપ ઈનમાનના ઑસ્પિટલ જીવનના અનુભવોના મૂળ અંગ્રેજી 'ધ હ્યુમન ટચ' પરથી.

સર વિઠ્ઠલદાસ ઠાકરસી (અનુ. પૃ. ૩૫૫થી) અને હળવો તબક્કો હતો. ઈ. ૧૯૨૨ના મેની ત્રીજી તારીખે તેઓ 'પર્ણકુટી'નો વાસ્તુવિધિ પતાવીને તા. ૫મીએ મહાબળેશ્વર ગયા ત્યાં તો પેટમાં દુખાવો ઊપડવાથી બાર દિવસમાં જ પાછા પૂના આવી ગયા અને તા. ૧લી જૂનથી 'પર્ણકુટી'નું ચણતર અધૂરું હતું તો ય ત્યાં રહેવા આવી ગયા. જુલાઈમાં ફરી એકાદ માસની માંદગીનો હુમલો આવી ગયો. તા. ૧૦મી ઑગસ્ટે ઑફિસના કામે ગયા ને પાછા ફરતી વખતે રસ્તામાં ઑરીએન્ટ ક્લબમાં-પોતાના મિત્રોને મળવા ગાડીમાંથી નીચે ઊતર્યા, ત્યાં જ તેમનું અલ્સર ફાટયું. તાબડતોબ ઑપરેશન કરવામાં આવ્યું. ઑપરેશન તો સફળ થયું, પણ તે પછી તેમને તાવ ભરાયો અને ૪૯ વર્ષની વયે, ૩૧ વર્ષનાં પ્રેમલીલાબહેનને મૂકીને, તા. ૧૨મી ઑગસ્ટે સવારે ૧૧ વાગ્યે તેમણે જીવનલીલા સંકેલી લીધી.

સ્વ. વિઠ્ઠલદાસની સ્મૃતિમાં સ્થપાયેલ અને શ્રીમતી પ્રેમલીલાબહેન ઠાકરસી દ્વારા સંચાલિત 'સર વિઠ્ઠલદાસ ઠાકરસી ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા આજે હજારો વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ, અશક્ત વૃદ્ધોને દવા-કપડાં અને વિધવાઓને આર્થિક સહાય અપાય છે. મુંબાઈમાં સાન્ટાક્રુઝમાં મધ્યમ વર્ગના લોકો માટે બંધાએલું 'સર વિઠ્ઠલદાસ નગર' આજે તેમની યાદ આપતું ઊભું છે. એમની જન્મશતાબ્દી નિમિત્તે સર વિ. ઠા. ચેરિટેબલ ટ્રસ્ટે ઠાકરસી મહિલા વિદ્યાપીઠના જૂહુ કૅમ્પસમાં સભાગૃહ બાંધવા રૂપિયા ૧૫ લાખ આપ્યા છે. સ્વ. વિઠ્ઠલદાસનાં ઉદાર દાનથી શરૂ થઇને વિકસેલી અનેક શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ તેમના સાચા સ્મારકરૂપ બનીને તેમની યશગાથા ગાતી આજે પણ ઊભી છે. □

કોલાબા વેધશાળા

દોઢસો વર્ષ પહેલાં હવામાન અને મોસમી ફેરફારોની આગાહી-થી આરંભીને ભૂકંપ તથા ભૂચુંબકીય નિરીક્ષણો, ભારતીય સ્ટાંડર્ડ ટાઇમનું નિર્ધારણ, કૃષિ-વાયુશાસ્ત્રીય સંશોધનો વગેરે સાથે માનવસર્જિત ઉપગ્રહો દ્વારા પ્રસારિત ફોટોચિત્રો ઝીલવા જેવી અનેકવિધ અને અમુક ક્ષેત્રે તો અજોડ કામગીરી સંભાળી છે તે દેશ-ની એક અલ્પપરિચિત સંસ્થાનો આછો પરિચય

લેખક · ડૉ. સુશ્રુત પટેલ

નું નામ અપરિચિત નથી. હવામાનના વરતારા વગેરે સાથે અવારનવાર છાપાંઓમાં એનો ઉલ્લેખ થતો જ રહે છે. પણ ઘણાંને ખબર નહિ હોય કે મુંબઈમાં આર.સી. ચર્ચ પાસે વાહનોની ધમાલથી લગભગ મુક્ત આ વેધશાળા આપણા દેશની એક જૂનામાં જૂની વૈજ્ઞાનિક સંસ્થા છે, ને આ વર્ષે એટલે કે ૧૯૭૩માં એ એની સ્થાપનાનાં ૧૫૦ વર્ષ પૂરાં કરે છે ખરેખર તો એવું કહેવું જોઇએ કે આ વેધશાળાની સાથે જ ભારતમાં હવામાન વિજ્ઞાનનો પણ આરંભ થયો. હવામાનની આગાહી ઉપરાંત મોસમ-વિજ્ઞાન, ભૂકંપ-વિજ્ઞાન અને ભૂચુંબક-વિજ્ઞાન જેવા ક્ષેત્રે અનન્ય કહી શકાય એવાં નિરીક્ષણો તથા નોંધોનું આ વેધશાળાના અત્યાર સુધીના કાબેલ સંચાલકોએ દુનિયાને અમૂલું નજરાણું ધર્યું છે.

એકધારી દોઢ સદી સુધી વેધશાળાએ હવામાન વિદ્યા અંગે અત્યન્ત અગત્યની બાતમીઓ ઉપલબ્ધ કરી છે, તો બીજી બાજુ 'ઑલ ઇંડિયા રેડિયો' માટે અવિરતપણે 'ટાઈમ-સિગ્નલ' આપ્યા કર્યાં છે. આકાશ-વાણીના મુંબાઈ 'બી' કેન્દ્ર પરથી દરરોજ સવારે અને સાંજે બરાબર ૮-૪૫ વાગ્યે જે 'છ પિપ' સાંભળવા મળે છે. એ અહીંના સ્ટાન્ડર્ડ ઘડિયાળના છે અને તેની સાથે ભારતભરનાં ઘડિયાળોના કાંટા હાથ મિલાવે છે.

પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર સંબંધી છેલ્લાં ૧૩૦ વર્ષથી જે અખંડ માહિતી આ વેધશાળાએ એકઠી કરી છે તે ખુદ ગ્રીનિચ, ઑસ્લો, પોસ્ટડેમ અને લેનિનગ્રેડ જેવી ધરખમ વેધશાળાઓની આ ક્ષેત્રની કામગીરી કરતાં પણ વધારે મૂલ્યવાન છે.

આ વેધશાળાની સ્થાપનાની ચોક્કસ તારીખ તો નોંધાએલી નથી, પણ એના સૌ પ્રથમ ખગોળવેત્તા તરીકે નિયુક્ત થએલા શ્રી કુરનિન (Cur nin)ના એક પત્રમાં લખેલી તારીખ ઉપરથી એવું અનુમાન કરાયું છે કે ઇતિહાસ ઘડનાર આ અદ્વિતીય સંસ્થાની સ્થાપના સાતમી જૂને કે પછી જૂન મહિનાના ગમે તે દિવસે ઈ. ૧૮૨૩માં થઈ હોવી જોઇએ.

હવામાનના વર્તારા વૈજ્ઞાનિક પદ્ધતિએ જો થતા રહે તો પોતાના વ્યાપારઉદ્યોગ અને વહાણવટામાં જરૂરી પ્રગતિ થતી રહે-એવા ઉદ્દેશથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ઈ. સ. ૧૭૮૮માં મદ્રાસ ખાતે એક વેધશાળા-ની સ્થાપના કરી. એનાં પરિણામોથી ઉત્સાહિત થઈને કંપનીએ એવી જ એક બીજી વેધશાળા મુંબાઈ ખાતે સ્થાપવાનું વિચાર્યું, અને આજે જ્યાં એ જોવા મળે છે એ સ્થાનની પસંદગી કરાઈ. ૧૮૨૩માં ચાલુ કરાએલું બાંધકામ ૧૮૨૬માં તો આટોપી લેવાયું અને જરાય વિલંબ વગર હવામાનને લગતાં નિરીક્ષણો ચાલુ કરી દેવાયાં. જો કે આ બધાં નિરીક્ષણો ન તો પદ્ધતિસરનાં હતાં કે ન તો નિયમિત. કુરનિન ત્યાં ગોઠવાએલાં વૈજ્ઞાનિક ઉપકરણોથી એટલા અસંતુષ્ટ હતા કે એમણે એમાંનાં ઘણાં સાધનો પાછાં ઇંગ્લૅન્ડ મોકલી આપ્યાં, જેથી થોડા સમય સુધી આ વેધશાળા બેકાર પડી રહી. ઈ. ૧૮૩૨માં મુંબાઈની જ્યોગ્રફિકલ સોસાએટીને આ ખાલી મકાનમાંથી એકાદ કમરો વાપરવાની છૂટ આપવામાં આવી. એ પછી ઈ. ૧૮૩૫માં મુંબાઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજના ખગોળશાસ્ત્રના પ્રોફેસર ઑર્લેબાર (Orlebar)ને કેટલાંક ઉપકરણો દાન તરીકે ફાળવીને એ વેધશાળાને જ એમના નિવાસ તરીકે વાપરવાની પરવાનગી આપવામાં આવી. પાછળથી પ્રો. ઑર્લેબાર અને કુરનિન આ વેધશાળાના સંચાલન પાછળ પોતાનો અરધો સમય આપે એવી ગોઠવણ થઈ.

આ પછીનાં ઈ. ૧૮૪૦-૪૧નાં બે વર્ષ વેધશાળાના ઇતિહાસમાં યાદગાર બની રહ્યાં, કારણ કે હવામાનનું નિરીક્ષણ અને નોંધનું કામ આ ગાળામાં ઘણું વ્યવસ્થિત અને એક સરખું થવા માંડ્યું. વળી, આની સાથે જ કોલાબા વેધશાળાએ 'સ્ટાન્ડર્ડ-ટાઇમ'ના નિર્ધારણની એવી જ મહત્ત્વની કામગીરી આરંભી દીધી, અને વહાણવટું ખેડતી કંપનીઓમાં આનું પ્રસારણ કરવા માંડ્યું.

આ ઉપરાંત, આ જ અરસામાં કોલાબા-વેધશાળાના જ એક અંગ તરીકે ચુંબકીય વેધશાળા (Magnetic Observatory)ની સ્થાપના કરાઈ. આમ તો આ પ્રકાર ની વેધશાળા એડન ખાતે જ બાંધવાની બ્રિટિશ સરકારની દરખાસ્ત હતી, પણ એ બર ન આવતાં લંડનની રૉયલ સોસાએટીએ મુંબાઈના નામની ભલામણ કરી, એટલે પછી એ બધાં ચુંબકીય ઉપકરણો અહીં મોકલી આપવામાં આવ્યાં અને કોલાબા ખાતે ઈ. ૧૮૪૧માં આ ચુંબકીય વેધશાળા પોતાનું કાર્ય કરતી થઈ ગઈ.

આ છતાં ય પ્રારંભિક પરિણામો બહુ ઉત્સાહવર્ધક ન આવવાથી મુંબાઈની એ વખતની સરકારે જુલાઈ ૧૮૬૪માં આ અંગે તપાસ કરવા સમિતિ નીમી. આ સમિતિએ કેટલીક વિચિત્ર ભલામણોની સાથે સાથે એક ઉપયોગી ભલામણ એ પણ કરી કે સંચાલન માટે કોઈ એવી વ્યક્તિ હોવી જોઇએ કે જે પોતાનો બધો જ સમય આ વેધશાળાની પાછળ આપી શકે. ૧૮૬૫માં શ્રી ચાર્લ્સ ચેમ્બર્સ (Charles Chambers)ની અહીંના ફુલ-ટાઈમ ડાયરેક્ટર તરીકે નિમણૂંક થઈ. એમના અમલ દરમિયાન હવામાનને તેમ જ ચુંબકત્વને લગતા એકમોને ફોટોગ્રાફિક અને સ્વલેખી (સેલ્ફ-રેકૉર્ડિંગ) ઉપકરણોથી સજ્જ કરવામાં આવ્યાં. અદ્યતન ઉપકરણોને લીધે સંશોધનમાં વેગ આવ્યો.

ફેબ્રુઆરી, ૧૮૯૬માં ચેમ્બર્સનું અવસાન થતાં ખાલી સ્થાને એક ભારતીય અને તે પણ ગુજરાતના વૈજ્ઞાનિકની નિમણૂંક થઈ એ કાંઈ જેવી-તેવી બાબત ન કહેવાય. આવું બહુમાન મેળવનાર ડૉ. નાનાભાઈ અરદેશર ફ્રામજી મુસનું મૂળ વતન સૂરત. આ તેજસ્વી પારસી વૈજ્ઞાનિકની નિમણૂંકનાં પાંચ વર્ષ બાદ મુંબાઈની સરકાર અને મ્યુનિસિપલ કૉર્પોરેશને મુંબાઈમાં વિદ્યુતથી ચાલતી ટ્રામ-કાર-સર્વિસ આરંભ કરવાનો નિર્ધાર કર્યો. ટ્રામની વિદ્યુત તથા તણખા પૃથ્વીના નબળા એવા ચુંબકીયક્ષેત્રમાં ખલેલ કરે તેમ જ ભૂ-ચુંબકીય નિરીક્ષણોમાં અડચણ અને એને પરિણામે ક્ષતિ પેદા કરે એમ હોવાથી ડૉ. મુસ અને એમના સાથીઓએ અગમચેતી વાપરી ક્યાંક દૂરના સ્થાને વેધશાળાને ખસેડવાની દિશામાં ગંભીરપણે વિચારવા માંડ્યું.

આ માટે મુંબાઈથી અગ્નિ દિશામાં આવેલા ૧૯ માઈલ દૂરના 'અલીબાગ' નામના સ્થળની આખરી પસંદગી થઈ. બંધાનાર મકાન એવું હોવું જોઇએ કે એનું ઉષ્ણતામાન એકસરખું અને સમશીતોષ્ણ રહે. વળી એમાં કોઈ એવાં તત્ત્વો ન હોવાં જોઇએ કે જેમની હાજરીમાત્રથી ચુંબકત્વની નોંધણીમાં વિક્ષેપ પડે. ડૉ. મુસે આ માટે પોરબંદરના પથ્થરોની પસંદગી કરી, અને વેધશાળાના બાંધકામમાં વપરાનારા એકેએક પથ્થરની જાતે ચકાસણી કરી જોયા પછી જ એમને ઉપયોગમાં લીધા. આ ચુંબકીય વેધશાળાનું મકાન ૧૯૦૪ સુધીમાં પૂરું થયું.

પ્રારંભમાં ૧૯૦૪ થી ૧૯૦૬ એમ બે વર્ષ સુધી અલીબાગ અને કોલાબા ખાતેનાં કેન્દ્રોએ સાતત્ય જળવાઈ રહે એ ખાતર એ એ સ્થળના

લઘુકથા

'માસ્ક'

અશ્વિન મ. વસાવડા

આજે કાન્તિની તબિયત વધારે બગડી. ઉપરાઉપરી લોહીની ઊલટીઓ થઈ ગઈ.

'માસ્ક' બાંધેલી મેં'તરાણી 'ડેટૉલ' થી તેની ઓરડી સાફ કરી ગઈ. 'માસ્ક' બાંધેલી નર્સ તેને 'ગ્લુકૉઝ'નો બાટલો ચડાવી ગઈ. મોટા ભાઈને પણ આ નર્સે સલાહ આપેલી કે 'ભાઈ, આ રોગ ચેપી છે. તમે દૂબળા-પાતળા માણસ છો, તમારે દર્દીની પાસે એના પલંગ પર બહુ બેસવું નહિ.' કાન્તિ એ સાંભળી ગએલો.

ટી. બી. ચેપી રોગ છે એ કાન્તિ વિજ્ઞાનમાં ભણ્યો હતો. ભાઈને કે બાને પોતાનો ચેપ ન લાગે તેમ એ પણ મનોમન ઇચ્છતો હતો, છતાં કુટુંબીને પોતાથી આ રીતે દૂર રહેવાનું કહેનાર નર્સ ઉપર તે દિવસથી તેને ગુસ્સો ચડયો હતો. નર્સની સલાહ સાંભળી ગયા પછી એને મોટા ભાઈના વર્તનમાં પણ શંકા પેઠી હતી.

છતાં બા પોતાની પાસે ને પાસે જ રહે છે એ વાતનો તેને સંતોષ હતો. બા માથામાં હાથ ફેરવે ત્યારે જ તેને ઊંઘ આવતી. એને 'ઈંજેક્શન' આપવાના સમયે કે 'ગ્લુકૉઝ'નો બાટલો ચડાવતી વેળાએ ઓશિકા પાસે બેસી કાન્તિની આંખો દબાવી રાખવાનો મોંઘીબહેનનો જાણે કે નિયમ જ થઈ ગએલો.

નર્સ ઇંજેક્શન આપી ગઈ. ડૉક્ટરે તબિયત તપાસીને ભાઈને બહાર લઈ જઈ કંઈ કહ્યું. ભાઈએ બાને બહાર બોલાવ્યાં.... આ બધું જ અર્ધનિદ્રામાં પડેલા કાન્તિએ જોએલું.

એ ઝબકીને જાગી ગયો. તેણે જોયું તો એક હાથે સાડલાના છેડાને મોં ઉપર ઢાંકેલો રાખી મોંઘીબહેન તેના માથા પર મૃદુતાથી હાથ ફેરવી રહ્યાં હતાં.

કાન્તિથી ચીસ પડાઈ ગઈ, 'બા; તું આઘી બેસ. તને મારો ચેપ લાગી જશે.'

ક્યારનું ભરાએલું હૈયું મોંઘીબહેન સાચવી ન શક્યાં. કાન્તિને વળગીને તે હૈયાફાટ રડી પડયાં.

અને ક્યાંય સુધી મા-દીકરાનો શ્વાસોચ્છ્વાસ ભળતો રહ્યો. દોડી આવેલો 'માસ્ક'વાળો સમુદાય આ જોતો રહ્યો!!!

ચુંબકીય ક્ષેત્રની નોંધણી એક જ સમયે કર્યા કરી. આ કામ સરળ ન હતું, કારણ કે એ દિવસોમાં રેડિયો કે ટેલિફોન જેવાં સાધનો ન હતાં. પણ ડૉ. મુસે આ માટે કરેલી ખાસ વ્યવસ્થાને પરિણામે બંને સ્થાનનાં અવલોકનો એકીસાથે લેવાનું શક્ય બન્યું. ત્યાર બાદ, ૧૯૦૬માં કોલાબા ખાતેની ચુંબકીય વેધશાળા બંધ કરી દેવાઈ.

ડૉ. મુસ ગહેરી બુદ્ધિપ્રતિભા ધરાવતા એક પ્રખર વૈજ્ઞાનિક હતા અને અનેક સંશોધનો કર્યા પછી એમણે ૧૮૪૬ થી ૧૯૦૬ વચ્ચેના ગાળામાં કોલાબાની ચુંબકીય વેધશાળામાં કરેલી નોંધોનું પૃથક્કરણ તથા વિવેચન કરતા 'કોલાબા મૅગ્નેટિક ડેટા' (Colaba Magnetic Data) નામના બે ગ્રંથો પ્રસિદ્ધ કર્યા. છેક ૧૯૧૦માં પ્રસિદ્ધ થએલા આ બંને ગ્રંથો આજે પણ એટલા જ આદરણીય રહ્યા છે.

ડૉ. મુસના જ અમલ દરમિયાન એટલે કે ઈ. ૧૮૯૯માં આ વેધશાળાનો વહીવટ મુંબાઈ સરકાર પાસેથી હિંદ સરકારે હાથમાં લીધો. મે ૧૯૧૯માં ડૉ. મુસ નિવૃત્ત થતાં એમના સ્થાને ટૂંકી મુદત માટે એક અચ્છા ગણિતશાસ્ત્રી શ્રી ટી. કે. ચિન્મયાનંદનની નિમણૂક થઈ હતી. ૧૯૨૫માં એમનું અવસાન થયું પણ પોતાની કામગીરીના ટૂંકા ગાળામાં એમણે ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને ચુંબકશાસ્ત્રને આવરી લેતી પુષ્કળ નોંધો કરી હતી, જો કે એ પ્રસિદ્ધ નથી થઈ શકી.

એ પછી ડૉ. એસ. કે. બૅનરજીની આ સ્થાને ૧૯૨૨ના એપ્રિલમાં નિમણૂંક થઈ હતી. ડૉ. બૅનરજી કોલાબા અને અલીબાગ વેધશાળાના ડાયરેક્ટર તરીકે દસ વર્ષ સુધી રહ્યા એ દરમિયાન એમણે ભૂકંપ-વિજ્ઞાન, હવામાનશાસ્ત્ર વગેરેને લગતા સંખ્યાબંધ સંશોધન લેખો પ્રસિદ્ધ કર્યા. ધરતીકંપના કેન્દ્રના ઊંડાણનો એમણે તાગ મેળવ્યો, તો મેઘગર્જનાના વિદ્યુતક્ષેત્રો સંબંધી તેમ જ ભારતીય સમુદ્રોમાં ઊઠતાં તોફાનો સાથે સંકળાએલા સૂક્ષ્મકંપ (microseism) સંબંધી એમનાં સંશોધનોએ એમની એક કાબેલ વૈજ્ઞાનિક તરીકે પિછાણ કરાવી. આ ઉપરાંત, ભારતમાં ધરતીકંપના તરંગો અંગે પણ એમણે અગ્રસર સંશોધનો કરી બતાવ્યાં.

ડૉ. બૅનરજી પછી આજ સુધીમાં દસેક જેટલા વૈજ્ઞાનિકો આ વેધશાળાના ડાયરેક્ટર બન્યા છે, અને વેધશાળાને આગળ લાવવામાં પોતપોતાની રીતે સફળતાને વર્યા છે. આ સૌનાં કાર્યક્ષેત્રો તો ઘણાં વિશાળ છે, એટલે અહીં તો માત્ર તેમનાં નામોનો જ ઉલ્લેખ કરીને આપણે સંતોષ માનીશું. (કૌંસમાં એ સર્વેના સંચાલન-કાળ આપ્યા છે.) ૧ ડૉ. બી. એન. બૅનરજી (૧૯૩૨ થી ૧૯૩૩). ૨ ડૉ. એસ. સી. રૉય (૧૯૩૩ થી ૧૯૩૬). ૩ ડૉ. કે. આર. રામનાથન (૧૯૩૬ થી ૧૯૩૮): હાલ અમદાવાદમાં વસેલા અગ્રગણ્ય હવામાનશાસ્ત્રી તરીકે પંકાએલા બહુશ્રુત અને પ્રખર ભૂ-ભૌતિકશાસ્ત્રી. ૪ ડૉ. એસ. આર. સેવૂર (૧૯૩૮થી ૧૯૪૫). ૫ ડૉ. એસ. કે. ચક્રવર્તી (૧૯૪૫ થી ૧૯૪૮). ૬ શ્રી એસ. એલ. મલુરકર (૧૯૪૮ થી ૧૯૫૯). ૭ ડૉ. પી. રામ પિશેરોટી (૧૯૫૯થી ૧૯૬૨): 'સ્કાયલૅબ' દ્વારા મળનારી માહિતીના અભ્યાસ માટે જે ભારતીય વૈજ્ઞાનિકની પસંદગી કરાઈ છે, ને હાલમાં અમદાવાદના 'સ્પેસ ઍપ્લિકેશન સેન્ટર'ના સિનિયર પ્રાધ્યાપક તેમ જ આંતરરાષ્ટ્રીય હવામાનશાસ્ત્રી અને અવકાશવિજ્ઞાની. ૮ ડૉ. ડી. એમ. કે. નેહુનગડી (૧૯૬૫ થી ૧૯૬૬) તથા હાલના ડાયરેક્ટર.

લોકોએ દુષ્કાળ તેમજ ચક્રવાત (cyclones), ફરકાં (depressions) વગેરેથી ત્રાસીને આ બધાંની આગોતરી જાણ કરતી કોઈ વ્યવસ્થાની માગણી કરતાં ઈ. સ. ૧૮૭૪-'૭૫માં એ વખતની કેન્દ્ર સરકારે હવામાનનાં પ્રાંતીય ખાતાંઓનું એકીકરણ કરીને એક અલગ હવામાન ખાતું ખોલ્યું અને સમગ્ર દેશમાં હવામાનનાં નિરીક્ષણ માટે જોગવાઈ કરી. એ અરસામાં ભારતમાં ૭૭ વેધશાળાઓ હતી જ્યારે આજે તો માત્ર અડધો સમય જ કામ કરતી વેધશાળાઓ આશરે ૫૦૦ જેટલી વાયુશાસ્ત્રની કચેરીઓ અથવા પૃષ્ઠ વેધશાળાઓ હવામાન ઉપર સતત ચાંપતી નજર રાખતી બેઠી છે.

આ ઉપરાંત, દિવસના બે થી ચાર વખત બલૂન ઉડાડીને ઉપરના પવનોને માપતી ૫૫ જેટલી પાયલોટ-બલૂન વેધશાળાઓ પણ મહત્ત્વની કામગીરી કરે છે. ઍરોડ્રોમની આસપાસ થતા હવામાનના ફેરફારોને માપતી ૭૭ જેટલી વેધશાળાઓનો પણ ઉલ્લેખ કરવો જોઇએ. વળી આ ઉપરાંત હવામાનનાં તોફાન દર્શાવતાં ૧૦ સ્ટેશનો, ૧૨૨ જેટલી કૃષિ-વાયુશાસ્ત્રીય-વેધશાળાઓ (Agro-metcorological observatories) તેમ જ ધરતીકંપને નોંધતાં ૩૨ અને વિવિધ પ્રકારનાં વિકિરણ માપનાં ૩૦ જેટલાં અન્ય કેન્દ્રો પણ હવામાનખાતા નીચે કામ કરે છે. આ સિવાય ૧૯૮ જેટલાં ભારતીય જહાજો પણ સ્વૈચ્છિકપણે આ વિભાગને સેવાઓ આપે છે. છેલ્લા થોડા સમયથી હવામાનખાતાને અમેરિકાના મુખ્યત્વે બે ઉપગ્રહોનો પણ સહકાર મળ્યો છે. અમેરિકાના એવા ઉપગ્રહો જે ફોટાઓ મોકલી આપે છે એ આપણે ત્યાં કોલાબા સહિત પાંચ કેન્દ્રોમાં ઝિલાય છે. આ કેન્દ્રોને 'ઑટોમૅટિક પિક્ચર ટ્રાન્સમિશન (APT) રીસિવિંગ સ્ટેશન' તરીકે ઓળખવામાં આવે છે.

હાલમાં જાપાને આવી ઉપગ્રહ વ્યવસ્થા આપણને (અનુ. પૃ. ૩૬૩)



એ કે વાર્તામાં કંડારી કંડારીને સભાનપણે ઘડી કાઢેલું રૂપ નથી, શિલ્પવિધાન નથી. છૂટક પ્રસંગો છે, તે એક પાત્રને કારણે એકસાથે આવે છે. નિરૂપણમાં સાદાઈ છે. ચારે ય વાર્તામાં લોક જેમાં માને છે તેવાં મૂલ્યો છે: રાખ-રખાવટ, શરણાગત, વટ, આબરૂ, ધર્મપરસ્તી વગેરે; અને એ બધાં ખાતર સહજ રીતે દર્શાવાતાં શૌર્ય અને ખમીર. પણ ચારેયમાં વત્તાઓછા પ્રમાણમાં ચમત્કાર તો છે જ—લોકમાન્યતામાંથી થતો વહેમ, જેને ગાંડપણ કહીએ એવો, જેને બાલિશ ગણીને હસી કાઢીએ; અપ્સરાઓ ને પલંગના ઊડવા જેવો કે ફિરસ્તાઓના પ્રગટવા જેવો ચમત્કાર. પણ એ ભોળા લોકોને જો વિવાદ કરતાં આવડતું હોત તો એ કહેત કે 'જે છે એ આ અમારે માટે છે; તમારે ત્યાં કોણ ચોખા મૂકવા આવ્યું'તું કે આ લેવા તમે આવો? અમને આમાં મજા આવે છે અને અમે—ઘણાખરા—આમાં માનીએ છીએ'. થયું. આ બાબતમાં આ પ્રસંગના કહેનાર-સાંભળનારનાં વલણો જુદાં છે; અને એમનું સાહિત્ય એમનાં આ વલણોવાળું જ હોય. એ સાહિત્ય આપણે એકઠું કરીએ ત્યારે આપણને એ વલણો સ્વીકારવાની તો કોઈ ફરજ પાડતું જ નથી! તો પછી એમનું એ સાહિત્ય જેવું છે તેવું રાખીએ તો? એના પર આપણાં રંગ-રોગાન શાં? એમ કર્યે એ સાહિત્યનું આગવાપણું રહેશે કે? માન્યતાઓની બાબતમાં ઘાટઘૂટની બાબતમાં–'ફૉર્મ' ને 'કન્ટેન્ટ' બંને બાબતમાં આપણા સાહિત્યનાં લક્ષણો લોકસાહિત્યને ઓઢાડવાં એ તો એ સાહિત્યને અપનાવવાને બદલે વટલાવવા જેવું છે. એને એનાપણાથી સદા માટે વંચિત કરવા જેવું છે; કાળક્રમે એને નામશેષ કરવામાં જ આવી વટાળવૃદ્ધિ-પ્રવૃત્તિ પરિણમે.

આ ચાર વાતો 'સૌરાષ્ટ્ર'માં ૧૯૨૨માં પ્રગટ થઈ. એ ચારેમાં આપનારનાં નામો છે. લોકસાહિત્યની નોંધનો આ જગમાન્ય શિરસ્તો છે. મેઘાણીએ એનું પહેલેથી પાલન કર્યું છે. અલબત્ત, 'ઇન્ફૉર્મન્ટ'–કૃતિ આપનાર—વિષેની નામ સિવાયની જરૂરી વિગતો ક્યાંક છે. ક્યાંક નથી. કથા-સમય ને સ્થળ વિષે પણ ચોકસાઈની વિગતો નોંધી નથી. એમાં, મોટે ભાગે ઉતાવળ, ને પરિપાટીનો અભાવ એ કારણો છે. મેઘાણી જેટલો–જેવો નિખાલસ ઋણસ્વીકારનો વિવેક બીજે જવલ્લે જ જોવા મળે છે. છેલ્લે છેલ્લે તો, પોતે ક્યાંથી કઈ રીતે એકઠું કર્યું એની નોંધવહીઓ એમણે આપવા માંડેલી ('પરકમ્મા' અને 'છેલ્લું પ્રયાણ'). એ અકાળે ગયા ને એ વાત અધૂરી રહી. પણ આટલી વિગતો કોઈ બીજાએ ગુજરાતીમાં આપી છે ખરી? હમણાં જ એક સુંદર સામયિકમાં 'ચૂડ વિજોગણના દુહા' જોયા. ઇન્ફૉર્મન્ટનું નામનિશાન ન મળે! પ્રખ્યાત 'ગુજરાત અને કાઠિયાવાડ દેશની વાતો'માં અસલ નોંધો ફરામજી બમનજીની અને એ નોંધો પરથી વિસ્તૃત કરીને વાતો લખનાર તો પગારદારો હતા એ ખબર છે ને? એમાંના કોઈનો ય—વિનાનામે પણ—આભાર ફ. બ.એ માન્યો છે? 'બુદ્ધિ અને રૂઢિની કથા'ના લેખક કેશવલાલ પરીખે પૈસાને ખાતર આમાંની કેટલીક વાતો લખી છે એ વિગત સ્વ૦ દેરાસરીએ આપી છે ('સાઠીના સાહિત્યનું દિગ્દર્શન', ૧૯૧૧, પૃ. ૧૮૧); પણ આટલા જાણીતા બનેલા વિદ્વાન સંપાદક પણ આ બાબતમાં તો ચૂપ જ રહ્યા!

મેઘાણીની આ ચારે ય વાર્તાઓમાં (અને બીજીમાં પણ) આવતાં ગામોનાં ને પાત્રોનાં નામો આ પ્રસંગો સાચા હોવાની આભા ઊભી કરે છે. ક્યાં ય કાળનિર્દેશ નથી. ઐતિહાસિક પાત્ર-પ્રસંગ પર ચમત્કારિક લોકમાન્યતાના પુટ ચડે છે ત્યારે એ દંતકથા જેવી બની જાય છે. અલબત્ત, આ વાતોની ઐતિહાસિકતા અસિદ્ધ જ રહે છે; પણ લોકમાન્યતા, લોકવ્યવહાર ને સામાન્ય લોકજીવન એ ત્રણનું ચિત્ર મળે છે. એટલા પૂરતી વાતાવરણની, સમાજચિત્રણની વાસ્તવિકતા છે, પ્રસંગોની નહિ. જો કે આવી વાર્તાઓ ઐતિહાસિકતાનો દાવો કરે ત્યારે જ આ પ્રશ્ન ઉપસ્થિત થાય. કૃતિ તરીકે તો—તે 'લોક' હોય કે 'શિષ્ટ'—એની આસ્વાદ્યતાનો જ વિચાર મુખ્ય ને કાયમી ગણાય.

એમાં ક્યારે, ક્યાં ને કેવી રીતે બુદ્ધિ ડખલ કરે છે એ જોવું જરૂરી ખરું. લોકસાહિત્યનો સંપાદક, પોતે પણ સર્જક હોય તો, 'બુદ્ધિ' ને 'ઔચિત્ય'ના એના શહેરી ખયાલોથી દોરાઈને સંપાદન કરી બેસે છે! ખુદ મેઘાણીભાઈમાં આવું આરંભે ઘણે સ્થાને બન્યું. 'સૌરાષ્ટ્રની રસધાર'ના પહેલા ભાગની પહેલી આવૃત્તિની (૧૯૨૩ની) વાર્તાઓને એમણે બીજી આવૃત્તિમાં (૧૯૩૦માં) જે રૂપ આપ્યું તે આ દૃષ્ટિએ ઝીણવટથી જોવા જેવું છે. 'રૂપ' તો મળ્યું છે, પણ તે શિષ્ટ સાહિત્યના વાચકો માટે એમના સાહિત્યસ્વરૂપની નિકટનું રૂપ. એટલા પૂરતું મૂળનું રૂપ દૂર ગયું–થયું છે. ઉદાહરણ રૂપે એક જ વાર્તા લઈએ-પહેલી, 'ચાંપરાજ વાળો'. એ એમણે ફરીથી લખી. આરંભ આકર્ષક કેમ થાય તેનો વિચાર કરી, ભળકડાનું ચિત્ર ખડું કર્યું. ત્યારે જંગલ જતા ચાંપરાજ વાળાને 'તેજના બે ઓળા' મળતા બતાવ્યા. પહેલી આવૃત્તિની અપ્સરાને રુખસદ આપી! ચમત્કારને જાણે બુદ્ધિથી ઘટાવવાનો થોડો યત્ન! પહેલી વાર્તામાં 'અમદાવાદનું કટક' ઊતરી આવશે એ ભવિષ્યવાણી છે, ત્યાં (પ્રસંગને ઘેરો ને વધારે ચિંતાજનક બનાવવા?) 'દિલ્લીનું કટક' કર્યું. મૂળમાં આરંભ મોચીને મળતા ફકીરવાળો સ્વતંત્ર પ્રસંગ છે તે ટાળ્યો ને ચાંપરાજ વાળા ને પેલા ઓળા વચ્ચેની વાતચીતમાં એનો જરા ઉલ્લેખ કરી દીધો, 'ફકીર'નો 'કોક જોગી' કર્યો; 'કોક'થી વળી અનિશ્ચિતતાનો પાશ એને આપી આ દંતકથા જેવી વાત હશે એમ બુદ્ધિથી ઘટાવી શકાય એવી સામગ્રી આપી. મૂળમાં ચાર દીવી છે, ત્યાં એકનો ઉલ્લેખ. મૂળમાં ફકીરે મોચીને ચેતવ્યાનો ઉલ્લેખ નથી; અહીં ઓળા એ વાત કરતાં કહે છે કે જોગીએ મોચીને વચન માગવાનું કહેતાં જ ચેતવ્યો: 'કૂડ માગીશ તો તારું નગર રોળાશે'. મૂળમાં નથી તેવી નાટ્યાત્મક રજૂઆત: 'ભાદર રોતી રોતી વહેતી હતી. આભની હજારો આંખોમાંથી ઝીણાં ઝીણાં આંસુડાં પડતાં હતાં. ચાંપરાજ આઘે આઘે મીટ માંડીને ભેખડ ઉપર ઊભો હતો. અને સાદ પાડીને બોલતો હતો: 'રો મા! રો મા! હું જોગડાને પહેલો નહિ મરવા દઉં!'

ને અસ્પૃશ્યતાનિવારણનો આદર્શ હવામાં હોય, ભાવનગરના છાત્રાલયમાં એ ખાતર પોતે વેઠયું હોય, ત્યારે એ ભાવનાપ્રચારની તક આ વાર્તામાં જોગડાથી મળી તેનો ઉપયોગ થાય! એભલ પિતાને કહે છે: 'એ ગા વાળે ઈ અરજણ! વીર હોય ઈ અપસરાને વરે. એમાં નાત્યજાત્ય ન જોવાય. મર જોગડો પે'લો પોંખાતો. જેતપરને ઝાઝો જશ ચડશે.' આ રીતે વિચારનો કાળવ્યત્યય થાય છે. અસંપ્રજ્ઞાતપણે સર્જક જીવ એ માટે લલચાય છે.

આ એક વાર્તા તો ઉદાહરણરૂપ જોઈ. મેઘાણીભાઈએ બીજી આવૃત્તિમાં આ વાર્તાઓના સ્વરૂપને બદલી નાખ્યું છે તે એમનો, એ કાળે આવી વાર્તાઓ કેવી રીતે લખવી તે તરફનો ઝોક બતાવે છે. લોકવાર્તામાં મેઘાણીની પોતાની કસબ કારીગરી કેટલા પ્રમાણ—પ્રકારની હતી તેની ભાળ મળે એવી સામગ્રી આ પહેલી-બીજી આવૃત્તિથી એમણે જ પૂરી પાડી છે. આ ઝોક લોકસાહિત્યના શાસ્ત્રીય સંપાદનનો નથી જ. પણ, આ વાર્તા-

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ નડિયાદ) તરફથી
તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે રૂ. ૫૧)નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

ઈ. ૧૯૭૨ના સપ્ટેમ્બર થી ૧૯૭૩ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ભારતીય સંસ્કાર પરંપરાને પોષક અને જીવન-ઘડતરમાં સહાયક' થાય તેવા શ્રેષ્ઠ લેખ માટેનું,
'સહવીર્યં કરવા વહે'ના લેખક શ્રી શિવકુમાર જોષીને મળે છે.

ઓ કઈ રીતે નિરૂપવી એ પ્રશ્ન એમના મનમાં હતો જ, ને એમણે આ દિશા પકડી. ઈ. ૧૯૨૩ના ડિસેમ્બર સુધીમાં 'સૌરાષ્ટ્રની રસધાર' બીજા ભાગ-ની સામગ્રી પણ તૈયાર હતી. એની નિરૂપણશૈલી વિષે પણ એ આ રીતે વિચારતા હતા તે ધૂમકેતુ પર એમણે રાણપુરથી લખેલા તા. ૨૩-૧૨-૨૩ના પત્રથી સ્પષ્ટ બને છે. પુછાવે છે: ''રસધાર' ભાગ ૨નું એકડું કરીને બેઠો છું. હવે લખું તે અગાઉની શૈલીએ જ ને? કંઈ નવી લાઈન લેવા જેવી હોય તો કહેશો. તમારું 'રા' નવઘણ' મેં વાંચેલ નથી, નહિ તો કદાચ વધુ સારી શૈલીનો ખયાલ આવત.' ('લિ. ઝવેરચંદ', પત્ર ૨૯મો).

'વધુ સારી શૈલી'ની આ ચિંતા તે શાસ્ત્રીય સંપાદકની નહિ, સર્જક જીવની છે. સંપાદક પર સર્જક ઉન્મેષો પ્રાબલ્ય ભોગવે ત્યારે આવું બને. પણ મેઘાણીમાં સદ્‌ભાગ્યે બધે જ આવું બન્યું નથી. પણ જ્યાંજ્યાં બન્યું છે ત્યાંત્યાં તેની નોંધ આપણે લેવી જ રહી. 'રસધાર'ની યે પૂર્વે જે ચાર વાર્તાઓથી મેઘાણીની પ્રવૃત્તિ આરંભાઈ તે સાચી દિશા હતી, સાચો અભિગમ હતો. એક જ વર્ષમાં એમાં પલટો આવ્યો—'વધુ સારી શૈલી'ના લોભથી. છતાં મૂળની જાળવણીની ચિંતા પણ છે જ. આ બે ખયાલ-માંથી જ્યારે જે પ્રબળ હોય ત્યારે તે વધુ કાર્યાન્વિત બને છે. એટલે ક્યારેક મૂલાનુસારી તો ક્યારેક સર્જકાનુસારી આલેખન થાય છે.

અલબત્ત, આ રીતે વપરાતો કલાકસબ આ રીતે લખાએલી કૃતિને આસ્વાદ્ય તો બનાવે છે જ, કલાત્મક પણ બનાવે; પણ એ કલા, પછી, લોકસાહિત્યની ન રહેતાં કલાકારની વૈયક્તિક કલા ગણાય. એવી કૃતિ શુદ્ધ લોકસાહિત્યની કૃતિ ન રહે. જેમ વ્યક્તિગત કલાકારની તેમ લોક-સાહિત્યની પણ બધી જ કૃતિઓ ઉત્તમ નથી હોતી. જેમ વ્યક્તિગત કલા-કારની ત્રુટિઓ આપણે સુધારવા નથી બેસતા તેમ લોકસાહિત્યમાં પણ.

બીજું: લોકસાહિત્ય કે પુરાણ કે ગમે તેમાંથી વસ્તુ લઈને 'પોતાની' રચના કરવાનો અધિકાર તો કલાકારને છે જ; પણ એ કૃતિ પછી એની જ ગણાય. આજે તો લોકસાહિત્યમાં કામ કર્યાનો જશ લેવો છે ને કૃતિને પોતાને નામે ચડાવી એના કર્તા કે 'લેખક' હોવાનો જશે ય ખાટવે છે! એવાઓની જમાત ઊભી થઈને લોકસાહિત્યનો ઊભો મૉલ ભેળવી દે એ ભય છે. એ મૉલના રક્ષણની તો પ્રજા તરીકે—મેઘાણીએ આખી જિંદગી એ કાર્યમાં હોમી દીધી છતાં—ઝાઝી ચિંતા હોય એમ દેખાતું નથી.

મેઘાણીને નામનો ધખારો પહેલેથી નથી. 'સૌરાષ્ટ્રની રસધાર' ૧૯૨૩માં પ્રસિદ્ધ થઈ. એની ઉપર ક્યાં યે એમનું નામ નહોતું! 'સંગ્રાહક' તરીકે 'સૌરાષ્ટ્ર સાહિત્યમંદિર'નું નામ ને 'મુદ્રક અને પ્રકાશક' તરીકે અમૃતલાલ શેઠનું નામ હતું. પુસ્તક 'ચારણ દેવોને' અર્પણ કરતી અર્પણ-પત્રિકા નીચે પણ હતું અમૃતલાલ શેઠનું નામ. મેઘાણી તો આ કથાસંગ્રહ-ને નામ આપવાના હતા 'કાઠિયાવાડની લોકકથાઓ', તેને બદલે અમૃત-લાલભાઈએ 'સૌરાષ્ટ્રની રસધાર' નામ સૂચવ્યું–એટલું એમનું કર્તૃત્વ. બાકી, એ પહેલા ભાગની ૩૨ વાર્તાઓમાંથી કોઈ એમણે મેળવેલી નથી. મેઘાણીએ પોતે કોની કોની પાસેથી કઈ કઈ વાત મળી તે પુસ્તકને આરંભે 'બે બોલ'માં વિગતે કહ્યું છે. એમનો ઉદ્દેશ પણ સ્પષ્ટ કર્યો છે: સૌરાષ્ટ્રની પિછાન આપવાનો, સૌરાષ્ટ્રની વિશિષ્ટતાઓ દર્શાવવાનો—શોધી શોધીને; કારણ કે 'સૌરાષ્ટ્ર જેટલો જીવતો દેખાય છે, તેથી અનેક ગણો તે એ દટાએલો પડ્યો છે.' ('રસધાર. ભા. ૧, આવૃત્તિ ૧, પૃ૦ ૬.)

એ શોધ ચકિત કરે એવી નથી? માત્ર છ માસની 'સૌરાષ્ટ્ર'ની કામ-ગીરીમાં ૧૯૨૨માં એમણે આવી પાંચ વાર્તાઓ પ્રગટ કરી; એક સંગ્રહ થાય એટલી ૩૨ વાર્તાઓ મેળવી; 'કુરબાનીની કથાઓ' પ્રગટ કરી; બીજો એક સંગ્રહ થાય એટલી વાર્તાઓ એકઠી કરી; દ્વિજેન્દ્રલાલ રાય કૃત 'રાણા પ્રતાપ' નાટક ભાષાન્તર માટે હાથ પર લીધું; 'એશિયાનું કલંક', જેવી લેખ-માળાની તૈયારી કરવા માંડી...સતત જાગરણ ને પગરણનું અનુષ્ઠાન માં-ડ્યું. વખતસર સૂવાની ટકોર કરતા સ્વજનને એ કહે છે: 'આ ધંધો જ એવો છે ભાઈ! જાગરણ અને પગરણ સાહિત્યને વળગેલાં જ છે. ઉજાગરા ને રખડપાટ નહિ તો સાચો સાહિત્યકાર નહિ. ('ઝ. મે. સ્મ.' પૃ. ૬૭).

ઑફિસે ય નિરાંત નહિ. કોઈક વાર લખવામાં રત હોય ત્યાં ધૂડો હરિજન એનો ખડિયો લઈને સામે આવી ખડો થઈ રહે! કાંઈક કાલુંઘેલું સંભળાવતો જાય. કોક વાર વળી જીજી બારોટ આવીને વાતો સંભળાવી જાય. એમાં વળી એમની કચ્છી જબાન પણ આવી જાય. 'સૌરાષ્ટ્ર'માં એક લેખનકામ ચાલતું હોય ત્યાં જ આવું બીજું વચમાં વચમાં અ-ચાનક આવી ચડે! એનો પૂરો પરિચય મેળવવાનો કે એ કહે તે પૂરું નોંધવાનો ય અવકાશ નહોતો! રસ હતો તે થતું નહોતું એના પાર વિ-નાનો વસવસો જીવ કોતરી ખાતો: 'એક તરફથી અખબારના સંપાદનમાં પૂરો સમય આપવો પડતો, બીજી તરફ છાપાંકામ જેને ભાગ્યે જ પુષ્ટ કરી શકે-બલકે હણી નાખે છે-તેવો આ લોકવિદ્યાનો સર્વદેશીય રસ કેળવવાનો હતો.' ('પરકમ્મા', ૧૯૪૭, પૃ. ૪).

વાર્તા લખવાની ઝંખના નહોતી, પણ કહેવાની કળા મુખગત કરવા મન થતું એના પ્રયોગો મનોમન કરતા. કહેણી મનમાં ગોઠવતા. ઘણા વાર્તાકારો પાસેથી વાર્તા સાંભળી હતી એની માંડણી વિષે વિચાર્યું હતું. ભાવવ્યંજક સુભાષિતો સજાવી સજાવીને વાર્તા માંડવાની કલા શીખતા હતા. એની અસરથી એમની વાર્તાને લાભ-હાનિ બંને થયાં છે.

ક્યારેક કોઈ ચારણ, ક્યારેક કોઈ વૃદ્ધ, કોઈ બારોટ, કોઈ મીર... વાતો, દુહા, કવિતો, ટુચકા એમ ભાતભાતનું સંભળાવતા. એટલે વાર્તા ઉપરાંત લોકસાહિત્યનાં અન્ય સ્વરૂપોનો પરિચય, સંગ્રહ પણ થતો જાય. કાર્યાલયના દિવસો દરમિયાન પણ આ બધાં વળગણો તો ખરાં જ. ને પેલા ત્રણ રઝળપાટના દિવસો માત્ર સાહિત્ય સંપાદનના જ નહોતા, લોક-જીવનની તાલીમના હતા: વેગભરી તાલીમ, અનેકદેશીય તાલીમ. પોતે કહે છે: 'ટીપે ટીપે, ટુકડે ટુકડે સમસ્ત જીવન, ભાષા, વાણી, કવિતા, રીતો, રસમો, પશુઓ, પરંપરાઓ, પહેરવેશો, સંસ્કારો, ભૌગોલિક અવ-સ્થાન્તરો ઇત્યાદિનું સમગ્રતાએ ખેડાણ કરતો કરતો હું લોકસાહિત્યમાં પલટાયો છું.' ('પરકમ્મા', ૧૯૪૭, પૃ. ૨૫.)

વળી કહે છે: 'દિશા ખોવાઈ જાત જો લોકસાહિત્યના એકાદ કે ઈ પ્રદેશને નિરાળો રાખીને ભમ્યા કર્યું હોત તો. એક શાખાને પહેલાં પતાવી દઈએ પછી જ બીજીને પકડશું, એવું વલણ સાહિત્યના સેવનમાં સલા-મત નથી. સાહિત્યની શાખાપ્રશાખાઓ એ તો માળાની સેર્યો છે. ચો-ટલાની લટો છે. પટકુળના વાણા ને તાણા છે. એ તો છે શાળવીના જેવું, કબીરિયાના જેવું કામ. માનસ-પટનો વણાટ એ સર્વ ધાગાઓની સામટી ચાલ ઉપર જ અવલંબે છે.' ('પરકમ્મા', ૧૯૪૭, પૃ. ૭૮.)

આરંભે જ કેટલી શાખાઓ પકડી! લોકસાહિત્યમાં પ્રથમ વાર્તા, પણ પછી બધી શાખાઓ; એ સાથે ભાષાન્તરો, અંગ્રેજી પુસ્તકો, રાજ-કારણના પ્રશ્નો પરનાં પુસ્તકો; લોકહિલચાલનાં ઇતિહાસ પરનાં પુસ્તકો; નવલો, વાર્તાઓ, નાટકો; ...ને રોજના સમાચારો ને પત્રો! એટલે જ આરંભથી એમનો સાહિત્યફાલ ભાતીગળ રહ્યો; વાણી જૂની-નવી, તળ-પદી-શિષ્ટ, વિવિધરંગી રહી. (ચાલુ)

કાકાસાહેબ કાલેલકરના જાહેર જીવનના પ્રારંભની લેખમાળા · ગંગનાથ વિદ્યાલય-૯

સામાજિક સુધારા માટે હિંમત

રાષ્ટ્રીય શિક્ષણ એટલે દેશની ગુલામી તોડવા માટે, સામાજિક, આર્થિક, ધાર્મિક અને રાજકીય ક્રાંતિ કરવા માટે નવી પેઢીને તૈયાર કરવાના હેતુથી ચલાવેલી સંસ્થા. અમારા મનની આ ખરી વ્યાખ્યા હતી. 'ગંગનાથ વિદ્યાલય' એવા ક્રાંતિકારી હેતુથી શરૂ કરેલી રાષ્ટ્રીય શિક્ષણની સંસ્થા હતી.

કેશવરાવ દેશપાંડે કહેતા કે આવી સંસ્થા મારફતે ધાર્મિક ક્રાંતિ પણ કરવાની છે જ. એને માટે જૂનાં લોકપ્રિય અને ધનિક મંદિરોનો ઉપયોગ કેમ ન કરીએ? આ મંદિરો પાસે મોટાં મોટાં મકાનો અને અઢળક ધન પડેલાં હોય છે. આપણામાં ધાર્મિક તત્ત્વ તો છે જ. એનો લાભ લઈ, સમાજમાં જે રૂઢિ-પરાયણ જૂની ધાર્મિકતા છે એની ભક્તિ આપણા તરફ ખેંચી લઈએ. એવી સંસ્થાઓમાં પ્રવેશ મેળવીએ, તો નાણાંની પણ સગવડ થાય, મકાનોનો સદુપયોગ થાય, અને ધીરે ધીરે લોકોની ધાર્મિકતા શુદ્ધ અને તેજસ્વી બને. આવું કર્યા વગર આખું રાષ્ટ્ર રાજનૈતિક ક્રાંતિ માટે તૈયાર નહિ થાય. (ગાંધીજી પણ, ગુલામી તોડવાના હેતુથી, સમસ્ત પ્રજાને સત્યાગ્રહ માટે તૈયાર કરવી હોય, તો જે ધાર્મિકતાનું તેજ પ્રજામાં સૂતું છે તેનો ઉપયોગ કરી એને જાગૃત કરવામાં માનતા હતા. પણ કેશવરાવની પદ્ધતિ જુદી. ગાંધીજીની જુદી.) અહીં અમે ગંગનાથ વિદ્યાલયમાં હતા ત્યારના બે પ્રસંગો નોંધવા માગું છું.

હું જ્યારે એ સંસ્થામાં દાખલ થવા વડોદરા પહોંચ્યો ત્યારે વિદ્યાલય કાશીવિશ્વેશ્વરના મંદિરમાં હતું. છોકરાઓનું છાત્રાલય ત્યાં, વર્ગો પણ મોટે ભાગે ત્યાં, અને કેટલાક અધ્યાપકો પણ વિદ્યાર્થીઓ સાથે ત્યાં જ રહે.

પણ હું પરણેલો માણસ. એક બાળકનો પિતા. મારે માટે અલગ રહેવાની સગવડ હોવી જોઈએ. તેથી ઘોડદોડને રસ્તે સંસ્થાની થોડી જમીન હતી ત્યાં એક મકાન ઊભું કર્યું. મકાન શાનું? લોઢાનાં પતરાં તળેની એક ઝૂંપડી. એ પણ આખી હું ન વાપરું. અર્ધીમાં હું રહું, બાકીની અર્ધીમાં કોઈ ને કોઈ આવીને રહે.

અમારા વિદ્યાલયમાં સંસ્કૃત ભણાવવા માટે ઉટગીકર શાસ્ત્રી આવ્યા. એમનું કુટુંબ કર્ણાટકનું, સંસ્કૃત વિદ્યાને વરેલું. એમને મેં અમારી ઝૂંપડીનો અર્ધો ભાગ રહેવા આપ્યો. અમારી વચ્ચે કૌટુમ્બિક ભાવ જાગ્યો. હું એમને અંગ્રેજી લૉજિક (તર્કશાસ્ત્ર) ભણાવું. અને તેઓ મારી સાથે ઉપનિષદો વાંચે. સવારે નાસ્તા પછી કલાકો સુધી અમારો અભ્યાસ ચાલે. નાસ્તામાં પૂરતા પ્રમાણમાં દૂધ નાખેલી કૉફી હોય. તાત્યા માટે બે પ્યાલા એવી જ કૉફી. હવે આ ઉટગીકર શાસ્ત્રી ન્યાતે દેશસ્થ બ્રાહ્મણ. અને હું સારસ્વત બ્રાહ્મણ. મહારાષ્ટ્રમાં-કર્ણાટકમાં દેશસ્થ-કોંકણસ્થ બ્રાહ્મણો અમારી સાથે જમે નહિ. અમારા હાથનું ખાય પણ નહિ. પોતે દ્રવિડ બ્રાહ્મણ એટલે આચારમાં શ્રેષ્ઠ ગણાય. ઉટગીકર શાસ્ત્રી અમારી સાથે કૉફી લેવા જેટલા સુધારક થયા હતા.

એક મહત્ત્વની વાત અહીં નોંધવી જોઈએ. પશ્ચિમ ભારતમાં ન્યાયમૂર્તિ રાનડે, નામદાર ગોખલે, આગરકર વગેરે મોટા લોકો સામાજિક અને ધાર્મિક બાબતમાં સુધારા ચલાવનારા, તેઓ સમાજ સામે લડી શકે પણ સરકાર સામે લડવામાં અત્યંત નરમ. જ્યારે સરકાર સામે સખતમાં સખત લેખો લખનાર લોકમાન્ય તિલક કહે કે 'ધાર્મિક અને સામાજિક બાબતમાં આજે સુધારો કરવા બેસીશું તો જનતાની સહાનુભૂતિ ખોઈ બેસીશું. આપણે પહેલાં અંગ્રેજો સામે લડવું છે, માટે જીવનમાં સુધારા દાખલ કરવાની વાત હમણાં છેડીએ નહિ. પરિણામે લોકમાન્ય તિલક જેવા લોકો સુધારાના પક્ષમાં બોલે તો નહિ જ, પણ જૂની ખરાબમાં ખરાબ ધાર્મિક રૂઢિઓનું પણ બની શકે તેટલું સમર્થન કરે. ખાનગીમાં કહે, તમારી રહેણીકરણીમાં ચૂપચાપ સુધારો દાખલ કરો. અમે ક્યાં ના પાડીએ છીએ? પણ જનતાને છેડીશું નહિ.' તિલકપક્ષના ઘણાખરા આ શિખામણ માને. મને એ નીતિ માન્ય ન હતી.

એક દિવસે ઉટગીકરની અને મારી ચર્ચા ચાલતી હતી. તાત્યા મને કહે: આ જ જુઓને અમે દેશસ્થ બ્રાહ્મણો તમારા હાથનું ખાઈએ નહિ. પણ મને તમારે ત્યાં કૉફી લેતાં કશો સંકોચ નહિ. પણ કર્ણાટકમાં જાઉં અને ત્યાંના લોકો મને પૂછે તો હું તો 'ના' જ પાડવાનો. હું 'કાકાને ત્યાં હું કૉફી પીતો જ નહોતો.' મને એ ગમ્યું નહિ. પણ આવો રિવાજ બધે ચાલતો. એટલે 'હશે' કહીને મેં વિષય ફેરવ્યો. અમારો વિનોદ ચાલ્યો. અને જમીને અમે ભણાવવા ગયા.

બીજે દિવસે રોજની પેઠે નાસ્તા માટે તાત્યા અમારે ત્યાં આવ્યા. કાકીએ મારી આગળ ખાવાનું રાખ્યું. પોતાની કૉફી હમણાં આવશે એ વિશ્વાસે તાત્યાએ કાંઈક ચર્ચા છેડી. ઘણી રાહ જોઈ પણ કૉફી આવે નહિ. એટલે તાત્યાએ કાકીને પૂછ્યું 'મારી કૉફી ભૂલી ગયાં કે શું?'

'આજે તમારે માટે મેં કૉફી બનાવી જ નથી. શું અમારે ત્યાં તમે ચોરીછૂપીથી કૉફી પીવાના? અને તમારા સમાજમાં એનો ઈન્કાર કરવાના? સમાજ આગળ ભલે તમે જૂઠું બોલો. પણ એમાં તમારે હાથે મારું અપમાન થાય છે એ તમે ન સમજ્યા? તમને ચોરીછૂપીથી કૉફી પાઉં એવી હું નથી. એ તમારે જાણી લેવું જોઈએ.' કાકીના આવા કડક વલણ માટે હું તૈયાર ન હતો. પણ કાકીને કયે મોઢે કહું કે 'તાત્યાને કૉફી આપ.' તાત્યા તો સ્તબ્ધ થઈ ગયા. પણ કાકીએ આગળ ચલાવ્યું 'તાત્યા તમારે વિષે માન છે. તમને દસવાર કૉફી આપું પણ ચોરીછૂપીથી નહિ.' પછી આગળ જતાં તો તાત્યા પણ સુધર્યા અને અમે એકબીજાના ઘરમાં રહેવા લાગ્યા. પણ એની વાત અહીં કરવાની જરૂર નથી.

એ વખતની બધી વાતો અત્યારે ક્યાંથી યાદ હોય? પણ પછી કાકી નાના શંકરને-હવે સતીશને લઈને પિયર ગઈ હશે. અને હું છોકરાઓના છાત્રાલયમાં રહેવા ગયો હોઈશ. (ચાલુ)

ટિકિટસંગ્રહ......ભારતની નવી ટિકિટો

ગયા સપ્ટેમ્બર માસની ૨૭મી તારીખે દેશના વ્યક્તિ-વિશેષોની માળામાં ત્રણ ખાસ ટિકિટો બહાર પડી. તેમાંની વીસ પૈસાની ટિકિટ ગઈ સદીના એક અગ્રગણ્ય વિદ્વાન ઇતિહાસકાર અને સાહિત્યસર્જક બંગાળના રમેશચન્દ્ર દત્તની યાદમાં, બીજી ટિકિટ ક્રિકેટ-જગતના આલમ-મશહૂર ખેલાડી જામનગરના જામ રણજિતસિંહજીની યાદમાં અને ત્રીજી વિઠ્ઠલભાઈ પટેલની જન્મશતાબ્દી નિમિત્તે એમની યાદમાં બહાર પડી. (પ્રેષક · ડાહ્યાલાલ પરમાર · અમદાવાદ)



અંગ્રેજી સાહિત્યનું આચમન

વિભાગ ત્રીજો

૨ · ઇલિઝાબેથ યુગના પ્રભાતે

(ગતાંકથી ચાલુ)

અર્લ ઑવ સરે

વ્યાટ ૩૯મે વર્ષે મરણ પામ્યો. (૧૫૦૩–'૪૨); સરે ૩૧મે વર્ષે રાજા હેન્રી આઠમાના રોષનો ભોગ બનીને શિરચ્છેદ પામ્યો (૧૫૧૭–૪૭). અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં—અંગ્રેજી કવિતાને નવો ઘાટ આપનાર તરીકે આ બે કવિઓનાં નામ ભેગાં વણાઈ ગયાં છે. બંને પાસેથી અંગ્રેજી કવિતા સંભવ છે કે, ઘણું પામી શકી હોત. તેમ છતાં ટૂંકા જીવનકાળમાં પણ વ્યાટ-સરે, બંનેએ અંગ્રેજી કવિતાની નવી ક્ષિતિજ દર્શાવી. વ્યાટે ઈટાલીના કવિ પેટ્રાર્ક પાસેથી કાવ્ય માટે સ્વરૂપ અને શૈલી મેળવ્યાં. સરે પર તો પેટ્રાર્કનું વ્યાટ કરતાં પણ વિશેષ વર્ચસ જણાય છે. વ્યાટનો એ અમુક અંશે શિષ્ય પણ છે, વ્યાટનું જીવનખમીર ભલે તેનામાં નથી પણ કલાસૂઝ વિશેષ છે. ડેવિડ ડેસીઝે એક જ વાક્યમાં બંનેની શક્તિની તુલના કરી દીધી છે: Surrey has less strength and more polish. સરેમાં જે લયસૂઝ, છંદ પરનો અંકુશ છે તે વ્યાટમાં નથી. સરેએ પેટ્રાર્ક પાસેથી સૉનેટ-સ્વરૂપ લીધું, પરંતુ તેણે ત્રણ ચતુષ્ક અને એક યુગ્મનું આયોજન તેમાં કરી ab ab, ab ab abab ccની, abba cddc effe ggની અને abab cdcd efef gg એવી ત્રણ પ્રકારની પ્રાસરચના કરી. તેમાંની છેલ્લી યોજના શેક્સ્પીઅરને ખૂબ અનુકૂળ નીવડી. આમ, સૉનેટ સ્વરૂપને એક નવો વળાંક આપવાનું શ્રેય સરેને છે.

પેટ્રાર્કની ઢબે જ તેણે પણ પ્રેમકાવ્યો રચ્યાં. જિરલ્ડાઈન (Geraldine) અથવા ઇલિઝાબેથ ફિટ્ઝજિરાલ્ડ (Fitzgerald) એ તેની કલ્પનાની પ્રેયસી હતી. પ્રેમકાવ્યોમાં કરુણપ્રશસ્તિની છટા તેને સ્વાભાવિક છે. એના પ્રેમનિરૂપણમાં તે પ્રકૃતિનાં ચિત્ર પણ ભેળવે છે અને એ સંમિશ્રણ સુભગ બની શક્યું છે. વસંતનું વર્ણન કરતાં કવિ કહે છે: મધુર વસંત આવી, વૃક્ષો, પુષ્પો, વનસ્પતિ સંજીવની પામ્યાં, બુલબુલનાં ગીત હવામાં ગુંજવા લાગ્યાં ...સાબર નિરાંતે માથું નીચું નાખીને બેઠું છે...ચળકતાં ભીંગડાંવાળી માછલીઓ જળકિલ્લોલ કરે છે, સાપણે તેની કાંચળી કાઢી નાખી છે, સૃષ્ટિ સઘળી આનંદમાં નહાય છે...છતાં મારા હૈયામાં વિરહનો સૂર પ્રગટી રહ્યો છે—પ્રકૃતિનું ચિત્ર આપી છેલ્લી બે પંક્તિમાં-યુગ્મમાં કવિ પોતાની અંગત ઊર્મિ વ્યક્ત કરે છે:

And thus I see, among these pleasant things,
Each care decays, and yet my sorrow springs.

સરેનાં આત્મકથાનક કાવ્યો તેનાં પ્રેમકાવ્યો જેવાં જ, બલકે તેથી પણ વિશેષ રસપ્રદ છે. એ જેલમાં હતો તે દરમિયાન તેણે હેન્રી આઠમાના અનૌરસ પુત્ર ડ્યૂક ઑવ વિંડસર સાથેનાં રોમાંચક સંભારણાં નિરૂપતું કાવ્ય રચેલું તેમાં તેની વર્ણનસમૃદ્ધિ આહ્લાદક બની રહે છે. એ રાજકુમારનો તેણે કેવો તો વિશ્વાસ સંપાદન કરેલો, એ કેવી રોમાંચભરી જિંદગી હતી! હરિયાળાં મેદાન પર ટેનિસ (Palme-play) રમવું, અટારીઓમાં ઊભેલી સુંદરીઓ તરફ નજર ઉલાળવી, પ્રેમના નિશ્વાસ નાખવા—

Where I in lust and joy,
With a king's son, my childish years did pass
Where each sweet place returns a taste full sour
The large green courts where we were wont to hove
With eyes cast up into the maidens' tower
And easy sighs, such as folk draw in love.

યુવાનીની મનોદશાનું આ ચિત્ર અનેક સહૃદયોને સ્પર્શી શક્યું છે. સરેએ એના યુગની સાંસ્કૃતિક હિલચાલને બિરદાવીને લલિત છટાદાર ભાષામાં કવિતા રચી. એ યુગમાં આવી કાવ્યરચના ઐતિહાસિક સિદ્ધિ ગણાય. પછીની અંગ્રેજી કવિતા પર છટાની પ્રબળ અસર દેખાઈ છે.

પણ આ બધાં કરતાં યે સરેની વિશિષ્ટ સિદ્ધિ તો તેણે ઈટાલીમાં પ્રાપ્ત થએલા મહાકવિ વર્જિલના 'ઈનીડ (Aeneid)ના અનુવાદો પરથી પ્રેરાઇને બ્લૅન્ક વર્સમાં એ કૃતિના બીજા અને ચોથા પુસ્તકના અનુવાદ કર્યા તેમાં રહેલી છે. જો કે એ વર્જિલની મૂળ કૃતિનું સૌન્દર્ય અનુવાદમાં સિદ્ધ કરી શક્યો નથી, તેમ છતાં બ્લૅન્ક વર્સમાં રચાએલી તેની કાવ્યપંક્તિઓ 'એપીક ટોન' (Epic tone) બરાબર ગ્રહી શકી છે એમ વિવેચકોને લાગ્યું છે. પ્રાસ વિનાની રચાનાઓ મધ્યકાલમાં ચૉસરની કૃતિમાં (Tale of melibeus) પણ મળે છે. મધ્યકાલીન બર્બરતાના એક અંશ રૂપે પ્રાસરચના સામેની હિલચાલ શરૂ થએલી હતી; ગૅબ્રિયલ હાર્વે (Gabriel Harvey) જેવાએ તેને ટેકો આપેલો અને મિલ્ટનમાં તો પ્રાસયુક્ત રચના સમર્થ રીતે ખીલી ઊઠી! પરંતુ ઈટાલીમાંથી સભાનપણે અંગ્રેજીમાં પ્રથમ વાર બ્લૅન્ક વર્સ યોજવાનો યશ સરેને છે.

રિચર્ડ ટૉટેલે (Tottel) વ્યાટ-સરેની કવિતાને એક કાવ્યસંગ્રહ પ્રકાશિત કરીને પ્રસિદ્ધિ આપી, અને એ સંગ્રહ (Miscellany) પ્રકાશિત કરવા પાછળનું તેનું પ્રયોજન— 'To the honour of the English tongue and for profit of the studious of English eloquence'—બર પણ આવ્યું. —ઈ. ૧૫૫૭ અને ૧૫૮૭ વચ્ચેના સમયગાળામાં એના સંગ્રહની નવ આવૃત્તિઓ થઈ હતી તે આ પ્રકારની કવિતાની લોકપ્રિયતાની નિદર્શક છે.

હેન્રી આઠમાના રાજ્ય અમલના ઉત્તર ભાગમાં કવિતાની કોઈ વિશેષ ગતિ જણાતી નથી. તેની પછી એડવર્ડ છઠ્ઠાના ને મેરીના અમલ દરમ્યાન નિશ્ચિત ઢાંચામાં યાંત્રિક રીતે કવિતા વહી જાય છે. તેમ છતાં સોળમા સૈકાની મધ્યમાં કાવ્યપ્રવૃત્તિનું વહેણ ચાલુ રાખનારાઓમાં ટૉમસ ચર્ચયાર્ડ, (Thomas Churchyard), સૅકવીલ (Sackville), ગૅસ્કોઈની (Gascoigne) ઇત્યાદિનાં નામો ગણાવી શકાય.

ટૉમસ ચર્ચયાર્ડ (૧૫૨૦–૧૬૦૪). એના યુગની પ્રચલિત રીતિમાં સંખ્યાબંધ રચનાઓ કરી. તેમાં મોટેભાગે તો તેનો માનસિક વ્યાયામ જ વરતાય છે, તેમ છતાં 'ચર્ચયાર્ડ્ઝ ચિપ્સ' (Churchyard's chips) નામના તેના સંગ્રહમાં પ્રસંગોપાત્ત ઊર્મિનું સૌંદર્ય આકર્ષક બની શક્યું છે.

ગૅસ્કોઈનીની પ્રતિભા અનેક રીતે રસપ્રદ બની રહે છે. એણે ગદ્યમાં 'The Suppases' નામની પહેલી કૉમેડી એરિઓસ્ટોની કૃતિના અનુવાદરૂપે પ્રગટ કરી, જે ૧૫૬૬માં ભજવાઈ, વળી ગ્રીકમાંથી પહેલીવાર અંગ્રેજી ટ્રૅજિક કૃતિ Jocasta રચી, પહેલી વાર બ્લૅન્કવર્સમાં The Steel Glass નામક કટાક્ષ (Satire) રચ્યો અને પહેલો વિવેચનાત્મક લેખ Notes of Instruction લખવાનો યશ પણ તેને મળે છે. છંદશાસ્ત્ર વિષેનો આ પ્રારંભિક લેખ ઘણી કચાશવાળો છતાં તેની કવિતા વિષેની સમજદારીનો નિદર્શક છે. 'ધ સ્ટીલ ગ્લાસ'માં સમાજના વિવિધ સ્તરોની નિષ્ફળતાનું કટાક્ષમય ચિત્ર છે. એનું પદ્ય અસરકારક નથી, પણ બ્લૅન્કવર્સના વિકાસ માટેનો વિશેષ મનોયત્ન—વ્યાયામ તેમાં દેખાય છે. ગૅસ્કોઈનીએ Hundreth Sundrie Flowers નામે કાવ્યસંગ્રહ પણ રચ્યો છે. તેનાં ઊર્મિકોમાં એક હાલરડું—lullaby—પણ સુપ્રસિદ્ધ છે.

જ્યૉર્જ ટર્બરવીલ (Turberville) આ યુગનો બીજો એક ગૌણ કવિ. તેના એપીટાફ, એપીગ્રામ, ગીત અને સૉનેટો ઉલ્લેખપાત્ર છે. એની કવિતામાં ક્યાંક ક્યાંક ઊર્મિની છટા બાદ કરતાં બીજું આકર્ષણ નથી. 'ઓવીડ' અને બીજામાંથી કરેલા અનુવાદો અંગ્રેજી ભાષાના ઘડતરમાં તેના પ્રયત્નોને પ્રગટ કરે છે, પણ કલા તરીકે તેમાં દૈવત નથી.

બીજા એક કવિ **જ્યૉર્જ વ્હેટસ્ટોને** (Whetstone) પણ યુગને અનુસરીને ઘણી રચનાઓ કરી છે-પણ તેનું મહત્ત્વ તેના પ્રોમોસ અને કાસાન્ડ્રા (Promos and Cassandra)ને કારણે છે— ખાસ તો એ માટે કે શેક્સપીઅરના 'મેઝર ફૉર મેઝર' માટે તેણે વસ્તુ પૂરું પાડયું.

ઍડવર્ડ દ વેર (Edward de Vere) કંઈક વિશેષ જાણીતો છે. તેનો કાવ્યસંગ્રહ 'The Paradise of Dainty Devices' નામથી પ્રસિદ્ધ છે. એના સમકાલીનોએ એને Courtly poetsમાં અગ્રણી ગણ્યો છે; પરંતુ વાસ્તવિક રીતે તે ટૉટેલના કાવ્યસંગ્રહમાં રજૂ થએલા કવિઓ અને સિડની-રૅલે જેવા કવિઓ વચ્ચે સેતુરૂપ છે.

ટૉમસ સૅકવિલ

પણ વ્યાટ અને સરે પછી અને સ્પેન્સર પહેલાં, કોઈ સાચો કવિ હોય તો તે ટૉમસ સૅકવિલ છે, એની કૃતિ 'ઈન્ડકશન' (Induction) અને તેની પછીની 'ધ કમ્પ્લેઈન્ટ ઑવ ધ ડયૂક ઑવ બકિંગહામ' (The Complaint of the Duke of Buckingham) સ્મરણીય છે. સોળમા શતકની કવિ લીડગેટની કૃતિ 'ફૉલ્સ ઑવ પ્રિન્સિઝ' (Falls of Princes)ના અનુસંધાનમાં એક બોધલક્ષી કથાશ્રેણી 'એ મિરર ઑવ મૅજિસ્ટ્રેટ્સ' નામથી પ્રગટ થએલી તેના પ્રકાશક જે. વેઈલૅન્ડે (J. Wayland) વિલિયમ બાલ્ડવિન (Baldwin)ને એ પ્રકારની કથાશ્રેણી રચવાનું સૂચવ્યું. બાલ્ડવિને કેટલાક સાથી-મિત્રોની સહાયથી ઇંગ્લૅન્ડના ઇતિહાસમાં દુઃખદ ભાગ્યપલટા વેઠનારા નામાંકિત પુરુષોના કલ્પિત સ્વગતોદ્‌ગાર દ્વારા આવી કથાશ્રેણી રચી. તેમાં લીડગેટની શ્રેણીની પૂર્તિરૂપ સાત વાર્તાઓ હતી. આ શ્રેણીમાં ટૉમસ સૅકવિલની 'ઈન્ડકશન' અને તેના અનુસંધાનમાં 'ધી કમ્પ્લેઈન્ટ' નામની રસપ્રદ કૃતિનું ઈ. ૧૫૬૩ની આવૃત્તિમાં ઉમેરણ થયું. આમ, 'ધ મિરર ઑવ મૅજિસ્ટ્રેટ્સ' અનેક નવી કથાઓને સમાવતી વિસ્તૃત થતી ગઈ.

'મિરર' એ મધ્યકાલીન કરુણ કથાઓનો માત્ર સંગ્રહ નથી. એમાં તો ઐતિહાસિક બોધનું પાસું ઉપસાવવાનું પ્રયોજન છે. રાજકુમારોને શિક્ષણ-બોધપાઠ મળે તે માટે લેખકોએ આ કથાઓમાં વ્યવસ્થા અને ન્યાયની ભાવનાઓ, માનવ દુઃખનાં કારણો, કર્મનો કેવો બદલો મળે છે તેનાં વર્ણનો ઈત્યાદિનું નિરૂપણ કર્યું છે. રાજા-પ્રજા વચ્ચે સલુકાઈના સંબંધો હોય એ વાત ઠસાવવાનો તેમનો હેતુ છે. તેમણે ઇંગ્લૅન્ડના ઇતિહાસમાંથી રિચર્ડ બીજાથી માંડીને હેન્રી આઠમા સુધીના મહાપુરુષોને કથાવિષય તરીકે પસંદ કરીને તેમની પાસે તેમના જ ઉદ્‌ગારો દ્વારા ભાગ્યપલટાની કથા રજૂ કરાવી. ઇતિહાસનો તેમણે નૈતિક ને શૈક્ષણિક અનુભવ પ્રગટ કરનાર શિક્ષક તરીકે જોયો. ઇતિહાસને આમ નીતિના પાઠ આપનાર શિક્ષક તરીકે સમજવાનો ખયાલ નવ-જાગ્રતિકાળમાં વ્યાપક હતો અને સોળમી સદીના સાહિત્યના ઇતિહાસમાં વારંવાર એ રીતે જ ઇતિહાસની ઉપયોગિતા સમજવામાં આવી છે. ઇલિઝાબેથના ઇંગ્લૅન્ડમાં પણ સારા અને નરસા રાજતંત્રનું પ્રતિબિંબ પાડનારા દર્પણ તરીકે ઇતિહાસને જોવાનું અને રાજકર્તાઓને એ રીતે યોગ્ય નિદર્શન આપવાનું વલણ હતું. શેક્સપીઅરે જેમની પાસેથી પોતાનાં ઐતિહાસિક નાટકો માટે પ્રેરણા-સામગ્રી લીધેલી તે ટ્યૂડર ઇતિહાસકારો ઇતિહાસને શૈક્ષણિક સાધન તરીકે જ લેખતા. એનું જ્વલંત ઉદાહરણ રૅલેના 'દુનિયાના ઇતિહાસ'ની પ્રસ્તાવનામાં મળશે.

એ સમગ્ર કથાસંગ્રહમાં વિવેચકોએ 'ધી કમ્પ્લેઈન્ટ' ઉપર પોતાનો ખાસ પક્ષપાત દાખવ્યો છે. સૅકવિલે 'રોમાં-દ લા રોઝ'ની પ્રણાલિકાનું એમાં અનુસરણ કર્યું છે, અને પુરોગામી કવિઓને પગલે ર્‌હાઈમ રૉયલ (Rhyme Royal)માં તેણે કૃતિ રચી છે. વળી, 'મિરર'ના સર્વ કવિઓ કરતાં સૅકવિલમાં કલાસૂત્ર પણ વિશેષ વરતાય છે. શબ્દોની પસંદગીમાં પણ તે સાવધ છે. પ્રકૃતિનાં ચિત્રો દર્શાવવામાં પણ તેનું અપૂર્વ કૌશલ પ્રગટ થાય છે. મધરાતનું તેણે આલેખેલું ચિત્ર તેની વર્ણન કલાનું એક સમર્થ ઉદાહરણ છે:

Midnight was come, and every vital thing
With sweet sound sleep their weary limbs did rest;
The beasts were still, the birds that sing
Now sweetly slept beside their mother's breast.

સૅકવિલ લીડગેટ શૈલીની કથાશ્રેણીના માળખાને અનુસરતો નથી. એ સ્વતંત્રરીતે પોતાની કૃતિને ઊપસાવે છે. કથાશ્રેણીના અન્ય લેખકોએ બોધનું અને સદાચારી જીવનનું તત્ત્વ તારવવાનું પ્રયોજન તાકયું છે, પણ સૅકવિલ તો એવી કોઈ તમા રાખ્યા વિના ટ્રૅજેડીનું કલાસ્વરૂપ સિદ્ધ કરવા મથતો દેખાય છે. શિયાળાની ગાઢ રાત્રિ પ્રસરવા માંડી છે, કવિ વિષાદમગ્ન ઇતિહાસના મહાપુરુષોનાં જીવનની કરુણતા વિષેના ચિંતનમાં લીન છે. એને થાય છે: આ યુગપુરુષોનાં ચિત્રો એક પછી એક રજૂ કરું...જેઓ હજુ જીવિત છે તેમને ચીમકી મળશે. એવામાં એક આકાર પોતાની સમક્ષ આવતો તેણે નિહાળ્યો. એ હતી શોકની દેવી (Sorrow). કવિને તે કહે છે: 'ચાલ તને મૃતાત્માઓની સૃષ્ટિમાં લઈ જાઉં. નિરાંતે તેમની આપવીતી સાંભળજે.' એ દેવીની આંગળીએ કવિ મૃતસૃષ્ટિમાં પ્રવેશ્યો. ત્યાં ભય, વેર, ચિંતા, નિદ્રા, વાર્ધક્ય, દુકાળ, યુદ્ધ એ સર્વને તેણે મૂર્તિમંત નિહાળ્યાં...પ્લુટોના પ્રદેશમાં તે પ્રવેશ્યો ...અને બકિંગહામનો ડ્યૂક તેની આપવીતી સંભળાવવા તેની પાસે આવ્યો. ડાન્ટેએ 'ઈન્ફર્નો'માં નર્કનાં-દુઃખ-અંધકારનાં ચિત્રો રજૂ કર્યાં પછી ઘણાં વર્ષો બાદ એવાં ગાઢરંગે આલેખાએલાં ચિત્રો સૅકવિલની આ કૃતિમાં મળે છે. એનાં આ ઘેરાં કરુણ ચિત્રોમાંથી સ્પેન્સરે પણ 'ધ ફેઈરી ક્વીન' માટે પ્રેરણા લીધી છે.

સૅકવિલ કલાદૃષ્ટિએ ચૉસર અને સ્પેન્સર વચ્ચે કડીરૂપ છે. એની પાસેથી વિશેષ કલાત્મક કૃતિઓ મળી નહિ, કારણ કાવ્યક્ષેત્રમાંથી તે રાજકારણમાં ઘસડાઈ ગયો. છતાં અંગ્રેજી કવિતામાં નવીન ચમક આણવાનું શ્રેય તો સૅકવિલને ઘટે જ છે. (ચાલુ)

કોલાબા વેધશાળા (અનુસંધાન પૃષ્ઠ ૩૫૮થી) કરી આપવા પ્રસ્તાવ મૂકયો છે. જો એમાં આપણે જોડાઈશું તો ૧૯૭૯ સુધીમાં આપણા હવામાનશાસ્ત્રીઓ ઘણી વધુ ચોકસાઈથી વર્તારો કરી શકશે.

ભારત સરકારના હવામાનખાતાનું મુખ્ય મથક નવી દિલ્હીમાં છે. અને પ્રાદેશિક કચેરીઓ મુંબઈ, મદ્રાસ, નાગપુર, કલકત્તા અને નવી દિલ્હી એમ પાંચ સ્થળોએ વહેંચાએલી છે. ભારતની હવામાન સંબંધી અન્ય વેધશાળાઓમાં મહારાષ્ટ્રમાં કોલાબા તથા અલીબાગ ઉપરાંત પૂનાની ઇન્સ્ટિટયૂટ ઑફ ટ્રૉપિકલ મીટિયરોલૉજી, નીલગિરિમાં કોડાઇકેનાલ અને આસામમાં શિલૉન્ગની વેધશાળાઓ મહત્ત્વની છે. આ વેધશાળાઓ પોતાની પ્રાદેશિક કચેરીઓ નીચે કામ કરે છે.

કોલાબા અને અલીબાગની વેધશાળાઓ ૧લી એપ્રિલ, ૧૯૭૧થી રાષ્ટ્રીય સંસ્થાન તરીકે 'ધી ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઑવ જીઓમૅગ્નેટિઝમ' જેવા નવા નામથી ઓળખાય છે. જે કેટલાક પ્રકારની હવામાન-વેધશાળાઓ છે એમાં આ વેધશાળા પૃષ્ઠ કે સતહ વેધશાળા (Surface Observatory) પ્રકારની કહી શકાય. અહીં વાતસૂચક બલૂનો ઉડાડાયાં નથી કે પછી રેડિયો-સૉન્ડ યા રડારનો આશરો લેવાયો નથી, પણ ભૂતકાળથી અત્યાર સુધીમાં અહીં જે કાંઈ કાર્ય થયું છે એને માટે જો કોઈ એક જ શબ્દ વાપરવો હોય તો તે છે 'બેનમૂન'. □

કલાવાર્તા

'વિબગ્યૉર'


ઇન્દ્રધનુષના સાત રંગોના નામના પ્રથમાક્ષરો લઈ અંગ્રેજીમાં એક સરસ શબ્દ યોજાયો છે–'વિબગ્યૉર'. અમદાવાદના શેઠ ચી. ન. કલા મહાવિદ્યાલયના સાત સમાનધર્મી વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાનું એક મંડળ રચી તેને આ નામ આપ્યું. ઊર્મિ પરીખ, કરુણા ભટ્ટ, કલ્યાણી મહેતા, નવીન ઢગર, વિઠ્ઠલ પટેલ, જાદવ પટેલ અને મફત પટેલ એ આ મેઘધનુના સાત રંગ. પોતાનો જુદો ચોકો સ્થાપવા નહિ, પણ સાથે મળી કલાની એકધારી, પણ પોતાની આગવી રીતે સાધના કરવાનું એમનું ધ્યેય. હજી ગઈ કાલ સુધી તો તેઓ કલાશાળાનાં વિદ્યાર્થી હતાં. એકબીજાથી આગળપાછળ, પણ તો સાતે યે જણે ડિપ્લૉમા મેળવી લીધો છે. હવે કલામાર્ગની એમની યાત્રાની તો હજી શરૂઆત છે. ગયે વર્ષે ડિસેમ્બરમાં એમણે પહેલી વાર ગુજરાત બહાર દિલ્હીની 'ત્રિવેણી આર્ટ ગૅલેરી'માં પહેલી વાર પોતાની કૃતિઓ રજૂ કરી તાજેતરમાં જ કરેલા રાજસ્થાનના કલાપ્રવાસનો પ્રભાવ તેમાં વ્યક્ત થતો હતો. પણ મેઘધનુષના એ રંગો તેમાં ઝળકી રહ્યા ને સારો આવકાર પામ્યા. આ વર્ષે એપ્રિલમાં તેમણે જયપુરમાં અને હવે આ માસમાં મુંબાઈમાં તેઓની કૃતિઓ પ્રદર્શિત થઈ રહી છે. દિલ્હી અને જયપુરના અનુભવે અહીં પણ આવકાર મળશે જ એમ કહી શકાય.

ચિત્રકાર પીરભાઈ મનસુરીએ એમને માટે વાપરેલા શબ્દો યોગ્ય જ છે: '...આગવાપણું એક આદર્શ જીવન છે' એવા પ્રસિદ્ધ કલાવિવેચક હર્બર્ટ રીડના શબ્દોને આ નવોદિત કલાકારોએ પોતાની કૃતિઓ દ્વારા સાર્થક કર્યા). કવિતાસંપુટ સમી એમની કૃતિઓમાં સમ ંં કલાસર્જકો થવાની એંધાણી મળે છે. આજે તો



નાગદમન (જમણી બાજુ ઉપર) ચિત્રકાર · મફત પટેલ. ઉષ્મા અને ભાવભર્યાં એમનાં જલરંગી ચિત્રોમાં તાજગી અને વૈવિધ્ય પણ જોવા મળે છે. ભારતીય ગ્રામજીવનના અનુરાગી હોવા સાથે તેઓ આગવા અભિગમથી એની રજૂઆત કરે છે. ૧૯૭૦માં મ્હૈસુર દસેરા પ્રદર્શનમાં અને '૭૧માં મહાકોશલ કલા પરિષદ–રામપુરનાં પ્રદર્શનોમાં ઍવોર્ડ પણ મેળવ્યા છે. ભારત ઉપરાંત અમેરિકામાં પણ એમની કૃતિઓ સંઘરાઈ છે. નીચે-ડાબી બાજુ: **મારું ગામ.** એના ચિત્રકાર જાદવ પટેલ પણ ગ્રામપ્રદેશના ચાહક છે. પોતાના ચિત્રવિષયની રંગભરતા ને સુંદરતાને સચોટતાથી અને તેજસ્વી જલરંગોમાં આગવા કૌશલથી રજૂ કરે છે. ગ્રાફિક્સ અને પેનસિલ સ્કેચો પર પણ એવો જ સારો કાબૂ ધરાવે છે. (જમણી બાજુ) **છાપરાં**ના ચિત્રકાર નવીન ઢગર હમણાં તો શાહીથી વધુ ચીતરે છે, પરંતુ કોઈ પણ એક લઢણમાં બંધાઈ ન રહેવામાં માનતા હોઈ અન્ય રંગ માધ્યમો અને પરંપરિત શૈલીમાં કામ કર્યા બાદ રજૂઆતની નવીનવી ઢબ પ્રત્યે પ્રયોગશીલ છે. એમનાં ચિત્ર-સંયોજનોમાં કાવ્યાત્મકતા ને આકારની ઘનતા ધ્યાન દોરે છે.













ઍબ્સ્ટ્રેક્શન (મથાળે ડાબી બાજુ): એનાં ચિત્રકાર કુ. ઊર્મિ પરીખનો પરિચય અગાઉ 'કુમાર' (અંક ૫૯૩)માં આવી ગયો છે. આમ તો તેઓ તસવીરાલેખનનાં શોખીન છે, પણ સતત પ્રયોગશીલ રહી એમણે વિવિધ માધ્યમમાં અનેક ઢબે કામ કર્યું છે. ગુજરાત રાજ્ય કલા પ્રદર્શન, મ્હૈસુર દસેરા ચિત્ર-પ્રદર્શન ને અખિલ ભારતીય કલા પ્રદર્શનોમાં ઈનામો પણ મેળવ્યાં છે, સામાન્ય જોનાર પણ કંઈક અર્થ તારવી શકે એટલી હદ સુધી તેઓ મૉડર્ન આર્ટને સ્વીકારે છે. ચિત્રશૈલીને ગૌણ ગણી જોનાર તથા ચીતરનારને જોડે તેવા ભાવ પ્રતિ વધુ ઝોક રાખી ચિત્રવિષયની રજૂઆતની સચોટતા તથા રંગવિધાન પર તેઓ વધુ ભાર મૂકે છે. સમયે સમયે તેઓ અમુક ચોક્કસ રંગોમાં કામ કરી ફરી નવા પ્રયોગ તરફ વળવાની તેમની ખાસિયત છે. **લાડકવાયો**: ચિત્રકાર કુ. કરુણા ભટ્ટ. મૉડર્ન ચિત્રશૈલીઓ પ્રત્યે કોઈ પૂર્વગ્રહ ન હોવા છતાં આગવી રીતે રોજિંદા જીવનના સીધીસટ મગજમાં ઊતરી જાય તેવી ભાવવાહી રજૂઆતમાં એમને વધુ રસ છે. લિથોગ્રાફી અને લિનોકટ પણ કરે છે. ગુજરાત રાજ્ય કલાપ્રદર્શનમાં ૧૯૭૧માં ઈનામ પણ મેળવેલું છે.

(જમણી બાજુ ઉપર) **કેશસંમાર્જન**: ચિત્રકાર કુ. કલ્યાણી મહેતા. પોતાની આગવી લાક્ષણિકતા જાળવી રાખી સતત પ્રયોગશીલ રહેવામાં માનતા એમને માનવપાત્રોમાં અને ખાસ કરીને શણગાર સજતાં પાત્રો પ્રતિ પક્ષપાત છે. તૈલરંગોના ચાહક, પણ જલરંગો ઉપર પણ સારો કાબૂ ધરાવે છે. તેજસ્વી રંગો અને ચિત્રવિષયની નિશ્ચિતતા એમને ગમે છે. ચિત્રોને તેઓ જીવનમાં સુંદરતા આરોપવાનું સાધન ગણે છે. (જમણી બાજુ નીચે) **ફળ વેચનારી**: ચિત્રકાર વિઠ્ઠલ પટેલ. મૉડર્ન કે ઍબ્સ્ટ્રેક્ટના વિરોધી નહિ, પણ પરંપરિત કલાપ્રકારોના ચાહક અને આગવી રીતે ચીતરવાના તથા ચિત્રમાં પ્રાદેશિક સ્પર્શ, વિગતભર્યું સંયોજન, આકાર સૌંદર્ય અને સ્પષ્ટતાભરી રેખાના આગ્રહી.

કલાસામર્થ્ય કેળવવાની ચાલણગાડી પકડી ચાલનાર તેઓ એક દિવસ સ્વતંત્ર રીતે પગભર થઈ જશે જ…સિદ્ધહસ્ત અદ્યતન કલાકારો અને સામાન્ય જનસમુદાય વચ્ચેની કડી રૂપ તેઓ બની શકે. એમની આ કલાખોજના કાળમાં તૈયાર થતી રહેતી કૃતિઓનાં પ્રદર્શનો દ્વારા તેઓ જનસામાન્યને તબક્કાવાર કલાકૃતિઓનો આસ્વાદ લેતા કરી શકે…એમની પાસે અવિરત પુરુષાર્થની નિષ્ઠા છે એટલે એમના ભવિષ્યની ઉજ્જવળતા વિષે શંકા નથી.'

'ઇંડિયન એક્સપ્રેસે' લીધેલી નોંધમાં દર્શાવ્યા પ્રમાણે 'સુંદરતા હજી એમને માટે સુંદર છે.' નવીનતાના આવેગ કે પરંપરાના અનુકરણ વિનાની એમની ચિત્રરીતિમાં સચોટ સાદી રજૂઆત, ચિત્રતત્ત્વની સમજ; રંગ-સંયોજનનું પ્રમાણભાન અને પોતપોતાને પસંદ એવા ચિત્રવિષયો અને આલેખના પ્રતિની પ્રામાણિકતા સાથે કલાનો મર્મ પારખવા માટેના ગંભીરતાભર્યા પ્રયોગો પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત થાય છે.

એમની રેખાઓ બરછટ આવેગથી મુક્ત છે. જગત એમને માટે હજી કુતૂહલ ને સુંદરતાભર્યું છે. જીવનનાં આનંદ, સૌન્દર્ય ને વાત્સલ્ય પર હજી એમની દૃષ્ટિ છે, પ્રકૃતિના રંગવૈભવમાં હજી યે એમને માટે તેજસ્વીતા અને તાજગી ભરી છે. ને એથી એમની કૃતિઓમાં આ બધાંનો રણકો પડે છે. ઉદાહરણાર્થે આપેલી એમની આ કૃતિઓમાં એ જોવા મળશે.



શ્રીમતી નયના દલાલ

ગયા માસ સપ્ટેમ્બરમાં મુંબાઈની 'તાજ આર્ટ ગૅલેરી'માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સહયોગથી વડોદરાનાં કલાકાર બહેન નયના દલાલનાં ચિત્રોનું પણ એક પ્રદર્શન યોજાઈ ગયું. આ અગાઉ પણ એમણે ઈ. ૧૯૬૪માં શ્રી રતન પારિમૂ સાથે મુંબાઈમાં. અને '૬૬માં દિલ્હી ખાતે પોતાની કૃતિઓ રજૂ કરી હતી. મુંબાઈ, અમદાવાદ અને દિલ્હીનાં વાર્ષિક કલાપ્રદર્શનોમાં પણ એમણે ભાગ લીધો છે. ૧૯૬૦માં મુંબાઈ રાજ્ય કલાપ્રદર્શનમાં એમને પ્રથમ ઈનામ અને '૬૪ તથા '૬૭માં ગુજરાત રાજ્ય કલાપ્રદર્શનોમાં પણ પારિતોષિકો મળ્યાં છે. લંડન, ઑક્સફર્ડ ને ડરહામમાં પણ એમની કૃતિઓ રજૂ થએલી છે. અને પંજાબ યુનિવર્સિટી–ચંદીગઢ, ભરત કલાભવન-



બનારસ, મ્યૂઝિયમ ઑવ ઑરીએન્ટલ આર્ટ-ડરહામ તથા લેનિનગ્રાડના વિખ્યાત કલાસંગ્રહ 'હર્મિટેજ' સાથે અનેક વિવિધ ખાનગી સંગ્રહોમાં પણ એમની કૃતિઓ સંઘરાઈ છે.

વડોદરામાં એમનો જન્મ. ત્યાંની જ કલાશાળામાં શ્રી બેન્દ્રે પાસે તાલીમ લઈ તેઓ ચિત્રકલામાં એમ.એ. થયાં. લંડન જઈ હેન્રી ટ્રિવિક પાસે એમણે લિથોગ્રાફીની તાલીમ લીધી અને ઈટાલી, ફ્રાંસ, બેલ્જિયમ, હૉલેન્ડ ને અમેરિકાની કલાયાત્રા કરી આવીને ૧૯૬૫માં વડોદરા યુનિવર્સિટીની ગૃહવિજ્ઞાન શાખામાં કલાના વ્યાખ્યાતા તરીકે પણ કામ કર્યું.

આ છેલ્લા પ્રદર્શનમાં રજૂ કરેલી પોતાની ૧૪ કૃતિઓમાં એમણે છેક આદમ અને ઈવથી ઊતરી આવેલા સ્ત્રી-પુરુષના સનાતન સંબંધો વચ્ચે યે પોતપોતાનાં આગવાં વ્યક્તિત્વ અને અનોખી અનુભૂતિઓ ભરેલા મનોભાવોને વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે. આ સાથે એમાંની બે કૃતિઓ આપી છે.



મથાળે : એકલવાયી   નીચે : રૂ-બ-રૂ




આ નવેમ્બરની ૧૪ થી ૨૩મી તારીખ દરમિયાન નવી દિલ્હીમાં યોજાઈ રહેલા આંતર્‌રાષ્ટ્રીય ટપાલટિકિટ પ્રદર્શન-'ઇન્ડિપેક્સ-૭૩'ના પ્રસંગે મુંબાઈની 'મેસર્સ બોલસાના મેડેલીઅન' દ્વારા ૯૯.૯૦ ટકા શુદ્ધ ચાંદીનો આ સ્મરણ-ચંદ્રક બહાર પડશે. પરદેશમાં તો પ્રસંગોપાત્ત આવા અનેક ચંદ્રકો બહાર પડતા રહે છે અને જે તે પ્રસંગ તથા તેના પરના કલાકૌશલને કારણે એના સંગ્રાહકોનો પણ એક મોટો વર્ગ છે, પણ અગાઉ આપણી સરકારે બહાર પાડેલા ખાસ સિક્કાઓ બાદ કરતાં ભારતમાં બહાર પડનાર આ પ્રથમ સ્મરણચંદ્રક છે. અહીં એ ચંદ્રકની બંને બાજુ પરનાં આલેખનો આપ્યાં છે.

દર્પણ-સ્વચ્છ ચળકતા ઓપવાળા, ૪૪ મિ. મી. વ્યાસના અને ૧૦૦ ગ્રામ વજનના આ ચંદ્રક પર એક તરફ ઈ. ૧૮૫૪માં બહાર પડેલી હિંદુસ્તાનની ચાર આનાની કિંમતની પહેલી લિથોગ્રાફ ટિકિટની છાપ સાથે આ પ્રદર્શનનો તારીખ સાથે નામોલ્લેખ છે; જ્યારે પાછલી બાજુ પર જ્યાં આ પ્રદર્શન રજૂ થશે એ 'હૉલ ઑવ નેશન્સ'ના નામ સાથે એનું રેખાંકન અને મથાળે 'ઇન્ડિપેક્સ'ની સંજ્ઞાની રજૂઆત છે.

સંગ્રહમૂલ્ય ટકાવી રાખવા માત્ર ૧૦,૦૦૦ ચંદ્રકો તૈયાર કર્યા પછી તેની અસલ ડાઈનો નાશ કરવામાં આવશે. આ દસ હજારમાંથી ભારતમાં કેવળ ૨૦૦૦ ચંદ્રકોનું જ વિતરણ થશે અને કોઈને પાંચથી વધુ ચંદ્રક અપાશે નહિ. તા. ૩૧મી ઑક્ટોબર સુધી તેના ઑર્ડર નોંધાશે અને એ પહેલાં જો પૂરતા ઑર્ડર આવી જશે તો પછીના ઑર્ડરના પૈસા પાછા મોકલી અપાશે. એક ચંદ્રકની કિંમત રૂ. ૧૭૫/- છે, જેમાં ચંદ્રક રાખવા માટેનું ચામડાનું કેઈસ, આ પ્રદર્શન-પ્રસંગે બહાર પડનારી ખાસ (મિન્ટ) ટપાલટિકિટોનો સેટ, તેનું ફર્સ્ટ-ડે કવર તથા હવાઈડાકથી રજિસ્ટર્ડ પાર્સલ પોસ્ટના રવાનગીખર્ચનો સમાવેશ થઈ જાય છે. સરનામું : M/s Bolsona Medallion, Bole Wadi, LBS Marg, Vikhroli, Bombay-400083.

~

'સાગર-જેવો આપણને જોવો ગમે' એ કેન્દ્રવર્તી વિચાર પર આધારિત આગામી 'ઑકિનાવા ઈન્ટરનેશનલ ઓસન એક્સ્પોઝિશન'-'એક્સ્પો-૭૫'ની આ શુકન-સંજ્ઞા છે. અગાઉ 'તોકિયો ઑલિમ્પિક્સ' અને 'એક્સ્પો-૭૦' માટેની સંજ્ઞાઓના આલેખક યુસાકુ કામેકુરાએ વિચિખંડની કેવળ બે રેખાઓ દ્વારા નિર્મળ જળમાં કૂદતી માછલીના આકારની સુયોગ્ય રચના આમાં કરેલી છે. અત્યંત સાદી છતાં રમ્ય ને અર્થસઘન આ સંજ્ઞા 'એક્સ્પો-૭૫' શરૂ થતાં સુધીમાં તો એને લગતાં બધાં સાહિત્ય ને પત્રિકાઓ દ્વારા સુખ્યાત બની રહેશે.



સાહિત્યસંપર્ક

નવાં પુસ્તકો

વિવક્ષા: દિલાવરસિંહ જાડેજાના આ બીજા વિવેચનસંગ્રહમાં 'કવિતા', 'વિવેચન' અને 'ગદ્ય' એમ ત્રણ વિભાગોમાં મળીને કુલ ૨૮ લેખો રજૂ કરવામાં આવ્યા છે. પ્રથમ વિભાગમાં કવિતા પરના ૧૨ લેખો પૈકી 'ઉશનસ્‌ની કવિતા', 'વહી જતી પાછળ રમ્યઘોષા', 'માણસની વાત', 'ૐ તત્ સત્' અને 'અંગત' નામક પાંચમાં એમણે અર્વાચીન કવિઓનો તેમની કૃતિઓના ઉપલક્ષમાં ક્યાસ કાઢવાનો પ્રયાસ કર્યો છે. એમણે નવીનતાનાં લક્ષણો ઉમળકાથી વધાવ્યાં છે, તો કેટલાંક વિધાનો ચિંત્ય લાગ્યા વગર પણ નહિ રહે. જેમ કે, 'પોતાની કવિતાને કેવળ આત્મનેપદી પ્રવૃત્તિ ન બનાવતાં શ્રી લાભશંકર ઠાકર પોતાની કાવ્યનિર્મિતિને આત્મનેપદી અને પરસ્મૈપદી–એમ ઉભયપદી બનાવવાની ખેવના પ્રગટાવતા રહેશે, એવી પણ આશા રાખીએ' (પૃ. ૧૨૩) અને 'નવીનતમ પેઢીના કવિતાઓનો કવિ વિષેનો ખયાલ સમૂળગો બિનરોમૅન્ટિક છે' (પૃ. ૧૨૯) વગેરે.

આ ઉપરાંત પ્રથમ લેખ 'અર્વાચીન ગુજરાતી કવિતા'માં નર્મદ-દલપતથી સમસામયિક પ્રવાહોનું દિગ્દર્શન યથોચિત રીતે કરાવ્યું છે. જો કે કોઈ મૌલિક નવા મુદ્દા ઊભા કર્યા નથી અને પોતાના કથયિતવ્યના સમર્થનમાં એમણે ઉમાશંકર, પાઠકસાહેબ આદિના અભિપ્રાયો છૂટથી ટાંકીને ચર્વિતચર્વણથી આગળ વધ્યાની કોઈ પ્રતીતિ કરાવી નથી. હા, એમના કહેવામાં સ્પષ્ટતા, કવિતા પ્રત્યેનો પ્રેમ અને સચ્ચાઈ જરૂર આગળ તરી આવે છે. 'ગુજરાતી કવિતામાં દલિતપ્રેમ', 'કવિતામાં ગાંધીવંદના', 'ગુજરાતી કવિતામાં કૉંગ્રેસ' જેવા લેખોમાં શોધલક્ષી દૃષ્ટિબિંદુનું ઇંગિત પણ જોવા મળશે.

'વિવેચન'ના બીજા વિભાગમાં 'ભાષા'માં નૈમિત્તિક પત્રચર્ચામાં સ્વામી આનંદની ભાષાપ્રશસ્તિ, તો 'વાર્તા વિમર્શ' અને 'કથાલોક' જેવા મડિયાના ગ્રંથોની અવલોકનામાં તટસ્થ રીતે બંને બાજુનાં દર્શન કરાવ્યાં છે. 'અવલોકન' જેવી કૃતિના મૂલ્યાંકનમાં એઓ યોગ્ય રીતે કડક થએલા પણ જણાયા વગર નહિ રહે. આમ, આ વિભાગના ૧૨ લેખોમાં વિવેચનનાં પુસ્તકોની વિવેચના, અવલોકના જ્યારે ત્રીજા વિભાગના ચાર લેખોમાં 'હિમાલયની પદયાત્રા', 'વનાંચલ', 'દક્ષિણાયન' અને 'નવલાં

શબ્દકથા: મુગ્ધ · મૂઢ

'મોહ થવો', 'મોહ નષ્ટ થયો અને સ્મૃતિ લાધી', 'મોહિત થવું', 'મોહક', 'મોહિની સ્વરૂપ', 'સંમોહન' વગેરે જેવા પ્રયોગો જોતાં સંસ્કૃતના 'મુહ' ધાતુનો મૂળ ભાવ બુદ્ધિની ભ્રાંતિ કે સ્થગિતપણા સાથે સંકળાએલો હોવાનું સમજાય છે—પછી તે બુદ્ધિ મંદ હોવાનું, અવિકસિત હોવાનું કે તેના પર કાંઈક આવરણ હોવાનું પરિણામ હોય. 'ભ્રમ થવો', 'અજ્ઞાન હોવું', 'મૂર્ખ હોવું', 'મૂર્છિત થવું', 'વિવેક હરાઈ જવો' જેવા અર્થો આમાંથી સહેજે પ્રાપ્ત થાય. 'મુહ્યતિ' ઉપરથી પ્રાકૃતમાં 'મુજ્ઝઈ' અને પછી ગુજરાતીમાં 'મૂંઝાવું', તેમાંથી 'મૂંઝવણ' 'મૂંઝારો' વગેરે થયા છે.

'મુહ' ધાતુનાં બે ભૂતકૃદંત છે: 'મુગ્ધ' અને 'મૂઢ'. 'મુગ્ધ'માં એક તરફથી મોહિત થવાનો અર્થ છે, તો બીજી તરફથી બુદ્ધિ કાચી કે અવિકસિત હોવાનો ભાવ છે: 'મુગ્ધજન'માં આ બીજી અર્થછાયા રહેલી છે. કેટલીક મધ્યકાલીન કૃતિઓનાં 'મુગ્ધબોધ', 'મુગ્ધાવબોધ' જેવાં નામોમાં પણ આ જ અર્થવાળો પ્રયોગ છે. તે પરથી 'મુગ્ધ' એટલે 'ભોળું', 'અવિદગ્ધ', 'કપટ કે કુટિલતા વિનાનું' એવી અર્થછાયા વિકસી. સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં મુગ્ધા નાયિકાનો પ્રકાર જાણીતો છે. હજી તારુણ્યમાં પ્રવેશ જ કર્યો હોય, ભમ્મરભોળી હોય તેવી તરુણી 'મુગ્ધા' કહેવાય. અનેક સંસ્કૃત અને પ્રાકૃત કાવ્યો મુગ્ધાના રમણીય વિષય ઉપર રચાયાં છે.

'મુગ્ધા' ઉપરથી અપભ્રંશમાં 'મુંધ' કે 'મુંધિ' એવું રૂપ બને છે. પરમારરાજ માલવપતિ મુંજને તેલંગાણાનો રાજા તૈલિપ બંધનમાં રાખીને તેની પાસે દરરોજ ભીખ મગાવતો હોવાની જે વાત મધ્યકાલીન પ્રબંધોમાં આપેલી છે તેમાં એક પ્રસંગ એવો છે કે ભીખ માટે મુંજને લાવવામાં આવ્યો ત્યારે એક કણબીને ઘેરે ગૃહિણી પાડરુંને છાશ પિવડાવતી હતી. તેણે ગર્વથી ડોક ઊંચી કરીને ભિક્ષા આપવાની ના પાડી દીધી. એના ઉત્તરમાં મુંજે નીચેનો દોહરો કહ્યો:

ભોલી મુંધિ મ ગવ્વુ ધરિ   પિક્ખિવિ પડરુયાઇં,
ચઉદહ છઇં છહુત્તરઇ   મુંજહ ગયહ ગયાઇં.

અર્થ: 'હે ભોળી મુગ્ધા, તારાં પાડરું જોઈ જોઈને બરો ન કર: આ મુંજના ચૌદસો ને છોંતેર હાથી પણ ચાલ્યા ગયા.' મધ્યકાલીન સાહિત્યમાં આ 'મુંધ' કે 'મૂંધ' પ્રચલિત હતો. જેમ 'મૂક' ઉપરથી 'મૂંગો' 'માગવું' અને 'માંગવું' ને 'મુખ' ઉપરથી 'મુહ' દ્વારા 'મોં' વગેરેમાં બન્યું છે તેમ 'મુગ્ધા' ઉપરથી થએલા 'મુદ્ધ'માં પણ, શબ્દની શરૂઆતમાં નાસિક્ય વ્યંજન હોવાથી પહેલો અક્ષર સાનુનાસિક બનીને 'મુંધ' થયું છે. 'મૂઢ'નું ઉચ્ચારણ પણ ઘણી વાર 'મૂંઢ' એવું થાય છે, અને 'મૂઢ માર' અને 'મૂંઢિયું ગૂમડું' પણ વારંવાર સંભળાય છે. 'મૂઢ'ના 'મૂર્ખ' અને 'હતબુદ્ધિ' એ અર્થો જાણીતા છે.

હરિવલ્લભ ભાયાણી

પરિચય પુસ્તિકાની પ્રશસ્ય પ્રવૃત્તિ

છેલ્લા લગભગ દોઢ દાયકાથી સાડા ત્રણ સો જેટલી સામાન્ય જ્ઞાનની પુસ્તિકાઓ પ્રગટ કરીને પરિચય ટ્રસ્ટ, મુંબાઈ દ્વારા ચાલતી ઉક્ત પુસ્તિકાની પ્રવૃત્તિ આપણા જ્ઞાન-સંસ્કાર ક્ષેત્રે મહત્ત્વનો ફાળો આપી રહી છે. નામી અનામી યુવાન-પ્રૌઢ પણ તજ્જ્ઞ લેખક-લેખિકાઓ પાસે લખાવાતી વિવિધ વિષયો પરની આ પરિચય પુસ્તિકાઓ આજના વિકસતા જતા વિશ્વમાં માનવીની બહુક્ષેત્રીય જ્ઞાનપિપાસાને સંતોષે છે અને વિવિધ ક્ષિતિજોને વિસ્તારે છે. આજ લગીમાં એ શ્રેણીએ સાહિત્ય, વૈદકશાસ્ત્ર, આરોગ્ય, ધર્મ, ઇતિહાસ, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, માનવશાસ્ત્ર, ભાષા એમ અનેક ક્ષેત્રોને આવરી લીધાં છે, અને તે પણ માત્ર ૬૦ પૈસાની નજીવી કિંમતે આ પ્રત્યેક પુસ્તિકા ઘેર બેઠાં જ્ઞાનનું વિતરણ કરે છે. આમ, એક રીતે આ પુસ્તિકાઓ જ્ઞાનકોષની ગરજ સારે તેવી છે, તો બીજી રીતે એ ઘેર ઘેર પહોંચતી જ્ઞાનપીઠ છે. તાજેતરમાં પ્રસિદ્ધ થએલી નીચેની પુસ્તિકાઓનાં નામ આ વાતની ગવાહી પૂરશે:

(૧) શ્રી અરવિંદ (૨) નાણાકીય સંસ્થાઓ (૩) કટોકટીના સમયની જોગવાઈઓ (૪) કર્વે યુનિવર્સિટી (૫) સૉક્રેટિસ (૬) નવું ગણિત શું છે? (૭) ભવાઈ (૮) ધૂમ્રપાનનું જોખમ (૯) ગવર્નરોની કામગીરી (૧૦) ખારા પાણીમાંથી મીઠું પાણી (૧૧) ભારતની રેલવે (૧૨) ઍપેન્ડિક્સની વ્યાધિ (૧૩) ગ્રીક સંસ્કૃતિ (૧૪) સૂર્યમંડળ (૧૫) અવકાશમાં જીવન હશે? (૧૬) આંતરડાંના રોગો (૧૭) સડા વિનાનો વહીવટ (૧૮) કબીરનો વારસો વિવિધ ક્ષેત્રના જ્ઞાનની માહિતી રોચક અને શ્રદ્ધેય રીતે પૂરી પાડતી આ પુસ્તિકાઓ વસાવવા જેવી છે. શ્રી વાડીલાલ ડગલી અને યશવંત દોશીના સંપાદન નીચે દર મહિને ૩૨ પાનાંની ને ૬૦ પૈસાની એક, એવી બે પુસ્તિકાઓ પ્રગટ કરતી આ શ્રેણીનું વાર્ષિક લવાજમ રૂા. ૧૨. (પરિચય ટ્રસ્ટ, પો. બૉક્સ નં. ૧૧૦૮૨, મુંબાઈ–૨૦)

આપણો સાહિત્ય-વારસો

ગુજરાતી સાહિત્યના મૂલ્યવાન ગ્રંથોને ચૂંટી સામાન્ય માણસને પરવડે તેવી કિંમતે તેના સુધી તે પહોંચાડવાની 'લોકમિલાપ ટ્રસ્ટ'ની આ શુભનિષ્ઠા પ્રેરિત પ્રવૃત્તિના પ્રથમ ગુચ્છ રૂપે નીચેનાં પાંચ પુસ્તકો બહાર પડયાં છે: (૧) **ન્હાનાલાલનાં કાવ્યો**: કવિના કાવ્યગ્રંથો તેમજ નાટકોમાંથી ચૂંટેલાં ૫૩ કાવ્યોના આ લઘુસંગ્રહના સંપાદક છે નગીનદાસ પારેખ (કાચું પૂઠું; પૃ. ૮૦); (૨) **ધૂમકેતુની વારતાઓ**: વિવિધ વાર્તાસંગ્રહોમાંથી શીલ-સંસ્કાર પોષક ચૂંટેલી આ ૧૭ વાર્તાઓના સંપાદક છે અનંતરાય રાવળ (કાચું પૂઠું પૃ. ૧૪૭); (૩) **જીવનનું પરોઢ**: મહાત્મા ગાંધીજીના આરંભના જીવનકાળને રોચક રીતે રજૂ કરતી પ્રભુદાસ ગાંધી લિખિત લોકપ્રિય જીવનકથા 'જીવનનું પરોઢ'નો આ છે લઘુસંક્ષેપ (કાચું પૂઠું; પૃ. ૧૭૨); (૪) **ગિજુભાઈના લેખો**: શિક્ષણકાર ગિજુભાઈના ચૂંટેલા દૃષ્ટિસંપન્ન લેખોનો સંગ્રહ (કાચું પૂઠું; પૃ. ૧૦૦). **માનવીની ભવાઈ**: જાણીતા નવલકથાકાર પન્નાલાલ પટેલની વિખ્યાત નવલકથાનો સંક્ષેપ. (કાચું પૂઠું; પૃ. ૨૪૮).

દરશન' જેવી સર્જનાત્મક કૃતિઓની ગુણલક્ષી અવલોકના જોવા મળે છે.

આ સમગ્ર લખાણો પ્રો. જાડેજાની એક સન્નિષ્ઠ અવલોકનકાર, સૂઝભર્યા ભાવક અને સ્પષ્ટવક્તા તરીકેની છાપ ઊભી કરી જાય છે. (વોરા ઍન્ડ કં; ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું; પૃ. ૨૩૮; રૂા. ૭)

બક્ષીની કેટલીક વાર્તાઓ: ચંદ્રકાન્ત બક્ષીની લોકપ્રિય નીવડેલી અને વિશિષ્ટ વ્યક્તિત્વમુદ્રા ધરાવતી વાર્તાઓમાંથી ૧૪ વાર્તાઓ અહીં ચૂંટીને મૂકવામાં આવી છે. (પ્રકા. અશોક પ્રકાશન; ૧૯૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, પાકું પૂઠું; પૃ. ૨૧૯; રૂ. ૫-૫૦)

મારી વિચારયાત્રા: ગાંધીયુગના પીઢ કાર્યકર અને હવે વિનોબાની પ્રવૃત્તિના સમર્થ પુરસ્કર્તા જયપ્રકાશનારાયણની વિચારસરણીને અહીં એમનાં લખાણો, વક્તવ્યો, નિવેદનો આદિમાંથી ક્રમબદ્ધ રીતે મૂકીને એમના માનસવ્યક્તિત્વનો પરિચય મળી રહે તેમ રજૂ કરવાનો પ્રશસ્ય પુરુષાર્થ થયો છે. મુખ્યત્વે તો જયપ્રકાશજીના છેલ્લાં વીસેક વર્ષ દરમિયાનના વિચારોને જ અહીં વણી લેવામાં આવ્યા છે. (પ્ર. યજ્ઞ પ્રકાશન, હુઝરાતપાગા, વડોદરા-૧; કાચું પૂઠું; પૃ. ૩૦૮; રૂ. ૩.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રીમતી સુમતિબેન મોરારજી

'સિંધિયા સ્ટીમ નૅવિગેશન કં. લિમિ.'નાં એકમુખ્ય અધિકારિણી અને વહાણવટાના ક્ષેત્રમાં દુનિયાભરમાં એક માત્ર સ્ત્રી-વહીવટદાર. જન્મ : ૧૩મી માર્ચ ૧૯૦૯. મુંબાઈના વિખ્યાત મિલમાલિક શેઠ મથુરાદાસ ગોકળદાસનાં પુત્રી. તેર વર્ષની વયે મુંબાઈના વિખ્યાત ઉદ્યોગપતિ શેઠ નરોત્તમ મોરારજીના પુત્ર શ્રી **શાંતિકુમાર** સાથે લગ્ન. શેઠ નરોત્તમની દેખરેખ તળે ઉત્તરોત્તર પોતાની વ્યાપારી અને વહીવટી કુનેહને ઓપ મળતો રહેતાં તેઓ આજના ઉચ્ચ સ્થાને પહોંચ્યાં. રોજની આઠનવ કલાકની વહીવટી જવાબદારીઓ સંભાળવા ઉપરાંત અનેક સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિમાં સક્રિય રસ લે છે. 'ઇંડિયન શિપિંગ થ્રૂ એઇજિઝ' નામે ભારતીય વહાણવટાનો ઇતિહાસ લખ્યો છે. વહાણવટા વિષે અવારનવાર લેખો અને રેડિયો વાર્તાલાપો પણ આપતાં રહ્યાં છે. વૈષ્ણ ધર્મ, ભારતીય કલા અને ગાંધીજીનાં તેઓ ભક્ત છે.

૧ જહાજ઼તના ક્ષેત્રમાં ભારતનું સ્થાન કેવું છે?

ઉ. વહાણવટાનાક્ષેત્ર વિષે એટલું કહી શકું કે ટૂંકા ગાળામાં પણ આ ક્ષેત્રે આપણે બહુ ઝડપી પ્રગતિ સાધી છે અને આજે દુનિયામાં અગ્રગણ્ય સ્થાન મેળવ્યું છે.

૨ આપણે આઝાદ થયા પણ આબાદ નથી થયા. આનાં કારણો અને ઉપાય સૂચવશો?

ઉ. આપણે આપણી સંસ્કૃતિ ને કર્તવ્યપરાયણતા તથા ધર્મભાવને ભૂલી ગયાં છીએ તેનું આ પરિણામ છે. દેશને સમૃદ્ધિના પંથે લઈ જવા માટે આપણાં વિસરાઈ ગયેલાં મૂલ્યો અને સંસ્કૃતિનું આપણી ઊછરતી પ્રજામાં સિંચન કરવું જોઇએ.

૩ આજના વ્યાપક ભાવવધારા ને કરભારણનું નિવારણ કઈ રીતે થાય?

ઉ. ખરું કહું તો આપણે બાપુચીંધ્યો માર્ગ અપનાવ્યો નથી એ જ આ અનિષ્ટનું કારણ છે. દરેક ભારતીય એક સાચા નાગરિકના ગુણો અપનાવે તો આ પ્રશ્ન ઘણો હળવો થઈ શકે.

૪ રાષ્ટ્રની આર્થિક સ્થિતિ કઈ રીતે સુધરે?

ઉ. ઉત્પાદન શક્તિ વધારીને આપણે સ્વાવલંબી બનવું જોઇએ.

૫ વ્યાપાર અને વ્યવહારક્ષેત્રે પુરુષ-સમોવડી થવા માટે સ્ત્રીમાં કઈ આવડત હોવી જોઈએ?

ઉ. બધી સ્ત્રીઓ પુરુષ-સમોવડી થઈ શકે નહિ. મારા માટે તો પ્રભુની અસીમ કૃપાનું એ પરિણામ છે એમ હું માનું છું.

૬ આપે અનેક વાર જગતયાત્રા કરી છે. કયો દેશ વધુ ગમ્યો?

ઉ. ભારત જેટલું આકર્ષણ ક્યાંયે થયું નથી. ભારતની સંસ્કૃતિ, બૌધિકતા અને તત્ત્વજ્ઞાન ઘણાં આત્મલક્ષી ને સમૃદ્ધ છે.

૭ આપના જીવનના યાદગાર પ્રસંગો કહેશો?

ઉ. મારું જીવન તો યાદગાર પ્રસંગોથી ભરપૂર હોઈ કોઈ એક પ્રસંગ ને અળગો પાડી શકતી નથી. હું તો માનું છું કે જીવનનો દરેક પ્રસંગ મહત્ત્વનો છે. એનું મૂલ્યાંકન આંકતાં આવડવું જોઇએ.

૮ કયા પ્રકારના ગ્રંથો આપને સવિશેષ ગમે છે?

ઉ. ધર્મગ્રંથો અને કલાસંસ્કૃતિ વિષયક પુસ્તકો મને પસંદ છે.

૯ આપનો ખાસ શોખ?

ઉ. ભારતીય કલાસ્થાપત્ય, વહાણવટું અને માનવકલ્યાણ.

૧૦ ભારતીય વહાણવટાનું ભાવિ આપને કેવું લાગે છે?

ઉ. આશાસ્પદ, ઉજ્જવળ ને પ્રગતિકારક.

Sumati Morarji

ખાદીદર્શન: મહાત્મા ગાંધીજીની અનેક પ્રિય પ્રવૃત્તિઓમાંની એક તે ખાદી, જે એમને મન એક નવદર્શનનું પ્રતીક હતી. એ ખાદી વિષે મહાત્માજીના આધ્યાત્મિક શિષ્ય વિનોબાજીએ જે વિચારો રજૂ કર્યા છે તે એમની મૌલિક વિચારસરણી અને મહાત્માપ્રીતિના દ્યોતક છે. ગાંધીજીના ખાદી પરના વિચારોનું વિનોબાજીની આગવી શૈલીમાં આ સુંદર ભાષ્ય જ છે. (પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ૧૩૨; રૂ. ૧ાા.)

મન્દાકિની: વિવિધ છંદો અને ગીતોના માધ્યમ દ્વારા કવિ મકરન્દ દેસાઈએ પોતાની ઊર્મિ અને મંગલવિચારને નિરાડંબરી શૈલીમાં અહીં વ્યક્ત થવા દીધાં છે. અભિવ્યક્તિમાં ખાસ નાવીન્ય નથી, પણ સચ્ચાઈ છે. (પ્રકા. પોતે જ, તખતેશ્વર પ્લૉટ, ચંદ્રભુવન નં ૨; ભાવનગર; કાચું પૂઠું; પૃ. ૬૮; રૂ. ૧-૫૦)

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૪૯] — કરાવનાર · **જલન માતરી**



રમેશ મો. પારેખ

આજની નવજવાન કલમોની ખાસ ખૂબી એ છે કે એણે પોતાની શક્તિને અમુક મર્યાદિત ક્ષેત્ર પૂરતી ન રાખતાં વિવિધ ક્ષેત્રે તેનો પરચો બતાવ્યો છે. એ પૈકી એક તે અમરેલીના ભાઈ રમેશ મોહનલાલ પારેખની કલમ. ઈ. ૧૯૬૭માં સર્જનની શરૂઆત કરીને એમણે કવિતાક્ષેત્રે એવી શક્તિથી કદમ મૂક્યો કે એમની કવિતાએ કાવ્યપ્રેમીઓનાં હૈયાં જીતી લીધાં, એટલું જ નહિ વિવેચકોની આંખ પણ એમના શબ્દ ઉપર મંડાઈ, અને માત્ર ત્રણ વર્ષના ગાળામાં તો ૧૯૭૦નો કુમાર-ચંદ્રક મેળવ્યો. એ જ વર્ષે પ્રકાશિત એમના કાવ્યસંગ્રહ ‘ક્યાં’ને ગુજરાત રાજ્યનું પ્રથમ પારિતોષિક પણ મળ્યું.

તા. ૨૭-૧૧-૧૯૪૦ના રોજ અમરેલી મુકામે જન્મેલા ભાઈ રમેશ પારેખ કૉલેજનું એક વર્ષ પૂરું કરીને નોકરીમાં જોડાઈ ગયા અને હાલ અમરેલી જિલ્લા પંચાયતમાં ‘રીકવરી ઑફિસર’ તરીકે સેવા બજાવી રહ્યા છે. ગીતોની દુનિયામાં તો એમનું નામ ખૂબ જ ગૌરવવંતુ સ્થાન ધરાવે છે; અને તે સાથે એમની કલમ ગઝલના શબ્દ પણ એવા સર્જવા લાગી છે કે છેલ્લાં છ વર્ષથી ગીત-ગઝલની દુનિયામાં એ ખ્યાતનામ બની ગયા છે. એમની ગઝલો નવા જમાનાના રંગે રંગાએલી હોવા છતાં ગઝલની અદબ જાળવી શકી છે.

એમની કલમ દિશાઓને રેતી રેતી બનાવી રણને દોડાવી શકે છે, તો બરફની કેડીએ સૂરજનો ઉદય કરાવી શકે છે. ‘શહેર એટલે ખંડેરને આવેલું સ્વપ્નું’ એવી ઉપમા આપી રહેલા, રમેશને રમેશમાં શોધી રહેલા આ નવયુવાન શાયરના શે’રોનો આસ્વાદ લઈએ :

પોયણી એ વાત પર સંમત હજુ થાતી નથી,
આ અમાસી અંધકારો છે બળેલી ચાંદની.

તમે હાથ હેઠા કરી દો હવે,
કે સંબંધ તોડી શકાતા નથી.
તમે ફોડી શકશો અરીસા કદી,
ચહેરાઓ ફોડી શકાતા નથી.

ભરબપોરે વિસ્તરી ગઈ છે અહીં કેવી અમાસ,
મારો પડછાયો હું શોધું છું અને મળતો નથી.

તારી વિદાય સાથે પવન પણ પડી ગયો,
મનનું ઉદાસ વહાણ કિનારે તર્યા કરે.
રેખાઓ સર્પ થઈને વીંટાઈ છે હાથમાં,
સારા દિવસ નજીક નીકળતાં ડર્યા કરે.

ચરણ મારાં તારા ભણી હોય છે,
હું ચાલું ત્યાં ભીંતો ચણી હોય છે.
મુઠીમાં જ રાખીને ફરીએ છતાં,
ક્ષણો કેટલી આપણી હોય છે?

એ પોતે જ દોડે છે પોતાની પાછળ,
રમે એકલી સાતતાલી હવાઓ.

જીવ્યા કરે છે માણસો મુરદાં બની અહીં,
કોઈને રાત, કોઈને કરડે પરોઢિયું.

તો પછી જીવતો રહીશ શબ્દો મહીં,
હું મરીને પણ મરી શકતો નથી.

સ્વપ્ન મારાં ક્યાં મને લઈ જાય છે,
કેમ હું પાછો ફરી શકતો નથી.
પાંપણો મીંચી દીધાથી શું વળે,
એમ કૈં સૂરજ ખરી શકતો નથી.
હું પ્રસંગોમાં તણાતો જાઉં છું,
હાથ છે, પણ કૈં કરી શકતો નથી.

ચડતા ઉનાળે પાણી સુકાયાં છે આંખનાં,
પાણીની સાથે વાણી સુકાઈ છે પ્રાસમાં.
કોઈની સાથે સાથે એ ચાલી ગયું હશે,
મેદાન એ જ ઘાસનું પણ ક્યાં છે ઘાસમાં.
ફૂટશે જો આયનો તો પ્રતિબિંબ ક્યાં જશે,
પથ્થર લઈ ઊભો છું હું એની તપાસમાં.

ચીંધીને આંગળ. તરસો હરણને દોડતું રાખે,
દિશાઓ રેતી રેતી થઈને રણને દોડતું રાખે;
બરફની કેડીએ નીકળે છે સૂરજ શોધવા જળને,
બીજું છે કોણ જે એના કિરણને દોડતું રાખે?

એનો કયો મુકામ હશે કંઈ ખબર નથી,
રઝળ્યા કરે છે આખી વસાહત વિચારની.
લોહીમાં કોણ જાણે શું ગુનો ભળી ગયો,
રુંવે રુંવે ભરાય અદાલત વિચારની.

શોધું છું પણ રમેશ મળે ક્યાં રમેશમાં,
મળતા નથી રમેશના રસ્તા રમેશમાં.
અર્ધો રમેશ કાળા અનાગતમાં ગુમ છે,
અર્ધા રમેશના છે ધુમાડા રમેશમાં.

જ્યારે રમેશ નામનો એક ખારવો ડૂબ્યો,
ત્યારે ખબર પડી કે છે દરિયા રમેશમાં.

લોહીમાં આગ જેવો અનુભવ બળે,
શબ્દમાંથી ધુમાડો ય ના નીકળે.
જિંદગી સોંસરું તીર ખૂંચી ગયું,
ખેંચવા જાઉં છું તેમ વાંકું વળે.

હથેળી બહુ વ્હેમવાળી જગા છે,
અહીં સ્પર્શ વસતા એ પ્રેતો થયા છે.
મને ખીણ જેવી પ્રતીતિ થઈ છે
કે હું છું ને ચારે તરફ ડુંગરા છે.

હજુ ય ભીંત વલોવ્યા કરું છું જળ માટે,
હથેળીઓમાં સુકાઈ જતાં કમળ માટે.
રમેશ, સાવ હું ચપટી રમેશ જેવો છું,
અને જુઓ તો હું પર્યાય છું સકળ માટે.

બે માણસોની વચ્ચે પરિચય છે કેટલો?
પથ્થરની સાથે કાચના સંબંધ જેટલો!

અસંખ્ય ઝાંઝવાં ઘરની હવામાં ભટકે છે,
પછીથી હાથની રેખા બનીને અટકે છે.
હવે આ વૃક્ષને કેવી રીતે હું વૃક્ષ કહું?
વસંત ડાળીએ બેસે તો ડાળ બટકે છે!
દીવાલ જેવી સલામત જગાઓ શોધીને
જુઓ, બધાં જ છબીમાં નિરાંતે લટકે છે.

શબ્દોના ડાઘુઓએ ઉપાડ્યો છે ભારને
દફનાવશે ક્યાં જઈને મરેલા વિચારને?

સખી, મને તેં સરોવર કહ્યો એ ઘટનાને
હું મારાં ગીતકમળથી લે ચાલ, શણગારું.
હવે વસંત કે ફૂલની પ્રતીક્ષા કોણ કરે?
હું મારા વ્હાલથી તારું વહાલ શણગારું.

પથ્થરો વચ્ચે મળે તાતી પલળવાની સજા,
જો તરસ લાગે તો આપે સૂર્ય ગળવાની સજા.
પોતપોતાની છબીમાં સૌ જનમકેદી જ છે,
ને મજા એવી કે નહિ ભાગી નીકળવાની સજા!

છે પથ્થર તો એક જ બન્ને દોસ્તો,
ભલે હોય દહેરાં લીલાં લાલ બન્યૂ.
છે લૂણો પછીતોથી પાયા સુધી,
દીવાલે કડેરા લીલા લાલ બન્યૂ.

જીવવું ખૂટ્યું નહિ છેવટ સુધી,
જીવવામાંથી કશું ખૂટી ગયું.

પ્રતિબિંબ ફૂટ્યું છે: દર્પણ નહિ
આ ઘટનાને બૂરી કે સારી ગણું?

નાથુની મા

શ્રી 'બનફૂલ'ના બંગાળી ઉપરથી
સુકન્યા ઝવેરી

'ફિફ્સિટી ઑાવ પર્પઝ'—એનું ગુજરાતી શું? ઉદ્દેશ્યની દઢતા? કંઈ પણ હોય. એનું એક સુંદર ઉદાહરણ તે દિવસે મને જોવા મળ્યું. વાત શરૂ કરું તે પહેલાં 'લૉક જૉ' કોને કહેવાય તે સમજાવવું જરૂરી છે. લગભગ બગાસું ખાતાંખાતાં જ ઘણી વાર આવું બને છે. ગમે તેમ કરો પણ એક વાર મોઢું ફાડો પછી ખુલ્લું જ રહે. અને જ્યાં સુધી કોઈ દાક્તર જડબું પાછું યથાસ્થાને બેસાડે નહિ ત્યાં સુધી, મોઢું ફાડેલું જ રહે એને દાક્તરી ભાષામાં 'ડિસલોકેશન ઑાવ મૅન્ડિબલ' જડબું ખડી જવું કહે છે. એક વાર થાય તો પછી ભારે મુસીબત સર્જાય.

એક દિવસ એક દર્દીની સખત બીમારીને કારણે ઉજાગરો થયો હતો. સવારે આંખ જ ખૂલે નહિ. પત્નીએ ઘણી વાર ઢંઢોળ્યો પણ હું તો તંદ્રામાં પડ્યો રહ્યો. એવામાં ધડાધડ બારણું ખખડ્યું!

બહાર આવીને જોયું તો ઘૂમટો તાણી એક જુવાન સ્ત્રી એક ડોશી-ની જોડે ઊભી હતી. તરત જ ઓળખી ગયો. એ હતી નાથુની સ્ત્રી અને નાથુની મા. એમને ત્યાં પહેલાં પણ હું વિઝિટ પર જઈ આવ્યો છું. નાથુ અહીંની મેંદાની ગીરણીમાં નોકરી કરે છે.

'કેમ શું થયું?'

ડોશીમા ચૂપ હતી. નાથુની બૈરી બોલી 'માનું મોઢું ફાડેલું છે, બંધ નથી થતું.' કહેતીક એણે મોઢું ફેરવી હસવું રોક્યું.

'ઠીક, જોઉં જોઈએ!'

જોયું. બરાબર એ જ, ડોશીનું જડબું ખડી ગયું હતું.

'નાથુ ક્યાં?' 'હજુ રાતપાળીમાંથી પાછા નથી આવ્યા.'

'આ શી રીતે બન્યું? બગાસું ખાતાં?'

વહુએ જવાબ દીધો (ડોશીમાથી તો બોલવાનું અશક્ય જ હતું): 'ના, બગાસું ખાતાં નહિ.'

'તો?' 'એમ જ—'

'એમ તો થાય જ કેવી રીતે? મોઢું ફાડ્યું'તું શા માટે?'

માથું નમાવી, પગના અંગૂઠા વડે જમીન ખોતરતાંખોતરતાં વહુએ કહ્યું, 'મા મને વઢતાં હતાં, ખૂબ ગાળાગાળી પછી 'બળ્યાં મોંની રાંડ' કહેવાં ગયાં એમાં 'બળ્યાં' બોલતાં જ—' મોઢા આડો પાલવ ઢાંકી એણે હસવું રોક્યું. ડોશીની આંખોમાંથી અગ્નિ ઝરતો હતો.

'કેટલી વાર થઈ!' 'અર્ધોએક કલાક'

'અચ્છા, બેસો તમે. હમણાં હું ઠીક કરી દઈશ.'

મેં વિચાર્યું વઢકણી ડોશી આ જ લાગની છે, ભલે થોડી વાર સજા ભોગવતી. એટલી વારમાં હું મારું પ્રાતઃકર્મ પતાવી લઉં.

તપાસવાના ખંડમાં એમને બેસાડી હું અંદર ચાલ્યો ગયો. પાછો ફર્યો હોઈશ લગભગ અર્ધા કલાક પછી.

આવીને રિતિમત્ત બંને હાથના અંગૂઠા ડોશીના મોઢામાં નાખી નીચેના જડબાને ખૂબ જોરથી દબાવ્યું. ખટ દઈને હાડકું બેસી ગયું.

જેવા મેં અંગૂઠા કાઢ્યા કે ડોશીમા બોલ્યા '...મોંની રાંડ' □

ઉ. પોતાની પત્ની માટે કંઈક ખરીદવા એક આદમી મોટા સ્ટોરમાં સ્ત્રીઓ માટેના વેચાણ-વિભાગમાં મથી રહ્યો હતો, પણ સ્ત્રીઓના ધસારા-થી એને વારંવાર પાછા ધકેલાઈ જવું પડતું હતું. અંતે એણે માથું મારીને બળપૂર્વક એ ભીડમાં પેસવા પ્રયાસ કર્યો.

'તમને સજ્જનની જેમ વર્તતાં નથી આવડતું?' એક સ્ત્રીએ પૂછ્યું.

'બાનુ, છેલ્લા એક કલાકથી હું એમ જ વર્તી રહ્યો હતો, પણ હવે આમ સન્નારીઓ પેઠે વર્તીને હું આગળ જઈશ.'

શતરંજના વિશ્વવિજેતાઓ: બોટવીનિકની એક રમત

બોટવીનિક અંતના તબક્કાના નિષ્ણાત ગણાય છે. અધૂરી રહેલી રમતના પૃથક્કરણમાં તેઓ અજોડ છે. આ અંકમાં આપણે એમની એક વધુ રમત જોઈએ. તેમાં તેમણે પોતાની એ શક્તિનો પરિચય આપ્યો છે. ૧૯૬૩માં રમાએલી બોટવીનિક-પેટ્રોશ્યન આહ્વાન મૅચની આ ૧૪મી રમતમાં બોટવીનિકનાં સફેદ અને પેટ્રોશ્યનનાં મહોરાં કાળાં હતાં.

1 P-Q4, P-Q4; 2 P-QB4, P-K3; 3 N-QB3, B-K2; 4 P×P, P×P; 5 B-B4, P-QB3; 6 P-K3, B-KB4; 7 P-KN4, B-K3; 8 P-KR3, N-B3; 9 B-Q3, P-B4; 10 N-B3, N-B3; 11 K-B1, (સફેદને હાથીની KR1 પર જરૂર છે, અને રાજાને KN2 પર લાવવો છે એટલે કિલ્લેબંધી ન કરતાં આ ચાલ લીધી છે.)

11..., O-O; 12 K-N2, P×P, (આના કરતાં 12..., P-B5; કે 12..., R-B1 વધુ સારી પડત.)

13 KN×P, N×N; 14 P×N (આથી સફેદને QB5 અને K5નો કાબૂ મળી ગયો, પણ કાળા પાસે બીજો શો ઉપાય હતો?)

14..., N-Q2? (અહીં 14..., R-K1 ચાલવાની જરૂર હતી.)

15 Q-B2, N-B3, કાળાને પોતાની ભૂલ સમજાતાં ઘોડો પાછો મૂળ જગ્યાએ લાવે છે, પણ તેમ કરતાં તેણે બે ચાલ ગુમાવી.)

16 P-B3, R-B1; 17 B-K5, B-Q3; 18 QR-K1. અહીં (સફેદ 18 B×N, Q×B; 19 B×Pch, K-R1; 20 B-Q3થી પ્યાદું જીતે તો કાળાને તેના બદલામાં 20..., Q-B5થી હુમલાની સુંદર તક મળે.)

18..., B×B; 19 R×B (હજી પણ 19 P×B, N-R4; 20 B×Pchથી પ્યાદું લેવું યોગ્ય નથી.)

19..., P-KN3; 20 Q-B2, N-Q2; 21 R-K2, N-N3; 22 KR-K1. (રાજા તરફના હુમલાને બદલે સફેદ હવે બોર્ડના મધ્યમાં વધુ અસરકારક હુમલો કરી શકશે.)

22..., N-B5; 23 B×N, (કાળાની 23..., N×P; 24 R×N, R×N;થી ધમકી અટકાવવા.)


23..., R×B; 24 R-Q2, R-K1; 25 R-K3, P-QR3; 26 P-KN3, R-B3; 27 N-R4, P-N3; (ઘોડાને QB5 પર આવતો અટકાવવા.)

28 N-N2, P-QR4; 29 N-Q3, P-B3; (ઘોડાને K5 પર આવતો અટકાવવા.)

30 P-KR4, B-B2; 31 R×Rch, B×R, 32 Q-K3, B-B2; 33 P-N5, B-K3; 34 N-B4, B-B2; 35 N-Q3, B-K3; 36 P×P, Q×P; 37 Q-N5, Q×Qch. (અહીં કાળો 37..., Q×P? રમે તો 38 N-K5થી કાળાના વજીર તેમજ હાથી ઉપર હુમલો આવતો હોવાથી સફેદ જલદી જીતે.)

38 P×Q, P-R5; 39 P×P, R-B5; 40 P-R5! (આ સુંદર ચાલથી સફેદ ઘોડાને QB5 પર જવા મળે છે.)

40..., P×P; 41 N-B5. આ સફેદના Sealed move પછીની સ્થિતિ સાથેની આકૃતિમાં જુઓ. સફેદ પાસે ઘોડો છે જ્યારે કાળા પાસે ઊંટ છે. ઊંટને તેનાં પ્યાદાં આડાં નડે છે. તેથી સફેદની સ્થિતિ જરા સારી ગણાય. છતાં એ લાભ જીતવા માટે પૂરતો ન હતો. અંતના તબક્કાની રમત અને પૃથક્કરણમાં સરસાઈને લીધે બોટવીનિક જીતી શકે છે.



41..., B-B4; 42 K-N3, P-R5, અહીં 42..., P-R3; વધુ સારી ચાલ હતી.)

43 K-B4, P-R6; 44 K-K5, R-N5; 45 N-Q3, R-N4; 46 K-Q6, K-B2; 47 K-B6, B×N; 48 R×B, R×P; 49 R×P, R-N7; 50 K×P. (અહીં સફેદ 50 P-B4થી પ્યાદું બચાવવા જાય તો કાળો રાજા 50..., K-K3 અને પછી KB4 પર આવીને રાજા તરફનાં પ્યાદાં જીતે છે.)

50..., R×Pch; 51 K-B6, જીતવા માટે આ ચાલ જ રમી શકાય તેમ છે.)

51..., P-R4; 52 P-Q5, R-N7; 53 P-Q6, R-B7ch; (આ શેહથી કંઈ અર્થ સરતો નથી. આના કરતાં 53..., P-N4; સારી ચાલ હતી.) 54 K-Q7, P-R5; 55 P-B4, R-B7; 56 K-B8, R×Bch; 57 R-R7ch, હવે સફેદ QPને વજીર થતું અટકાવવા હાથીનો ભોગ આપવો પડે તેમ છે. માટે 57..., Resigns. **સુરેશ મોદી**

પચ્ચીસ વર્ષ પહેલાં



ઑક્ટોબર ૧૯૪૮ · સળંગ અંક ૨૯૮

દર મહિને તે તે માસમાં આવતા તહેવાર-નો પરિચય 'કુમાર'માં આવતો. તેમાંથી આ માસના તહેવાર 'શરદપૂર્ણિમા'નો આસ્વાદ ઉતારીએ:

વર્ષાના વાદળઘેર્યા આકાશ પછી પહેલવહેલી આવતી આ નિરભ્ર અને નિર્મળ પૂનમ વખતે નથી હોતો ઉનાળાનો ઉકળાટ કે નથી હોતી શિશિરની શરીર કંપાવતી ટાઢ. તે સ્વચ્છ રાત્રિએ સ્વસ્થ શીતળતામાં રત્ન જેવા તારાઓની વચ્ચે ઉલ્લાસથી પ્રકાશતા ચંદ્રની શોભા, તેની દૂધ જેવી ચાંદનીમાં નહાતું સૃષ્ટિનું સૌન્દર્ય, અને તે બધાની મન પર થતી જાદુઈ અસરને કારણે શરદ-પૂર્ણિમા આપણા તહેવારોમાં અગત્યનું સ્થાન ધરાવે છે. શરદ પૂનમ એટલે કુદરતનું કાવ્ય અનુભવવાનો તહેવાર.

એ દિવસે આપણે ત્યાં અગાશી કે ખુલ્લા મેદાનોમાં બેસી ચન્દ્રની અમૃતસમી ચાંદની ઝીલતાંઝીલતાં અને મિત્રમંડળની સાથે આનંદવિનોદ કરતાંકરતાં દૂધપૌંઆ ખાવાનો રિવાજ છે. ચોમાસામાં પાકેલી નવી ડાંગરના પૌંઆ ઘણા મીઠાશવાળા લાગે છે. કેટલેક ઠેકાણે તેને કોપરા સાથે ખાવાની પ્રથા છે. શરદ પૂર્ણિમાની ચાંદનીમાં દૂધપૌંઆ રાખી મૂકવાથી તેનું અમૃતીકરણ થાય છે એવી એક માન્યતા છે. આ ઉપાહારના કાર્યક્રમ ઉપરાંત સ્ત્રીઓ ઠેરઠેર રાસ-ગરબા ગાય છે. નાનામોટા પુરુષો એ આહ્લાદક ચાંદરણામાં આટાપાટા રમે છે. કોઈ કોઈ ઠેકાણે સંગીત થાય છે. તો કોઈ ધાર્મિક વ્યક્તિ તે દિવસે વૈદિક બ્રાહ્મણ પાસે મંત્રજાગર કરાવે છે. આમ શરદ ઋતુના આ છેલ્લા દિવસે સૌંદર્યનું બની શકે તેટલું પાન ર । ાં આવે છે.

બ્રહ્માંડ-પુરાણમાં કહ્યું છે કે શરદ-પૂર્ણિમાને દિવસે શહેરના રસ્તાઓ સાફ કરી તેના પર સુગંધી જળનો છંટકાવ કરવો; ઠેકઠેકાણે પુષ્પો પાથરવાં, ચંદરવા તાણવા અને બધે પ્રફુલ્લ વાતાવરણ રાખવું; કારણ તે દિવસે લક્ષ્મી બધે ફરે છે. પણ તે રાત્રે નિસર્ગની જે અવર્ણનીય શોભા હોય છે તે તો પ્રત્યક્ષ લક્ષ્મી કરતાં પણ ચડી જાય તેવી હોય છે. જ્યોતિષીઓ કહે છે કે તે દિવસે ચન્દ્ર પૃથ્વીની વધારેમાં વધારે પાસે આવે છે. આસો સુદ ૧૫ને દિવસે આવતા આ તહેવારને મરાઠીમાં કોજાગરી પૂર્ણિમા કહે છે. કેટલેક ઠેકાણે કાર્તિકસ્નાનની શરૂઆત આ દિવસથી કરવામાં આવે છે. આ માસની દશમ, એકાદશી કે પૂર્ણિમાથી એક મહિના સુધી કોઈ પણ તીર્થ પર રહી પરોઢિયામાં કરાતા સ્નાનને કાર્તિકસ્નાન કહેવામાં આવે છે.

પણ શરદ-પૂર્ણિમાનું સાચું સૌન્દર્ય માણવું હોય તો રાત્રે બે વાગ્યે ઊઠવું જોઈએ. તે વખતે નીરવ રાત્રિની શાંતિમાં તારા, ચન્દ્ર અને સૃષ્ટિ જે સંગીતમય તાલ લે છે તેનો આસ્વાદ એક વાર ચાખ્યા પછી ભાગ્યે જ ભૂલી શકાય છે.

બરાબર પા સદી પહેલાં ૧૯૪૭માં હિંદુસ્તાનના ભાગલા પડાવી પાકિસ્તાન સર્જાવનાર કાયદે આઝમ મહમદઅલી ઝીણાનું ૧૯૪૮ની ૧૧મી સપ્ટેમ્બરે હૃદય બંધ પડવાથી અવસાન થયું એ પ્રસંગે 'કુમાર'ના આજથી પચ્ચીસવર્ષ પહેલાંના અંકમાં એક વખતના એ ભારતપુત્રનું ચરિત્ર આપેલું. તેમાંની બે વાનગી:

(૧) મુનશીજીએ પોતાની આત્મકથા 'સીધાં ચઢાણમાં' આલેખેલું 'ઝીણા'નું રેખાચિત્ર:

ઝીણાનો તાપ હંમેશાં ભારે હતો. એ ફક્કડ પણ ખરા. એનાં કપડાં જેવાં સુંદર બીજું કોઈ પહેરતું નહિ. એના વાળ સદાય ઓળેલા સફાઈબંધ. એના અભિનય નાટકી ને રોફીલા. એની અંગ્રેજી બોલવાની રીત ફક્કડ અને સચોટ. એનાં ઉચ્ચારણો હમેશાં ભારવાળાં-તેમાં ટૉર પણ ખરો. કોઈક વાર વ્યાકરણ પણ ખોટું આવી જાય, પણ બોલવાની છટા હમેશાં કરમાયા વિનાની.

એ આવી કૉર્ટમાં બેસે, જાણે છબી પડાવવા. એ ઊભો રહી, કેડે હાથ દઈને કૉર્ટને સંબોધે નાટકી છટાથી. એની અક્કડાઈનો પાર નહિ. મિજાજ તો જરાજરામાં ઊકિયાં કરે. એનું સ્વમાન બહુ સુંવાળું, તે જરાજરામાં ઘવાઈ જાય. સૉલિસિટરને એ થરથરાટ ધ્રુજાવે.

પણ એ હસે ત્યારે સામાનું હૃદય તરત જીતે. નિર્ભયતા એનો પ્રધાન ગુણ. અક્કડાઈ દુર્ભેદ્ય. મોટામોટા ન્યાયાધીશોને એ દબડાવે. કોઈ જરાક અયોગ્ય કહે કે તરત સામો ફટકો લગાવે.

ઝીણા કાયદા કરતાં સામાની ત્રૂટીઓ પકડી પાડવામાં વધારે નિપુણ. એ વાટ જોયા કરે, હિંમતથી હાંક્યા કરે; સામો ઍડવોકેટ જરી ભૂલ કરે કે એ શેર થઈ જાય. પોતાનો મુદ્દો ઠોકી બેસાડે. છટાથી કે હસીને કે આંજીને ન્યાયાધીશ પાસે ધાર્યું કામ કરાવી લે.

મારા પર એને ઘણો સદ્ભાવ હતો. હું 'હોમરુલ લિગ'નો મંત્રી થયો ત્યારે તે પ્રમુખ હતા. આથી અમારો સંબંધ વધુ ગાઢ થયો. પણ મૈત્રીમાંથી અંગત સંબંધનાં તત્ત્વો એ નિતારી નાખતાં. ગમે તેવો પરિચય કેળવાય તો પણ એ કદી પોતાની અંગત વાત કરે નહિ ને મિત્રને એવી વાત કરવાની તક આપે નહિ. શક્તિની એમની ભાવના દુર્ભેદ્યતા પર રચાઈ હતી.

એક દહાડો એક કૉન્ફરન્સ પછી અમે બંને આડીતેડી વાતો કરતા બેઠા હતા. એ વખતે એના પર કૌટુંબિક આફતનાં વાદળ ઝઝૂમતાં હતાં. મેં પૂછ્યું, 'ઝીણા, તમારી તબિયત ઠીક નથી?' એણે એની છટાભરી ટેવથી કપાળ પર આવેલા વાળ ઊંચા કર્યા ને કહ્યું: 'મુનશી, તમને ખબર નથી કે મારા પર શી વીતે છે!' પછી એણે હોઠ બીડી દીધા ને અંતરની વ્યથા પર તરત પડદો પાડી દીધો.

'વીસમી સદી' માસિકમાં જ૦ ઝીણાના હસ્તાક્ષરોમાં આવેલો 'દિલનો એકરાર'

પુરુષમાં વખાણવાલાયક સદ્ગુણ કયો?...... સ્વતંત્રતા

સ્ત્રીમાં વખાણવાલાયક સદ્ગુણ કયો?......... વફાદારી

જિંદગીની સફળતા તમે શામાં માનો છો?...... લોકનો ચાહ મેળવવામાં

તમારો પ્રિય વિનોદ (Recreation) કયો?... ઘોડેસવારી.

તમારું મનગમતું ફૂલ કયું?.................. લીલી.

તમારો પ્રિય લેખક કયો?..................... શેકસપીઅર

તમારું પ્રિય પુસ્તક કયું?..................... મોનટી ક્રીસટો

તમારો મુદ્રાલેખ (Motto) શો છે?......... કદી નીરાશ ન થવું

સહી... મોહમદ અલી ઝીણા

રાઈ

છાલો-પાલો-મરી-મસાલો (૧૪) લેખક · માધવ મો. ચૌધરી

રોજ દાળશાકના વઘારમાં ને અથાણામાં રાઈ સારી પેઠે વપરાય છે. આપણે ત્યાં જ નહિ, લગભગ બધા દેશોમાં રાઈનો ઉપયોગ થાય છે. આપણે ત્યાં તો છેક પ્રાચીનકાળથી રાઈ વપરાય છે. રાઈ ભારતમાં સર્વત્ર થાય છે. હાથ-દોઢહાથ જેટલી ઊંચાઈના તેના છોડને પીળાં ફૂલ આવે છે. અને ઈંચ-દોઢ ઈંચ લંબાઈની શીંગો આવે છે. એ શીંગોમાં રાઈના દાણા હોય છે. રાઈનાં પાનનું શાક પણ થાય છે. ધોળી, કાળી અને રાતી, એમ એની ત્રણ જાત છે. રાતી રાઈ કરતાં ધોળી રાઈના દાણા મોટા હોય છે. દહીંના મઠામાં વાટેલી રાઈ અને મીઠું નાખવાથી બનતું સરસ અનોખા સ્વાદવાળું રાઈતુ કે રાયતું આ રાઈના કારણે જ એ નામ પામ્યું છે. વળી, તેમાં દ્રાક્ષ, કાકડી, મોગરી વગેરે નાખીને તેનું વૈવિધ્ય વધારી શકાય છે. રાયતામાં રાઈ એ મુખ્ય વસ્તુ હોઈ તે ઉષ્ણ, પાચક, રુચિકર અને સ્વાદિષ્ટ બને છે. શિયાળામાં એ વધારે ગુણકારી છે. કેટલીક સ્ત્રીઓ રાઈનો ભૂકો કરી તેમાં દળેલુ મીઠું અને લીંબુનો રસ નાખી ગોળા કરી સંઘરી રાખે છે. પછી જોઈએ ત્યારે ચટણી, રાયતા કે શાકમાં એ વાપરે છે. રાઈના દાણામાંથી તેલ નીકળે છે. એ તેલ સરસવના તેલ સરસિયા કરતાં વધારે ઉગ્ર હોવાથી એકલું ખવાતું નથી. પણ સરસિયા સાથે મેળવીને ખવાય છે. ખાવામાં રાઈના તેલ કરતાં સરસવનું તેલ વધુ પસંદ કરવા જેવું છે. કોઈ કોઈ વેપારીઓ સરસવના તેલમાં રાઈ કે રાયડાનું તેલ ભેળવી લોકોને છેતરે છે. રાઈનું તેલ તીખું, હલકું, મળને ઉખેડનાર, ઉષ્ણ, વાયુ તેમજ માથા-અને કાનના રોગ મટાડનાર, લોહીને ખરાબ કરનાર, કૃમિ અને દુષ્ટ વ્રણને મટાડનાર છે. રાઈનું તેલ વિશેષે કરીને મૂત્રકૃચ્છ કરનાર છે. તેલ ચામડી પર લગાડવાથી થોડા જ સમયમાં ચામડી લાલ થઈ ફોલ્લી ઊપડી આવે છે. ઍલૉપથીમાં રાઈના તેલનો ઉપયોગ મર્દન તરીકે થાય છે. વાતવ્યાધિથી રહી ગયેલા–અકડાઈ ગયેલા અંગ પર રાઈનું પ્લાસ્ટર મારવામાં આવે છે. રાઈને પલાળીને સૂકવ્યા બાદ ઘંટીમાં ભરડવાથી તેનાં ફોતરાં નીકળી જાય છે. આમ ભરડેલી રાઈ લેપ કરવામાં ઉપયોગી છે. આ તાજો લેપ સસ્તો અને વધુ ગુણકારી છે. આ લેપમાં વાટેલો સંચળ મેળવવાથી સોજા પર એ ફાયદાકારક બને છે. રાઈની પોટીસ કે લેપ કરવામાં ઠંડું જળ વાપરવું જોઈએ; કારણ કે ગરમ પાણીમાં રાઈનું સત્ત્વ પૂરતા પ્રમાણમાં ઓગળતું નથી. રાઈનો લેપ લગાડવાના પ્રસંગે ઝીણું મલમલનું કપડું શરીર પર મૂકીને પછી લેપ કરવાથી ફોલ્લા ઊઠવાનો સંભવ ઓછો રહે છે. વળી દાહ થાય ત્યારે કપડાની પટી સરળતાથી ઉખાડી પણ શકાય છે. રાજી, રાજિકા, તીક્ષ્ણગંધા, ક્ષુજ્જનિકા ને આસુરી, એ રાઈનાં અને ક્ષવ, ક્ષુતાભિજનક, કૃમિકૃત્ ને કૃષ્ણ સર્ષવ, એ કાળી રાઈનાં સંસ્કૃત નામો છે.

રાતી અને ધોળી રાઈ કફ તથા પિત્તને હરનારી, તીક્ષ્ણ, ગરમ, રક્તપિત્ત કરનારી, કંઈક રુક્ષ અને અગ્નિને પ્રદીપ્ત કરનારી છે. તેમજ એ ખૂજલી, કોઢ અને પેટના કૃમિઓનો નાશ કરે છે. કાળી રાઈમાં પણ એવા જ ગુણો છે, પરંતુ વિશેષે કરીને એ અત્યંત તીક્ષ્ણ છે.

રાઈના પાનનું શાક-ભાજી ગરમ હોઈ પિત્ત કરનાર, રુચિકર અને વાયુ, કફ, કૃમિ તથા કંઠરોગનો નાશ કરનાર છે. ગરમ ઋતુમાં તેમજ પિત્તપ્રકૃતિવાળા માટે એ ભાજી હિતકર નથી. યુનાની મત પ્રમાણે રાઈ વધારે લેવાથી નશો–મદ ચઢે છે અને એ હોજરીને આળી બનાવે છે. આમાશય-હોજરીના કૃમિઓને મારી બહાર કાઢે છે. એ લોહીને શુદ્ધ કરે છે. તેમજ શરદી, અગ્નિમાંદ્ય અને વાયુના રોગોને દૂર કરે છે.

રાઈ થોડી માત્રામાં દીપન-પાચન, ઉત્તેજક અને સ્વેદલ છે. વધુ માત્રામાં એ વામક છે. રાઈ વધારે માત્રામાં લેવાથી તરત જ ઊલટી થાય છે. રાઈ મસાલામાં વાપરવાથી હોજરી અને આંતરડામાં ઉત્તેજક અસર કરે છે, હોજરીનો રસસ્રાવ વધે છે અને હોજરીમાં મંથનક્રિયા સતેજ બને છે; પરિણામે ભૂખ ઊઘડે છે. છતાં રાઈ બહુ ગરમ હોઈ મસાલા તરીકે રાઈનો વધુ પડતો ઉપયોગ કરવાથી હોજરી અને આંતરડાંની ખરાબી થવાનો સંભવ છે. શરીરે રાઈ લાગે તો ઘી કે તેલ ચોપડવું.

રાઈને મધમાં લસોટીને ખવડાવવાથી શરદી મટે છે.

રાઈ ચાર રતી, સિંધવ બે રતી અને સાકર બે માસા મેળવી સવાર-સાંજ આપવાથી ઉધરસમાં કફ પાતળો થઈ સરળતાથી બહાર નીકળે છે.

રાઈને તેલવાળી કરી ગળવાથી કે ત્રણ માસા રાઈનું ચૂર્ણ પાણીના ઘૂંટડા સાથે પીવાથી પેટની ચૂંક અને અજીર્ણ મટે છે.

રાઈનું એક-બે માસા ચૂર્ણ થોડી ખાંડમાં મેળવી ખવરાવવાથી અને પાંચ-દસ તોલા પાણી પિવડાવવાથી અપચો અને ઉદરશૂળ મટે છે.

અર્ધો તોલો વાટેલી રાઈ અને અર્ધો તોલો મીઠું ગરમ પાણીમાં મેળવી પીવાથી અથવા એક ચમચો રાઈનો લોટ ઠંડા પાણીમાં પીસી ચાળીસ-પચાસ તોલા પાણીમાં મેળવી પિવડાવવાથી ઊલટી થઈ ખાધેલું ઝેર બહાર નીકળી જાય છે. રાઈને ઝીણી વાટી પાણીમાં પલાળી પેટ ઉપર લેપ કરવાથી ખૂબ ઊલટી થતી હોય તો તરત જ બંધ થઈ જાય છે.

સન્નિપાતના તાવમાં કે શરદીથી શરીર ઠંડું પડી જાય ત્યારે ગરમી લાવવા માટે પગ પર રાઈનો લેપ કરવો હિતાવહ છે.

રાઈ અને સંચળ વાટી લેપ કરવાથી સોજો ઊતરે છે.

રાઈના તેલનું માલિસ કરવાથી અર્ધાંગવાયુ રોગમાં ફાયદો થાય છે.

રાઈ અને મરીના ચૂર્ણને ઘીમાં મેળવી લેપ કરવાથી રસોળી-રસાવળી વધતી બંધ થાય છે.

'ગોળ, ગૂગળ ને વાટી રાઈ, તેને શું કરશે બાંબલાઈ?'—એ કહેવત અનુસાર આ ત્રણેને પાણીમાં લસોટી ઉકાળી તેનો લેપ કરવાથી બાંબલાઈ મટે છે. બાંબલાઈ પર આ અસરકારક ઔષધિ છે.

રાઈના લોટને ઘી-મધમાં મેળવી તેનો લેપ કરવાથી ઘામાં પડેલા કીડા મરી જઈ બહાર નીકળે છે. કાંટો કે કાચ વાગ્યો હોય તેના પર આ લેપ કરવાથી વાગેલો કાંટો કે કાચ ઉપર-બહાર આવી સ્પષ્ટ દેખાય છે.

રાઈના લોટને આઠ ગણા ગાયના જૂના ઘીમાં અથવા ગાયના ધોએલા ઘીમાં મેળવી તેનો લેપ કરવાથી થોડા દિવસોમાં ધોળો કોઢ મટે છે. તેમજ આ લેપથી ખસ ખરજવાં અને દાદરમાં પણ ફાયદો થાય છે.

રાઈના લોટને ઘીમાં મેળવી આંખમાં ન જાય એ રીતે સંભાળપૂર્વક આંજણી પર લેપ કરવાથી ફાયદો થાય છે.

દસ તોલા સરસિયું કે તલનું તેલ લઈ તેને ખૂબ ઉકાળી ઊભરો લાવી નીચે ઉતારી તેમાં રાઈ અને લસણ એક્એક તોલો લઈ બારીક પીસીને દોઢ માસો કપૂર નાખીને ઢાંકી દેવું. ત્યાર પછી ઠંડું થાય ત્યારે ગાળીને શીશીમાં ભરી લેવું. આ તેલનાં બેચાર ટીપાં કાનમાં નાખવાથી કાન પાકતો હોય કે તેમાંથી પરુ નીકળતું હોય તો તે મટે છે.

રાઈના લોટનું નસ્ય વાઈની મૂર્ચ્છામાં અપાય છે.

હરિઃ ૐ આશ્રમ તરફનું
સપ્ટેમ્બર અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'વિઠ્ઠલભાઈ પટેલ'ના લેખક
ધીરુભાઈ પરીખને મળે છે.

વૃક્ષ-વેલ-પરિચય-૧૪ • કરેણ



આપણી તરફનાં લગભગ બધાં ગામડાંમાં શિવમંદિરની આજુબાજુ લાલ, ગુલાબી કે સફેદ કરેણનાં ઝાડ લગભગ ચોક્કસ જોવા મળે છે. બગીચાઓમાં પણ એ ઉગાડાય છે એટલે એ વૃક્ષ કે એનાં આછી સુગંધવાળાં ફૂલ આપણાથી સાવ અજાણ તો નથી જ. પ્યાલી જેવા આકારનાં ફૂલ અને કરેણના જેવાં પાનવાળી 'પીળી કરેણ' પણ બહુ જાણીતી છે. પણ હકીકતે એ કરેણ કરતાં અલગ વનસ્પતિ છે.

કરેણ સાધારણ ઊંચાઈ સુધી વધે છે. એની સીધી ડાળ પર ૪–૬ ઈંચ લાંબાં, ઘટ્ટ, વચ્ચેથી પહોળાં અને મૂળમાં તથા ટોચે અણિયાળાં ને ટૂંકી દાંડીવાળાં પાન ત્રણત્રણના જૂથમાં ગોઠવાએલાં હોય છે અને એ ડાળને છેડે ઘેરા લાલ, ગુલાબી યા સફેદ રંગના ફૂલનાં ઝૂમખાં થાય છે. બારેમાસ ઊગતાં આ ફૂલ શિવને ચડાવવાનો રિવાજ છે. કરેણનું ફળ એકાદવેંત લાંબું શીંગ જેવું હોય છે ને તેમાં રુંવાટીવાળાં બીજ હોય છે. (પીળી કરેણનું ફળ તદ્દન જુદું હોય છે.)

ગામઠી ગુલાબ જેવાં કરેણનાં ફૂલમાંથી જે આછી સુગંધ આવે છે એનાથી એ ગ્રામ વિસ્તારમાં ઠીકઠીક પ્રિય છે. કરેણનું કોઈ પણ અંગ તોડતાં અંદરથી દૂધ જેવો રસ નીકળે છે. એ ઝેરી હોવાનું મનાય છે. કરેણનું લાકડું અને છાલ જંતુનાશક છે. કરેણમાં કેટલાક ઔષધીય ઉપયોગો પણ છે. એમાં પાનનો ઉકાળો સોજો ઉતારવામાં વપરાય છે. એનાં મૂળની છાલમાંથી કાઢેલું તેલ ચામડીનાં દર્દોમાં લગાડાય છે. કરેણનાં પાનને તેલમાં ઉકાળીને લગાડવાથી હાનિકર જંતુઓથી રક્ષણ મળે છે. કરેણનાં કાષ્ઠના કોલસો બંદૂકનો દારૂ બનાવવામાં વપરાય છે.



પ્રાચીના તેજપડદા કશા ઊપડે! ગેબનો કોક ગંધર્વ ગાજે!
દિવ્યની દેવડીએ મીઠી બેવડી ગુંજતી આજ શરણાઈ વાજે!
વિશ્વની છિન્ન બેસૂર તંત્રીતણા તારનો કોક 'સા' મેળવે છે!
વાદ્યપે કોક ઉસ્તાદ નિજ અંગુલિ જાળવી જાળવી ફેરવે છે!
દલ અમંગલ અસદ્ તત્ત્વનાં ગાજતાં તે પરાજિત થઈ ને વિલાયે,
આજ આદિત્યની કિરણવીણા પરથી પાર્થિવે દિવ્ય અવતીર્ણ થાયે!

—બાલમુકુંદ દવે

ડૉ. શિયાલી રામામૃત રંગનાથન

કારકિર્દીના આરંભમાં જે પોતાનું ક્ષેત્ર નહોતું અને જેમાં જોડાતાં પ્રથમ કચવાટ પણ થએલો એ ગ્રંથપાલપદ ગ્રહણ કર્યા પછી તેમાં ઊંડો ને સક્રિય રસ લઈને એકલે હાથે પ્રચંડ પુરુષાર્થ ખેડી 'કૉલન ક્લાસિફિકેશન' ને તેના પરથી આગળ 'ડેપ્થ ક્લાસિફિકેશન'-વિસ્તૃત વર્ગીકરણની આગવી પદ્ધતિઓ યોજી-પ્રસારીને પોતાની પ્રતિભા વડે દુનિયાભરના એ ક્ષેત્રના સમકાલીનોમાં શ્રેષ્ઠ બનનાર ડૉ. શિયાલી રામામૃત રંગનાથન ભારતમાં 'લાયબ્રેરી યુગ'નું નિર્માણ કરનાર ને પુસ્તકાલય પ્રવૃત્તિના પિતા ગણાયા છે. 'લાયબ્રેરીઅનશિપ'ને સ્થાને એમણે એ વિશાળ 'લાયબ્રેરી સાયન્સ'ની સ્થાપના અને વિકાસ સિદ્ધ કરનાર તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી હતી. આ વિષયમાં તેમના જેવો સર્વગ્રાહી પ્રભાવ હજુ કોઈએ પાડયો નથી.

ડૉ. રંગનાથનનો જન્મ તમિલનાડુના તાંજોર જિલ્લાના શિયાલી ગામમાં ઈ. ૧૮૯૨ની ૯મી (સરકારી દફતરોમાં ૧૨મી) ઑગસ્ટે થયો હતો. છ વર્ષની નાની વયે પિતાનું છત્ર જતાં અનેક કષ્ટો વેઠીને માતાએ એમને ઉછેર્યા. ગરીબીના એ કપરા અનુભવોએ તેમનામાં નિઃસહાયને મદદ કરવાની વૃત્તિ જન્માવી હતી, એટલે કમાતા થયા ત્યારથી જ પોતાની ટૂંકી આવકમાંથી પણ અનેક વિદ્યાર્થીઓને એમણે અનેક રીતે સહાય આપવા માંડી હતી. શિયાલીની હિંદુ હાઇસ્કૂલ અને મદ્રાસ ક્રિશ્ચિયન કૉલેજમાં ભણીને તેઓ ૧૯૧૬માં ગણિત સાથે એમ. એ. થયા અને ૧૯૧૭માં શિક્ષણશાસ્ત્રની એલ. ટી.ની પદવી પ્રાપ્ત કરી. અંગ્રેજી, સંસ્કૃત અને ગણિત એ તેમના પ્રિય વિષયો હતા. ૧૯૧૭માં મેંગલોરની સરકારી કૉલેજમાં ગણિત અને ભૌતિક વિજ્ઞાનના અને ૧૯૨૧માં મદ્રાસની પ્રેસિડન્સી કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપકપદ પછી ૧૯૨૪માં તેમની કારકિર્દીમાં એક નવો વળાંક આવ્યો. મદ્રાસ યુનિવર્સિટીમાં નવી ઊભી થએલી લાયબ્રેરીઅનની જગ્યા પર એમની નિમણૂંક થઈ. આ પદ માટે તેમને થોડો કચવાટ તો થયો પણ તે અંગેના વધુ અભ્યાસ અને નિરીક્ષણ માટે એમને ઇંગ્લૅંડ મોકલવાના હતા એટલે તેમણે એ સ્વીકાર્યું અને યુનિવર્સિટી કૉલેજ ઑવ લંડનની સ્કૂલ ઑવ લાયબ્રેરીયનશિપમાં એક વર્ષ અભ્યાસ કરીને ક્રૉયડનની સાર્વજનિક લાયબ્રેરીના અધ્યક્ષ બેરવિક સેયર્સના હાથ નીચે જુદાં જુદાં ખાતાઓમાં તાલીમ લીધી. દરમિયાન ત્યાંની પ્રચલિત વ્યવસ્થાપદ્ધતિઓ સંતોષપ્રદ ન લાગતાં આગવી રીતે તેમાં આમૂલ પરિવર્તન કરવાનો એમણે દૃઢ નિર્ધાર કર્યો. અને તે પ્રમાણે



મદ્રાસ પાછા આવ્યા બાદ પોતે યોજેલી 'કૉલન પદ્ધતિ' અનુસાર ત્યાંની લાયબ્રેરીનાં પુસ્તકોનું અતિ પરિશ્રમપૂર્વક નવેસરથી વર્ગીકરણ કર્યું, જેની ઘણી પ્રશંસા થઈ.

વિચારની એકવાક્યતા મુજબ પૅરેગ્રાફો બાંધી તેમને ક્રમાનુસાર ગોઠવી પુસ્તકની તારવણી કરવાની તેમની પદ્ધતિ આગવી ગણાય છે. મદ્રાસ યુનિવર્સિટી લાયબ્રેરીની ૨૧ વર્ષની સેવા બાદ ત્યાંથી નિવૃત્ત થઈ તેઓ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના નિમંત્રણથી કાશી વિદ્યાપીઠ (બનારસ હિંદુ યુનિવર્સિટી)માં લાયબ્રેરિયન તરીકે જોડાયા. ત્યાંના લગભગ એક લાખ જેટલા ગ્રંથોનું તેમણે દિવસરાત અખંડ પરિશ્રમ કરી એકલે હાથે વર્ગીકરણ કર્યું. પરિશ્રમ કરવાની એમની

શક્તિ અદ્‌ભુત હતી. નોકરી દરમિયાન એમણે ભાગ્યે જ કોઈ રજા લીધી હશે. ૧૯૨૯માં પોતાના લગ્નને દિવસે પણ વિધિ પત્યો કે તુરત નોકરી ઉપર હાજર થઈ ગયા હતા! બીજાનો સહકાર મળે કે ન મળે છતાં પોતાનું કામ સતત જારી રાખવાની ચીવટ અને તમન્ના એમનામાં હતી. હાથ નીચેના માણસો પાસેથી પણ તેઓ અતિ ઉગ્રતાથી કામ લેતા. એટલે એમની સાથે કામ કરવું તે જેવાતેવાનું તો ગજું જ ન હતું.

બે વર્ષ બાદ ત્યારે નવી સ્થપાએલી દિલ્હી યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર સર મારિસ ગ્વાયરે તેમને પોતાને ત્યાં બોલાવ્યા. ત્યાંના તેઓ પ્રથમ લાયબ્રેરિયન હતા. દિલ્હીમાં એમના નેતૃત્વમાં દિલ્હી યુનિવર્સિટી લાયબ્રેરી સાયન્સના અભ્યાસ અને સંશોધન માટે એક મોટું યાત્રાધામ બની રહી હતી. અહીં રંગનાથને 'રીસર્ચ સર્કલ' ઊભું કર્યું અને લાયબ્રેરી સાયન્સના વિષયમાં 'માસ્ટર ઑાવ લાયબ્રેરી સાયન્સ' તથા તેમાં પીએચ. ડી. જેવી અનુસ્નાતક પદવીઓ આપવી શરૂ કરી. જેમ જેમ અન્ય યુનિવર્સિટીઓમાં લાયબ્રેરી સાયન્સનો વિષય શિખવવાની શરૂઆત થવા માંડી તેમ તેમ રંગનાથનની પાસેથી તાલીમ પામેલા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીઓમાં સ્થાન મળવા માંડયું. આ પ્રમાણે લાયબ્રેરી સાયન્સના નિષ્ણાતોનો એક નવો વર્ગ તૈયાર થવા લાગ્યો, અને દેશના સ્વાતંત્ર્યોત્તર વિકાસમાં તેમનો સારો ઉપયોગ થયો. અત્યારે ઔદ્યોગિક સંસ્થાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓમાં લાયબ્રેરી સાયન્સનો વિષય લઈને ઉત્તીર્ણ થએલા ગ્રેજ્યુએટોની મોટી માગ છે. તેઓના ઘડતર માટે રંગનાથને આપેલો પાયાનો ફાળો ઘણો મહત્ત્વનો છે.

એમની આ આગવી કામગીરી બદલ ઈ. ૧૯૪૮માં દિલ્હી યુનિવર્સિટીએ ખાસ કૉન્વોકેશન યોજી એમને 'ડૉક્ટર ઑફ લિટરેચર'ની માનદ પદવી આપી અને ૧૯૫૬માં ભારત સરકારે પદ્મશ્રી બનાવી એમનું બહુમાન કર્યું. 'ફેડરેશન ઈન્ટરનેશનલ ડૉક્યુમેન્ટેશન' નામની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ તેમને માનદ સભ્ય અને ક્લાસીફિકેશન રીસર્ચ કમિટીના પ્રમુખ બનાવીને તથા ૧૯૫૭માં અમેરિકાની પિટસબર્ગ યુનિવર્સિટીએ તેમને ડિ. લિટ.ની ઉપાધિ આપીને એમના કાર્યને બિરદાવ્યું હતું. આ જ રીતે ૧૯૬૨માં એમની ૭૦મી જન્મજયંતી પ્રસંગે એમને 'લાયબ્રેરી સાયન્સ ટુ-ડે' એ નામનો જે સ્મારક-ગ્રંથ અર્પણ થએલો, તેમાં જગતના નામાંકિત પુસ્તકાલય તજ્જ્ઞોએ પોતાના લેખો દ્વારા એમને શ્રદ્ધાભરી અંજલિ આપી હતી. બ્રિટિશ લાયબ્રેરી એસોસીએશનના તેઓ વાઈસ પ્રેસિડેન્ટ હતા. 'યુનેસ્કો'ની લાયબ્રેરી કમિટીમાં પણ તેઓ એક નિષ્ણાત તરીકે નિયુક્ત થયા હતા. યુનિ૦ ગ્રાન્ટ કમિશનમાં પણ લાયબ્રેરી સાયન્સના અભ્યાસક્રમની કમિટીનાતેઓ પ્રમુખ હતા. ૧૯૬૫માં તેઓને સરકારે 'નેશનલ પ્રોફેસર ઑાવ લાયબ્રેરી સાયન્સ' તરીકે નીમ્યા હતા.

જગતભરમાં એમની ખ્યાતિ ફેલાએલી હોઈ એમને વિદેશોમાંથી નિમંત્રણો મળતાં. ઈ. ૧૯૪૮માં ઈંગ્લૅન્ડમાં ભરાએલી રૉયલ સોસાએટીની 'સાયન્ટિફિક ઈન્ફર્મેશન કૉન્ફરન્સ'માં એમણે સક્રિય ભાગ લીધો પછી તેમણે યુરોપ અને અમેરિકાનો પણ પ્રવાસ કર્યો. ૧૯૫૦માં ફરી યુરોપ અને અમેરિકા ગયા. ૧૯૫૬થી તો તેઓ વિદેશોની સેમિનારો અને કૉન્ફરન્સોમાં વધુ પ્રવૃત્ત રહેતા. તે અંગે જગતના લગભગ બધા જ દેશોમાં એમને ફરવાનું થતું અને ત્યાં બધે વિદ્યાર્થીઓ તેમની પાસે હોંશેહોંશે લાયબ્રેરી સાયન્સ શીખતા. ઈ. ૧૯૫૫માં તેઓ સેવાનિવૃત્ત થયા પછી એમણે સકુટુંબ સ્વિટ્ઝર્લૅન્ડમાં ઝ્યુરિખમાં જ રહેવાનું રાખેલું એટલે આવી બધી પ્રવૃત્તિઓમાં રોકાવાનું એમને અનુકૂળ થતું.

ઝ્યુરિખમાં તેમને 'ઇંડિયન સ્ટૅટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ'ના સંસ્થાપક અને નિયામક પ્રોફેસર પ્રશાંતચંદ્ર મહાલનોબિસનો ભેટો થયો. (પ્રો. મહાલનોબિસ ૨૮ જૂન ૧૯૭૨ના રોજ અવસાન પામ્યા.) પ્રો. મહાલનોબિસે રંગનાથનને ભારત પાછા આવી ઇંડિયન સ્ટૅટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટના વિભાગ તરીકે બૅંગલોરમાં લાયબ્રેરી સાયન્સ માટે એક સંશોધન સંસ્થા ઊભી કરી તેના નિયામક તરીકે કામ કરવાનું સૂચવ્યું. જે એમણે માન્ય રાખતાં ૧૯૬૨ના ઑાગસ્ટ માસની ૧૮મી તારીખે બૅંગલોરમાં 'ડૉક્યુમેન્ટેશન રીસર્ચ ઍન્ડ ટ્રેનિંગ સેંન્ટર' નામની સંસ્થાનો જન્મ થયો, અને રંગનાથને જીવનના અંત સુધી તેનું સંચાલન સંભાળ્યું.

રંગનાથનને ભારતીય સંસ્કૃતિ અને ઈશ્વર પ્રત્યે અતીવ શ્રદ્ધા હતી. તેમનું જીવન એટલું તો સાદું હતું કે અજાણ્યાને તો તેઓ મહા કંજુસ જ લાગે. છતાં નિવૃત્ત થયા બાદ અતિ કરકસર કરી બચાવેલા એક લાખ રૂપિયા જેટલી માતબર રકમ એમણે મદ્રાસ યુનિવર્સિટીને 'લાયબ્રેરી સાયન્સ'ના વિષયની 'ચૅર' સ્થાપવા માટે દાનમાં આપી હતી. એમની નિસ્પૃહતાનું એક અન્ય દૃષ્ટાંત પણ નોંધનીય છે. ઈ. ૧૯૫૦માં એમની

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૩૩

હેડકી

હેડકીને આયુર્વેદમાં હિક્કા તથા સાંપ્રત વિજ્ઞાનમાં Hiccough કહે છે. અજીર્ણ, કબજિયાત, ઊર્ધ્વ વાયુ વગેરેને લઇને, ઠંડા-વાસી-રુક્ષ-ભારે અન્નનું વધુપડતું સેવન કરવાથી, ગજા ઉપરનો શ્રમ ને ઉજાગરો કરવાથી, વાયુનું સમ્યગ અનુલોમન ન થવાથી, ધૂળ-રજ-ધુમાડો વગેરે લાંબા સમય સુધી શ્વાસમાં લેવાથી વાયુ ઊર્ધ્વ ગતિ કરી જોશભેર ગળામાંથી નીકળે છે ત્યારે એક વિશિષ્ટ પ્રકારનો અવાજ કરે છે તેને હેડકી કહે છે. હેડકીનો અવાજ આંચકા સાથે આવે છે ત્યારે શરીર ખેંચાય છે અને ધ્રુજી ઊઠે છે. ઉપરાઉપરી હેડકી આવવાથી રોગી બેચેન બની જાય છે. સામાન્ય હેડકી તો પાણી પીતાં બેસી જાય છે, પરંતુ કેટલીક વાર હેડકી દિવસો સુધી મટતી નથી. આ હેડકી ભયંકર છે અને પ્રાયઃ મૃત્યુનું કારણ પણ બને છે.

ઉપચાર

હેડકીમાં વાયુની જે ઊર્ધ્વ ગતિ હોય છે તેને સવળી કરવાની ખાસ જરૂર છે. હેડકી બેઠા પછી અજીર્ણ દૂર થાય અને વાયુ સારી રીતે સવળી ગતિ કરે તે માટે કેટલાક સમય સુધી ચિકિત્સા ચાલુ રાખવી જોઈએ. આ માટે—

(૧) નેતરની સોટીને પથ્થર ઉપર ઘસીને તેનું પાણી પાવું.

(૨) મોરપિચ્છની ભસ્મ હેડકીમાં સારું કામ આપે છે.

(૩) વાયુનું અનુલોમન કરાવવા હરડેનું ચૂર્ણ ફકાવવું. હિંગ્વાષ્ટક ચૂર્ણ, વૈશ્વાનર ચૂર્ણ, શ્વાસકુઠાર રસ, શંખવટી, હિંગ્વાદિ વટી પણ હેડકીમાં સિદ્ધ ઔષધ છે.

(૪) ડૂંટી ઉપર તથા તેની ફરતે હિંગનો જાડો લેપ કરવાથી પણ વાયુની અધોગતિ થઈ હેડકી બંધ પડે છે.

(૫) વાયુના શમન માટે દશમૂલારિષ્ટ કે અભયારિષ્ટ પાવો.

(૬) ઘીમાં હિંગ મેળવી રોગીને ચટાડવી.

(૭) સૂંઠને દૂધમાં લસોટી એનાં એક બે ટીપાં નાકમાં નાખવાં.


(૮) લાંબા સમયની કબજિયાત હોય તો ગરમ પાણીમાં એરંડ તેલ મેળવી તેની એનિમા આપવી. માત્ર દીવેલ કે વાતહર તેલની પિચકારી પણ આપી શકાય.

(૯) ભારે, તળેલા, ઠંડા, વાયડા પદાર્થો ખાવા નહિ.

આ બધા સામાન્ય ઉપચારો છે અને બહુધા અસરકારક પણ. છતાં કારી ન ફાવે તો વધુ પ્રયોગોમાં ન ઊતરતાં નિષ્ણાતની સલાહ લેવી.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

આ માસ (ઑકટોબર-નવેમ્બર)ના આકાશમાં-૭



આકાશના વિશાળ પટમાં ફેલાએલી હોવા છતાં અગિયારમી કુંભ (Aquaius) રાશિના તારાઓનું દર્શન ખાસ આકર્ષણ ધરાવતું નથી, કેમ કે એમાંના બધા તારા ત્રીજા વર્ગથી યે ઊતરતી કક્ષાના છે. કુંભમાંથી પાણી ઠાલવતા પુરુષની આકૃતિની તેમાં કલ્પના છે, પણ આ કલ્પના શાના પર આધારિત છે તેની નિશ્ચિત માહિતી નથી. હા, આ રાશિમાં દેખાતી એક 'એન. જી. સી. ૭૨૯૩'ની સંજ્ઞાથી ઓળખાતી એક વલયાકાર નિહારિકાના આકારને આપણે કુંભમુખની ઉપમા આપી શકીએ ખરા. આ રાશિના તારાઓમાં બબ્બે ત્રણત્રણ તારાની હારમાં કુંભમાંથી વહેતા પાણીનું સૂચન છે. અર્ધુધનિષ્ઠા, શતતારા અને પૂર્વા ભાદ્રપદાનો પોણો ભાગ, એમ આ ત્રણે મળી કુલ સવા બે નક્ષત્રના વિસ્તારનો આ રાશિમાં સમાવેશ છે. જ્યોતિષીઓ કહે છે કે સમગ્ર રાશિચક્ર પર વ્યાપ્ત કાલ-પુરુષના દેહમાં કુંભ રાશિનું સ્થાન એના પગના નળા પર છે. કુંડલીમાં કુંભ-સૂર્યવાળી વ્યક્તિ સંશોધક વૃત્તિવાળી, મોટામનની, મળતાવડી ને માનવતાભરી હોઈ પ્રસિદ્ધિને પામે છે. અબ્રાહમ લિંકન, ચાર્લ્સ ડિકન્સ, જૉન રસ્કિન, ક્લાર્ક ગેબલ, નૃત્યકાર શાંતા રામરાવ વગેરે કુંભ સૂર્યવાળા મનાય છે.

સલાહને લીધે અમેરિકાની એક કંપનીને અમુક ધાતુનું સંશોધન કરવાનું હતું. પણ તે અગાઉ થઈ ગયું હતું અને તેનું સાહિત્ય ક્યાં ઉપલબ્ધ હતું તે રંગનાથને એમને બતાવીને કંપનીની મહેનત અને તે અંગેનો તમામ ખર્ચ બચાવ્યાં હતાં. કંપનીએ એમનું આ ઋણ ચૂકવવા રંગનાથનની આનાકાની છતાં તેમને એક મૂલ્યવાન હીરો ભેટ આપ્યો. રંગનાથને પત્નીની સલાહ લઈ આ હીરો ટ્રિપ્લિકેનમાં આવેલા પાર્થસારથિ મંદિરને અર્પણ કરી દીધેલો.

ગયા વર્ષે સપ્ટેમ્બરની ૨૭મીએ બૅંગલોરમાં એમનું અવસાન થયું. પણ એમણે સર્જેલી શિષ્યપરંપરાએ એમણે આણેલી ક્રાંતિનો વિકાસ જારી રાખ્યો છે. દુનિયાના દરેક વિકાસશીલ તથા વિકસિત દેશોમાં એમના સંખ્યાબંધ શિષ્યો આજે કામ કરતા રહ્યા છે. પુસ્તકાલય વિજ્ઞાનમાં એમના જેવો સર્વગ્રાહી પ્રભાવ તો કોઇએ દાખવ્યો નથી. —પદ્મકાંત ર. શાહ

ભારતના રાષ્ટ્રપતિનું અંગરક્ષકદળ

ગયા માસની ૩૦મી તારીખે જેની દ્વિશતાબ્દી જયંતી નિમિત્તે ટપાલખાતાએ એક ખાસ બહુરંગી ટપાલટિકિટ બહાર પાડી એ, ભારતીય રાષ્ટ્રપતિનું અંગરક્ષક દળ દેશનાં અન્ય બધાં સૈનિક દળોમાં અગ્ર ગણાય છે. બસો વર્ષ પહેલાં બનારસમાં વૉરન હેસ્ટિંગ્સે આ દળનું ગઠન કર્યું ત્યારે તો તેના પર રાજકીય સમારોહની શોભા વધારવા ઉપરાંત યુદ્ધકાર્યની જવાબદારી પણ હતી. અને એ રીતે ગવર્નર જનરલના સેનાપતિ-પદ નીચે અનેક લડાઈઓમાં આ દળે ભાગ પણ લીધેલો. જ્યારે આ ઘોડેસવાર દળની રચના થઈ ત્યારે ઈસ્ટ ઇંડિયા કંપની પાસે બંગાળના સૈનિક સંગઠનોમાં કોઈ ઘોડેસવાર દળ નહોતું, અને ત્યારથી આજ સુધી એ ઘોડેસવાર દળ તરીકે જ રહ્યું છે, પણ ૧૮૦૧–'૨માં ઈજિપ્તમાં, તોપદળની, ૧૮૦૯માં નૌકાદળની ને ૧૮૧૧ પાયદળની કામગીરી પણ તેણે બજાવેલી. ૧૯૪૩માં બીજા વિશ્વયુદ્ધમાં તેણે યંત્રસજ્જિત સૈનિકદળ તરીકે અને '૪૪–'૪૬માં પેરાટ્રુપ (હવાઈ છત્રીદળ)નું કામ પણ કર્યું.



પ્રથમ તો આ દળ 'ગવર્નરની મુગલ સેના'ના નામે ઓળખાતું. પછી ૧૭૮૪માં એને 'ગવર્નર જનરલના અંગરક્ષકો'નું નામ મળ્યું. ૧૯૫૦ થી એ 'રાષ્ટ્રપતિના અંગરક્ષક દળ' તરીકે ઓળખાય છે. આરંભમાં જ્યારે આ દળની રચના થઈ ત્યારે તેમાં બે અફસરો ને ૧૧૨ સૈનિકો

હતા. આજે પણ તેમની સંખ્યા લગભગ એ મુજબ જ છે. ૧૮૪૫માં આ દળમાં અત્યાર સુધીમાં વધુમાં વધુ એટલે કે લગભગ ૨૦૦૦ સૈનિકો હતા.

શિયાળાની ઋતુમાં થતા રાજકીય સમારોહોમાં આ અંગરક્ષકો જે ગણવેષ પહેરે છે તેમાં માથે સોનેરી જરીકામવાળી ભૂરી પાઘડી, છાતી પર પિત્તળનાં ચળકતાં ૧૨ બટન અને જરીભરતવાળું બંધ કૉલરનું લાલચટક અંગરખું, સફેદ પાટલૂન ને તેના પર ગોઠણ સુધીના બૂટ અને 'સ્પર'નો સમાવેશ હોય છે. એમના ઘોડા હમેશાં બદામી રંગના જ હોય છે, જેમની પીઠ પર ભૂરું જીન ને તેના પર ઘેટાના ચામડાનું જીન-પોશ હોય છે. હાથમાં લાલ ને સફેદ પતાકાવાળો ભાલો. આ પતાકામાં પ્રથમ લાલ ને પછી સફેદનો અર્થ છે–'પહેલાં લોહી પછી આત્મસમર્પણ.' કુશળ ઘોડેસવાર, ટૅન્ક અને છત્રીદળની ફરજ બજાવી શકે તેવા પૂરા છ ફૂટની ઊંચાઈવાળા સૈનિકોને જ આ દળમાં લેવામાં આવે છે.

ગણિતગમ્મત

૧, ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૫ એમ ગમે ત્યાં સુધી બેકી સંખ્યામાં વિષમ સંખ્યાઓ લેવી. એવી સંખ્યાઓ નીચે મુજબ વિચત્ર પરિણામ બતાવે છે.

$$(૩) - (૧) = ૨\cdot૧^{૨}$$

$$(૫ + ૭) - (૧ + ૩) = ૨\cdot૨^{૨}$$

$$(૭ + ૯ + ૧૧) - (૧ + ૩ + ૫) = ૨\cdot૩^{૨}$$

$$(૯ + ૧૧ + ૧૩ + ૧૫) - (૧ + ૩ + ૫ + ૭) = ૨\cdot૪^{૨}$$

$$(૧૧ + ૧૩ + ૧૫ + ૧૭ + ૧૯) - (૧ + ૩ + ૫ + ૭ + ૯) = ૨\cdot૫^{૨}$$

...... અને એ પ્રમાણે આગળ ગમે ત્યાં સુધી યોજના થઈ શકે. કારણ સ્પષ્ટ છે.

—એમ. એન. ખત્રી

કલારવિ ટ્રસ્ટ તરફની છઠ્ઠી રંગપૂરણી હરીફાઈનું પરિણામ

ખેદની વાત છે કે આપણા આજના શિક્ષણમાં નજરે કેળવવાની દરકાર જ નથી લેવાતી. દરરોજ નજરે ચડતાં વૈવિધ્ય કે રંગભેદની કોઈ ઊંડી છાપ આપણા વિદ્યાર્થીઓ ઝીલી શકતા જણાતા નથી. ચિત્રકલ્પન અઘરું છે એ ખરું, પણ પરિચિત એવાં સામાન્ય દશ્યોનાં રેખાંકનોમાં માત્ર રંગો જ ભરી આપવાની આ હરીફાઈ હોવા છતાં એમાં કોઈકે બધું કોરું રાખી કેવળ રેખાઓને જ રંગથી ઘૂંટી છે તો કોઈને વાસ્તવમાં કદી જોવા ન મળે એવા રંગો આડેધડ ભરી દીધા છે. શાળાના ચિત્રશિક્ષકો વિદ્યાર્થીઓને કુદરતને નીરખતાં નહિ શીખવતા હોય? એમની નજર બધે ફરે તો છે જ, પણ અવલોકનની દૃષ્ટિ નથી. તુલનાત્મક નિરીક્ષણ વિના આકાર, સપાટી કે રંગના ભેદની પરખ નથી કેળવાતી. ચિત્રકામમાં તો એ એક પાયાની જરૂરિયાત છે જ, પણ રોજિંદા વ્યવહારમાં યે આ ટેવ અનેક રીતે લાભદાયી છે. માધ્યમિક કક્ષા સુધીના અભ્યાસક્રમમાં ચિત્રકામના પાઠ આપવાનો ઉદ્દેશ બધા વિદ્યાર્થીઓને ચિત્રકાર બનાવવાનો નહિ, એમની દૃષ્ટિ અને હાથ પરના કાબૂને ઘડવાનો છે. હરીફાઈમાં મળેલાં ચિત્રો પરથી જણાય છે કે આ ઉદ્દેશ જળવાતો નથી. અને આજના શિક્ષણની આ એક ઊણપ છે. ખેર!

આ વખતે બંને વિભાગમાં પ્રથમ ઈનામને પાત્ર એક પણ ચિત્ર આવ્યું નથી. એટલે તેની નજીકની કક્ષામાં બંને વિભાગને બંને ઈનામોને અરધાં અરધાં કરી આપ્યાં છે. એ રીતે અ વિભાગમાં પહેલું (રૂ ૧૦/–) રાજકોટના ચાવડા ચમન વશરામભાઈ અને વડોદરાના ઝાલા લવજીકુમાર માવજીભાઈની વચ્ચે તથા બીજું ઈનામ (રૂા. ૭/–) ખેડબ્રહ્માના ડાહ્યાભાઈ તેજાભાઈ ઠાકોર અને બિલિમોરાના નીતિનકુમાર ભીખુભાઈ પટેલની વચ્ચે સરખે ભાગે આપ્યું છે.

વ વિભાગમાં પહેલું ઈનામ (રૂા. ૧૫/–) નડિયાદના યાસિન હાસમભાઈ વૈદ્ય તથા ભાવનગરના ગોહિલ હર્ષદરાય ઝવેરભાઈ વચ્ચે અને બીજું ઈનામ (રૂા. ૧૦/–) ઈન્દોરના હરેન્દ્રકુમાર આર. શાહ તથા અમદાવાદના જ્યોતીન્દ્રકુમાર અંબાલાલ પટેલ વચ્ચે વહેંચ્યું છે.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

૨ (૧૪૫૨) ઇંગ્લૅંડના યૉર્ક રાજવંશના છેલ્લા રાજા રિચાર્ડ ત્રીજાનો જન્મ. શેક્સપીઅરના જગવિખ્યાત નાટક 'રિચાર્ડ થર્ડ' પરથી ઇંગ્લૅંડના સૌથી વધુ ગણતરીબાજ કાવતરાખોર ખૂની રાજવી તરીકે એને ઘણી બદનામી મળી છે, પણ હકીકતે એ એવો હતો કે નહિ તે પ્રશ્ન છે.

ઈંગ્લૅંડના ઇતિહાસમાં 'ગુલાબોના વિગ્રહ' તરીકે જાણીતી દીર્ઘ યુદ્ધપરંપરાથી ત્રાસેલી પ્રજાને ઈ. ૧૪૮૫માં બૉસવર્થની લડાઈમાં રિચાર્ડ ત્રીજાને મારીને ગાદીએ આવેલા ટયુડર રાજા હેન્રી સાતમાના શાસન પછી કંઈક શાંતિ મળી તેને પડછે રિચાર્ડના ગુણો હોય તો તે પણ ધોવાઈ-ભૂંસાઈ જાય અને હેન્રી પણ એ બાબતને ઉત્તેજે એ સમજી શકાય તેવું છે. એ જ સમયના જ્હૉન રાઉઝ નામના એક ધર્મગુરુએ લખેલા ઇતિહાસમાં પોતે કરેલી રિચાર્ડની પ્રશંસાને પાછળથી એણે ફરી લખેલા ઇતિહાસમાંથી ઉડાવી દઈને અતિશયોક્તિ કરી ઉમેરેલું કે ખભા સુધી લાંબા વાળ, મોંમાં પૂરા દાંત અને નહોર જેવા તીણા નખ સાથે જન્મેલો રિચાર્ડ ખંધો અને ખૂંધિયો હતો. નિરક્ષરતા, અજ્ઞાન અને વહેમીપણાના એ સમયમાં આવી અસ્વાભાવિક દેહાકૃતિવાળા માણસનું માનસ પણ એવું જ વિકૃત હોય તેમ કલ્પી લેવું ત્યારના લોકમાનસને માટે સરળ હતું. પરંતુ બ્રિટિશ મ્યૂઝિયમમાં સુરક્ષિત રાઉઝના ઇતિહાસની પહેલી અંગ્રેજી પ્રતમાં રિચાર્ડનાં વખાણ આજે યે જોવા મળે છે.

રાઉઝ તો ઈ. ૧૪૯૧માં અવસાન પામ્યો, પણ એણે લખેલા વિકૃત વર્ણનની છાપ ટકી રહી. એની અસર તળે ટૉમસ મોર, એડવર્ડ હૉલ અને રફાએલ હૉલિનશેડે પણ રિચાર્ડનું એવું જ ઘેરું પાત્રાલેખન કર્યું. અને આ બધાની અસર તળે રિચાર્ડના મરણ પછી ૧૦૮ વર્ષે શેક્સપીઅરે લખેલા નાટકમાં એણે વધુ રંગો પૂરીને રિચાર્ડને ખંધો, કાવતરાખોર, ખૂની, ખૂંધિયો, એક પગે લંઘાતો ને વિકૃત હાથવાળો ચીતર્યો. બાર્નેટ અને ટેક્સબરીની લડાઈમાં ૧૯ વર્ષની વયે રિચાર્ડ ત્રીજાએ યુદ્ધકૌશલ દર્શાવ્યાની જે વિગતો મળે છે તે શું આવી દેહવિકૃતિઓ સાથે શક્ય છે? બીજી બાજુ રિચાર્ડને નામે ચડેલાં કાવતરાં અને હત્યાઓની સાબિતી આપતાં અન્ય કોઈ દસ્તાવેજી લખાણો કે એની દેહવિકૃતિ દર્શાવતાં તે સમયનાં કોઈ ચિત્રો મળતાં નથી.

હકીક્ત ગમે તે હશે, પણ ટયુડર શાસનમાં રિચાર્ડ ત્રીજાનાં કાર્યોનું જે વિકૃતિકરણ થયું તેની છાપ શેક્સપીઅરના અજબ પાત્રાલેખનથી ભૂંસાય નહિ તેટલી દઢ બની ચૂકી છે.

સંખ્યામાં ઓછા પણ ચુનંદા તીરંદાજો ને હાથોહાથની લડાઈમાં કુશળ યોદ્ધાઓ સામે પોતાના ૧૦,૦૦૦ના સૈન્ય છતાં કેવળ બેએક કલાકમાં જ પરાજય અને મોત પામનાર રિચાર્ડના બૉસવર્થના યુદ્ધ પછી ઈંગ્લૅંડના ઇતિહાસનું એક નવું જ પ્રકરણ આરંભાયું હતું. લીસેસ્ટરથી ૧૧ માઈલ દૂર બૉસવર્થની એ યુદ્ધભૂમિ અને છેલ્લા હુમલા પહેલાં રિચાર્ડે જેનું પાણી પીધેલું એ 'રિચાર્ડનો કૂવો' હજી સચવાઈ રહ્યાં છે. 'રિચાર્ડ થર્ડ સોસાએટી' નામે એક મંડળ આજે એના જીવન અને કાળ અંગે સંશોધન પણ ચલાવી રહ્યું છે.



રિચાર્ડ ત્રીજો



બૉસવર્થમાં 'રિચાર્ડનો કૂવો'

ઇંગ્લૅંડના ઇતિહાસમાં પલટો આણનાર હૅસ્ટિંગ્સનું યુદ્ધ પણ એક આવો જ બનાવ હતો. ઈ. ૧૦૬૬માં આ ઑક્ટોબર માસમાં જ એ લડાએલું. એ યુદ્ધને ચિત્રિત કરતી બાયેક્સ ટૅપેસ્ટ્રીમાં આ આપત્તિના એંધાણ તરીકે એક ધૂમકેતુનું આલેખન પણ છે. એ હેલીનો ધૂમકેતુ જ હતો. ત્યાર બાદ પણ નિયમિત આવતો રહી છેલ્લે એ ૧૯૧૦માં દેખાએલો, પણ એના એ આગમનનું પ્રથમ દર્શન ઈ. ૧૯૦૯ની આ જ માસની ૨૧મી તારીખે કેમ્બ્રિજની વેધશાળામાંથી થએલું.

૩ (૧૯૨૯) 'યુગોસ્લાવિયા'ની આ નામે સ્થાપના. આ દેશમાં સમાવેશ પામેલા સર્બિયા, ક્રોએશિયા, બૉસ્નીઆ-હર્ઝેગોવિના, મેસિડોનિયા, સ્લૉવેનિયા અને મોન્ટેનેગ્રો ઈ. ૧૯૧૮ પહેલાં અલગઅલગ હતા.



આમાંથી બૉસ્નીઆના સારાજીવોમાં ઑસ્ટ્રીઅન ગાદીવારસ આર્કડયુક ફ્રાંઝ ફર્ડિનાન્ડનું ખૂન થતાં એમાંથી પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ને પરિણામે ઑસ્ટ્રો-હંગેરિયન ને તુર્ક સામ્રાજ્ય ભાંગી પડતાં બાલ્કન પ્રદેશની સ્લાવ પ્રજાના ઐક્યની શક્યતા ઊભી થઈ, અને સર્બ, ક્રૉએત તથા સ્લૉવન પ્રજાના નવા રાજ્યની સ્થાપના થઈ ૧૯૧૮માં સર્બિયાના કિંગ પીટર પહેલાના હાથમાં તેનું શાસન આવ્યું, પણ રાજવહીવટ ચલાવતા એના પુત્ર ઍલેક્ઝાંડરે ૧૯૨૯માં પોતાની સરમુખત્યારી જાહેર કરીને રાજ્યને 'યુગોસ્વાલિયા' નામ આપ્યું.

આ ઍલેક્ઝાંડરનું પણ ૧૯૩૪માં ખૂન થયું ને પીટર બીજાને ગાદી મળી, પણ હકૂમત વડા પ્રધાન પ્રિન્સ પોલની ચાલતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૪૧ના માર્ચમાં એણે ધરી રાજ્યો સાથે સંધિ કરતાં બે-દિવસમાં એની સરકાર ઊથલી પડી. નવી હકૂમતે રશિયા સાથે જોડાણ કર્યું અને સાથી રાજ્યોનાં દળોએ આક્રમણ કરીને એક જ અઠવાડિયામાં યુગોસ્લાવિયા કબજે કરીને ભાગલા પાડી એકબીજાને લડાવી મારવા જેવી જે સ્થિતિ સરજી આમાંથી વિવિધ પ્રતિકાર ચળવળો જાગી. જેમાંના એક દળે સામ્યવાદી જૉસેપ બ્રોઝ ટિટોના નેતૃત્વમાં ૧૯૪૪માં શાસક સૈન્યોને હટાવીને ફરી યુગોસ્લાવિયાનું એકીકરણ કરી 'ધી સોસિયાલિસ્ટ ફેડરલ રીપબ્લિક ઑવ યુગોસ્લાવિયા'ની સ્થાપના કરી. (આ સાથે આપેલા યુરોપના નકશામાં કાળો વિસ્તાર એ આ દેશનો છે.)

આજે એના ૯૮,૭૬૬ ચો. માઈલના વિસ્તારમાં ૨,૦૬,૦૦,૦૦૦ની વસતિ છે. સર્બીઅન ઑર્થોડોક્સ, રોમન કૅથોલિક અને ઈસ્લામ ધર્મ પાળતી મિશ્ર પ્રજા ત્રણ ભાષા બોલે છે. ૮૦ ટકા લોકો ભણેલા છે અને પ્રજાનો ત્રીજા ઉપરાંતનો ભાગ ખેતી કે દ્રાક્ષ યા ઑલિવનાં વાવેતર કરે છે. રાજ્યશાસનમાં ટિટોએ અન્ય સામ્યવાદી દેશો કરતાં ઘણી ઉદાર નીતિ અપનાવી છે. કુલ ૭,૦૫૩ માઈલ લાંબા રેલમાર્ગ, ૪૮૯૩૦મા. ધોરી માર્ગો, ૩૩ ટેલિવિઝન સ્ટેશનો, ૨૩ દૈનિક અખબારોવાળા આ દેશમાં ઘઉં, બટાટા, મકાઈ, જવ, જરદાલુ, સફરજન પકાવવા ઉપરાંત લોખંડ, પોલાદ, સિમેન્ટ, રસાયણો, ખાતર ને કાપડના ઉદ્યોગો સાથે કોલસો, લોઢું, તાંબુ, સોનું ને સીસા જેવી ખનિજ સંપત્તિ છે.

રાજધાની બેલગ્રેડ ઘણું પ્રાચીન હોવા છતાં બબ્બે વિશ્વયુદ્ધોએ કરેલી તારાજી પછી નવું વસેલું છે. બીજું મોટું શહેર ઝેગ્રેબ સાવા નદીને કિનારે સતત વિકસી રહેલું ઔદ્યોગિક નગર છે.

કાંસું, પિત્તળ, ને નીચ નર વણ[વગાડયાં વાજંત;
પણ હેમ ના'વાગે, હ સખી! ઈ વાજે તો ય લાજંત.


કાંગડી ગુરુકુળમાં એકાએક આગ લાગતાં મોટી હોહા મચી રહી. પાસે કૂવો અને રેંટ હોવા છતાં બળદને અભાવે સૌ મૂંઝાતા હતા. કોઈને કંઈ સૂઝતું નહોતું. એક ખૂણે ઊભેલા એક દૂબળા-પાતળા માણસે આ જોયું. દોડીને તે રેંટમાં બળદને સ્થાને જોડાઈ ગયો અને ઝપાટાબંધ રેંટ ચાલુ કર્યો. જોતજોતાંમાં આગ બુઝાઈ ગઈ. બળદને સ્થાને જોડાનાર તે વ્યક્તિ ગુજરાતનું તેજસ્વી રત્ન ભિક્ષુ અખંડાનંદ, જેમણે 'સસ્તું સાહિત્ય' સ્થાપ્યું.

કહેવતોના અર્થ: 'સોનાની કટાર ભેટમાં ખોસાય, પેટમાં નહિ'. કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ ગમે તેટલી મૂલ્યવાન કે પ્રિય હોય તો પણ તેનો ઉપયોગ કે અભિગમ નુકસાન કરવાની હદે જવા ન દેતાં તેની મર્યાદામાં જ થવા દેવો જોઈએ એવો પ્રબોધ કરતી કહેવત.

અનેકાર્થી શબ્દ: ભૂર=અજ્ઞાન માણસ; મૂર્ખ, બોથડ કે જંગલી; રીંછ; રાક્ષસ; ઉન્મત્ત; કામી કે વાસનાવાળું; લુચ્ચું; બેબાકળું કે ગભરાએલું; ડાહ્યું કે જ્ઞાની; સાધારણ કે હલકું; નામશેષ; પૃથ્વી કે જમીન; બાકોરું કે દર; શિયાળાની ઋતુમાં ઉત્તર તરફથી વાતો સૂકો તંદુરસ્ત પવન; સાત લોક પૈકીનો એક લોક; થૂલું, કુશકી કે ફોતરી; લગ્નમાં હસ્તમેળાપ વખતે બ્રાહ્મણોને અપાતી દક્ષિણા; નવરાત્રિમાં કન્યાઓ કરે તે ચંદન-કંકુની પિયળ; એક જાતની ગાય; શક્તિ કે બળ; બહુ કે ઘણું.

ભોજન બાદ નારંગી કે આમળાં જેવાં ખટાશવાળાં ફળ, સફરજન અથવા કાચાં શાકભાજી ખાવાથી દાંતનું આયુષ્ય વધે છે.

પૃથ્વી ઉપર જે જે ધાતુ છે તે બધી જ સૂર્ય ઉપર છે; પણ ત્યાં એટલી બધી ગરમી છે કે તે સર્વ વાયુ રૂપે ત્યાં વિચરે છે.




કલાકાણુકા: ફળના આકાર 'બિસ્મિલ્લા અલ રહેમાન અલ રહીમ'નું અરબી લેખનચાતુર્ય.



પોતાની ધરી પરની પૃથ્વીની દૈનિક ગતિને કારણે કંદુકક્ષેપમાં તમે પશ્ચિમ તરફ દડો ફેંકો તો એ વધુ દૂર જઈ શકે.

ગણિતગમ્મત: એકથી માંડીને કોઈ પણ રકમ સુધીના અંકોનો ક્રમિક સરવાળો જાણવો હોય તો, જે રકમ સુધીનો સરવાળો જાણવો હોય તે છેલ્લી રકમને ૨ વડે ભાગીને જે ભાગાકાર આવે તેને છેલ્લેથી બીજી સંખ્યા સાથે ગુણીને, ગુણાકારમાં તે છેલ્લી રકમ ઉમેરવી. દા. ત. ૧ થી ૮ સુધીનો સરવાળો મેળવવા માટે ૮/૨=૪×૭=૨૮+૮=૩૬.

છત્રી માટેનો અંગ્રેજી શબ્દ Umbrella (અંબ્રેલા) મૂળ ઇટાલિયન ભાષાનો છે. તેનો અર્થ થાય છે. 'છાંયડો.'



ટૂંકી જગ્યામાં જ્યાં ઘરસંસાર સમાવવાનો હોય ત્યાં ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, કોટનાં હૅન્ગર, છત્રી, કપડાં વગેરે ટાંગવાનું આ સાધન બનાવી લેવાથી જગ્યાનો બચાવ થશે. સાથે માપ વગેરે પણ આપ્યા છે જેથી તે ઘેર પણ બનાવી શકાય.